શ્રી ગોવર્ધનલીલાનું રહસ્ય



પ્રા. રમેશભાઇ પરીખ

॥ શ્રીદ્વારકેશો જયતિ ॥
॥ શ્રીહરિદાસવર્ય શ્રીગિરિરાજગોવર્ધનાય નમ: ॥
॥ શ્રીવાક્પતયે નમ: ॥

શ્રીગોવર્ધનલીલાનું રહસ્ય

લેખક

પ્રા. રમેશભાઈ વિ. પરીખ

પ્રકાશક

શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
હરસાનીજી હાઉસ, ૪૧-૪૪, ઊર્મિ શોપીંગ સેન્ટર,
બી. કે. સિનેમાની સામે, મહેસાણા - ૩૮૪ ૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩ ■ ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
Email : shpct@hotmail.com

Shri Goverdhanlilanu Rahsya
by Prof. Rameshbhai V. Parikh

© શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા.

પ્રાપ્તિસ્થાન

શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
હરસાનીજી હાઉસ, ૪૧-૪૪, ઊર્મિ શોપીંગ સેન્ટર,
બી. કે. સિનેમાની સામે, મહેસાણા - ૩૮૪ ૦૦૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩ ● ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫

■

શ્રી વિજયભાઈ એમ. દેસાઈ
(ફક્ત રૂબરૂમાં - સવારે ૧૧ થી સાંજે ૫)
કેમી ઇક્વિપ, દેવકરણ મેન્શન, ૧લા માળે,
૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
ફોન : (૦૨૨) ૨૨૦૧૦૦૮૪, ફેક્સ : ૯૧-૨૨-૨૨૦૬૦૮૫૮

પ્રથમ આવૃત્તિ : ૧૯૯૧ ● બીજી આવૃત્તિ : ૧૯૯૪
ત્રીજી આવૃત્તિ : ૧૯૯૮ ● ચોથી આવૃત્તિ : ૨૦૦૪

પુસ્તક પ્રકાશન સહાય : રૂ.૧૦/-

મુદ્રક
પુષ્ટિ પ્રિન્ટ્સ, ૧૩, જી.આઇ.ડી.સી. ફેઝ-૨, દેદિયાસણ, મહેસાણા.
ફોન : (૦૨૭૬૨) ૨૪૫૩૦૪

સમર્પણ

શ્રીગોવર્ધનધર,

આપ જ સ્વામિનીવલ્લભ શ્રીદ્વારકેશ સ્વરૂપે મુજ રંકની પર્ણકુટિમાં બિરાજો છો. આપ જ શ્રીગિરિરાજજી સ્વરૂપે સ્વત: મુજ આંગણે પધાર્યા છો. આપે જ આપના સ્વકીય ભક્તોની સાથે બેસાડી, આ ગ્રંથ દ્વારા આપના સ્વરૂપ, લીલા અને ગુણની ભાવભાવના કહેવા-ગાવા રતિ, મતિ અને શક્તિ આપ્યાં છે. આપે જ આપના સ્વરૂપમાં રતિ પ્રકટાવી છે. આપને આપની ગૌરવગાથાનું શ્રવણ અતિ પ્રિય છે. આપની આ કથા આપનાં ચરણકમળોમાં સદૈન્ય સમર્પિત કરું છું. કૃપા કરી તેનો અંગીકાર કરજો, પ્રભો!

દાસાનુદાસ
રમેશનાં સદૈન્ય સાષ્ટાંગ દંડવત્ પ્રણામ

પ્રસ્તાવના

'કહત નહિ આવૈ પાર'

શ્રીવાડાસિનોર ગોકુલેશ વૈષ્ણવ સમાજ, મુંબઇ દર વર્ષે 'મણકાના' નામથી વાર્ષિકોત્સવ ઉજવે છે. આ વાર્ષિકોત્સવની વિશેષતા એ છે કે શ્રી ગોકુલેશ પ્રભુનાં વચનામૃતોનું રસપાન કરવા માટે તેઓ યોગ્ય વક્તાઓને આમંત્રે છે અને અનુકૂળતા પ્રમાણે ચારેક દિવસનો પ્રવચનનો કાર્યક્રમ યોજે છે. છેલ્લાં ત્રણેક વર્ષથી તેમના આગ્રહને વશ થઇ, ભગવદ્ વાર્તા કરવા તેમના આ કાર્યક્રમમાં મારે જવાનું થયું હતું.

ગત વર્ષે તેમની ઇચ્છા તેમના સેવનીય પ્રભુ શ્રીગોકુલનાથજી પ્રભુના સ્વરૂપ, લીલા અને ગુણો વિશે શ્રવણ કરવાની હતી. શ્રી ગોકુલેશ પ્રભુની સૃષ્ટિ વિશેષરૂપે અનન્ય આશ્રયથી જીવનારી છે. તેમની જિજ્ઞાસાને ધ્યાનમાં રાખીને શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધમાંની શ્રીગોવર્ધનલીલા વિશે ચાર દિવસની ભગવદ્ વાર્તાનું આયોજન થયું. તે નિમિત્તે શ્રીગોકુલેશ પ્રભુની, શ્રીમહાપ્રભુજીની અને શ્રીગિરિરાજ બાવાની કૃપાથી આ લીલા અંગેના સાહિત્યનો વિશેષ સ્વાધ્યાય કરવાનો પ્રસંગ મને પણ પ્રાપ્ત થયો. શ્રીમદ્ ભાગવતની આ લીલા ઉપર શ્રીમહાપ્રભુજીએ 'શ્રીભાગવતાર્થ પ્રકરણ' અને 'શ્રીસુબોધિનીજી'માં જે પ્રકાશ પાડ્યો છે, તથા અન્ય મહાનુભાવોએ શ્રીસુબોધિનીજી ઉપરની તેમની ટીકાઓમાં જે રહસ્ય પ્રગટ કર્યું છે, તે સૌને યથામતિ વિચાર્યું. સાથે સાથે આપણા મહાનુભાવી ભગવદીયોના કીર્તનસાહિત્યના રસસાગરમાં પણ થોડીક ડૂબકીઓ મારી. આ સર્વ સાહિત્યમાંથી જે અણમોલ રત્નો મળ્યાં, તેની ભગવદ્ વાર્તા કરતાં મને અને સાંભળનાર સૌને ઘણી જ પ્રસન્નતા થઇ.

શ્રીગોવર્ધનલીલા, શ્રીગોકુલનાથજી પ્રભુની મુખ્ય લીલા છે. શ્રીગોકુલનાથજી પ્રભુએ શ્રીગોવર્ધન ધારણ કર્યો હોવાથી આપનું સ્વરૂપ તે પ્રકારનું છે. આપણે જે ઘરના સેવક હોઇએ, તે ઘરમાં બિરાજતા આપણા ગુરુદેવ આપણને સેવા માટે જ્યારે સ્વરૂપ પધરાવી આપે છે, ત્યારે તે સ્વરૂપ તેમના હૃદયમાં બિરાજતા તેમના સેવ્ય ભાવાત્મક સ્વરૂપના ભાવથી પુષ્ટ થયેલું હોય છે. એટલે કે તેમના હૃદયમાં બિરાજતું તેમનું સેવ્ય સ્વરૂપ આપણને પધરાવી આપે છે. તેથી ચતુર્થગૃહના સેવકોના ઘેર તેમના શ્રીગુરુદેવના હૃદયમાં બિરાજતું શ્રીગોકુલનાથજી પ્રભુનું ભાવાત્મક સ્વરૂપ જ બિરાજે છે, તે નિશ્ચિત છે. તેથી ચતુર્થગૃહના વૈષ્ણવો શ્રીગોકુલનાથજી પ્રભુની જ સેવા કરે છે, તે પણ નિશ્ચિત છે. વાસ્તવમાં આપણા ત્યાં બિરાજતું સ્વરૂપ ભલે શ્રીનાથજીનું, શ્રીબાલકૃષ્ણલાલજીનું કે અન્ય કોઇપણ હોય, પણ ભાવાત્મક રીતે તે આપણા શ્રીગુરુદેવનું સેવ્ય સ્વરૂપ છે, એવી ભાવનાપૂર્વક આપણે તેમની સેવા કરીએ છીએ.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે, શાસ્ત્રોને સમજીને શ્રીઠાકોરજીની મન વાણી અને શરીરથી સેવા કરવી અને તેમનું સ્મરણ કરવું. ભક્તિની વ્યાખ્યામાં પણ કહ્યું છે કે ભક્તિ એટલે પ્રભુ પ્રત્યેનો નિઃસ્વાર્થ, સર્વોચ્ચ પ્રેમ. જે પ્રેમ પ્રભુના માહાત્મ્યના શ્રવણ, કીર્તન અને સ્મરણથી સુદૃઢ અને સર્વથી અધિક બને છે. એટલે ભક્તિનું પહેલું પગથિયું પ્રભુના માહાત્મ્યજ્ઞાનનું શ્રવણ, કીર્તન અને ભજન એટલે સેવા કદાપિ છોડવાં ન જોઇએ એવો અભિપ્રાય શ્રીમહાપ્રભુજીએ આપ્યો છે.

આથી આપણા વૈષ્ણવી જીવનમાં સેવા અને સ્મરણનું એક વર્તુળ ગોઠવાયેલું છે. આપણે સવારે સેવા કરીએ છીએ અને સાંજે પણ સેવા કરીએ છીએ. બપોરે અને રાતે સત્સંગ કરીએ છીએ. આમ સેવા-સ્મરણ ફરૂપીર એક ચક્ર જીવનમાં ચાલ્યા કરે છે. સેવાની સાથે સ્મરણ કરવા માટે આપણે ગ્રંથોનો સ્વાધ્યાય કરીએ છીએ.

આ હેતુને ધ્યાનમાં રાખીને શ્રીગોવર્ધનલીલા અંગે થયેલાં પ્રવચનોની મારી નોંધના આધારે આ પુસ્તક તૈયાર થયું છે. શ્રીમહાપ્રભુજી અને શ્રીપ્રભુની કૃપાથી તેમણે જ હૃદયમાં બિરાજીને આ પુસ્તક લખાવ્યું

અને તૈયાર થયું. જે દિવસે પુસતક તૈયાર થયું તે જ દિવસે રાત્રે શ્રીપ્રભુએ પુસ્તકના પ્રકાશન માટેના મનોરથી મોકલી આપ્યા અને તે પણ ચતુર્થ ગૃહના જ. આથી મને ઘણી જ પ્રસન્નતા થઇ અને શ્રદ્ધા દૃઢ થઇ કે શ્રીગોકુલનાથજીએ આ નાનકડા પુસ્તકનો પ્રસન્નતાપૂર્વક અંગીકાર કર્યો છે. તે વિના આવી અનુકૂળતા સિદ્ધ થાય નહિ. આ પુસ્તક પ્રકાશનનો મનોરથ સ્વયં પ્રભુનો છે, એવી શ્રદ્ધા મને પ્રાપ્ત થઇ છે. શ્રીપ્રભુના આ અનુગ્રહ માટે હું સદા સર્વદા આપશ્રીનો ઋણી છું.

આશા છે શ્રીપ્રભુની આ લીલાનું રહસ્ય સમજવામાં આ પુસ્તક સૌ વૈષ્ણવોને ઉપયોગી બનશે.

સંવત્સરોત્સવ, વિ.સં. ૨૦૪૭
(ઈ.સ.૧૯૯૧)

દાસાનુદાસ,
રમેશનાં સદૈન્ય ભગવદ્સ્મરણ.

તૃતીય આવૃત્તિ ટાણે

ત્રણ વર્ષ બાદ અમદાવાદના શ્રી નરેન્દ્રભાઈ સોનીના પરિવારના મનોરથસ્વરૂપે આ પુસ્તકનું પુનઃ પ્રકાશન ઈ.સ. ૧૯૯૪ (વિ.સં.૨૦૫૦) માં થયું હતું.

વિ.સં. ૨૦૫૪ (ઈ.સ. ૧૯૯૮)ના ભાદરવા મહિનામાં મહેસાણા મુકામે સાત દિવસ માટે શ્રીગોવર્ધનલીલા સત્સંગ-સત્ર થયું.

તેના લગભગ દોઢ મહિના પછી જતિપુરામાં આસો વદ ૧૨, સં.૨૦૫૪ (તા.૧૭-૧૦-૯૮)થી શ્રીગિરિરાજ ગુણગાન મહોત્સવ આયોજિત થયો.

તેના ઉપલક્ષ્યમાં આ પુસ્તક પુનઃ પ્રકાશિત થઈ રહ્યું છે.

દાન એકાદશી
વિ.સં. ૨૦૫૪ (ઈ.સ. ૧૯૯૮)

રમેશભાઈ વિ. પરીખ

॥ श्रीगोकुलनाथजी ॥



पाटोत्सव, आषाढ कृष्ण ४.

॥ श्रीमद्गोस्वामी श्रीगोकुलनाथजी ॥ (चतुर्थलालजी)



॥ श्रीमद्गोस्वामी श्रीगोकुलनाथजीना श्रीहस्तथी
लखायला श्रीहस्ताक्षर ॥



ભૂમિકા

ગોવર્ધન ઉત્સવ, અન્નકૂટ અલૌકિક જાનો

શ્રીભાગવત્ શ્રીગોવર્ધનનાથજીનું નામાત્મક સ્વરૂપ છે. શ્રીભાગવતના બાર સ્કંધ શ્રીગોવર્ધનનાથજીનાં બાર અંગો છે. તેના દશમ સ્કંધમાં શ્રીકૃષ્ણલીલાનું વર્ણન કરવામાં આવ્યું છે. દશમો સ્કંધ શ્રીગોવર્ધનનાથજીનું હૃદય છે અને તેની લીલા નિરોધલીલા છે.

શ્રીમહાપ્રભુજીએ 'નિરોધ' શબ્દનો અર્થ સમજાવ્યો છેઃ અહંતા અને મમતાને લઇને આપણે જીવનમાં જડ-ચેતન પદાર્થો સાથે આત્મીયતાના સંબંધો બાંધીએ છીએ. તેથી કામ કરવાનું જે અભિમાન સેવીએ છીએ અને મમતા રાખીએ છીએ, એને લઇને તે અહંતા અને મમતાનો સંસાર ઊભો થાય છે. તે સંસાર મિથ્યા છે. એટલે અહંતા મમતા છોડી, આ સંસારમાંથી આપણું મન પૂરેપૂરું હટાવી લઇ, પ્રભુમાં એ મનને સંપૂર્ણ રીતે જોડી દઇ, પ્રભુમાં તન્મય થઇ જવું, એનું નામ નિરોધ. દશમ સ્કંધની કૃષ્ણલીલાનું શ્રવણ, કીર્તન અને સ્મરણ કરતાં આપણું મન કૃષ્ણસ્વરૂપમાં નિરોધ પામે છે, માટે દશમ સ્કંધની લીલાને 'નિરોધ લીલા' કહે છે.

શ્રીમહાપ્રભુજીએ દશમ સ્કંધ ઉપર 'સુબોધિની' ટીકા લખવાના પ્રારંભ મંગલાચરણના શ્લોકમાં કહ્યું કે મારા હૃદયરૂપી શેષનાગ ઉપર બિરાજમાન, સમસ્ત લીલાપરિકર સહિતના કલાનિધિ પ્રભુને હું વંદન કરું છું. આમ, આ મંગલાચરણથી આપશ્રીએ એમ સૂચવ્યું કે જો વૈષ્ણવો પૂર્ણ ભક્તિથી, શ્રદ્ધાથી અને વિશુદ્ધ બુદ્ધિથી કોઇ પણ જાતના લૌકિક સ્વાર્થની અપેક્ષા વિના આ સ્કંધનું શ્રવણ, કીર્તન અને સ્મરણ કરે, તો તેમના ઉપર કૃપા કરી, કલાનિધિ પૂર્ણપુરુષોત્તમ પોતાના સમસ્ત લીલાપરિકર સાથે તેમના હૃદયમાં સદાયને માટે બિરાજે અને તેમનાં અંતઃકરણમાં આ સર્વ લીલાઓનો અલૌકિક અનુભવ કરાવે.

શ્રીમહાપ્રભુજીએ દશમ સ્કંધના ૯૦ અધ્યાયોને જુદાં જુદાં પ્રકરણોમાં વહેંચી નાખ્યાં છે. તેમાં જન્મ-પ્રકરણ ચાર અધ્યાયનું છે. બીજું તામસ પ્રકરણ ૨૮ અધ્યાયનું છે. ત્રીજું રાજસ પ્રકરણ ૨૮ અધ્યાયનું છે. ચોથું સાત્ત્વિક પ્રકરણ ૨૧ અધ્યાયનું છે અને છેલ્લું ગુણ પ્રકરણ ૬ અધ્યાયનું છે.

શ્રીમહાપ્રભુજીના મતે દશમ સ્કંધના ૯૦ અધ્યાયમાં ૩ અધ્યાયો પાછળથી ઉમેરાયેલા છે. એટલે તેની ગણતરી આ પ્રકરણોમાં કરી નથી, પરંતુ તેમાં ભગવલ્લીલા વર્ણવેલી હોવાથી તેના ઉપર 'સુબોધિની' ટીકા રચી છે.

શ્રીમહાપ્રભુજીએ તામસ, રાજસ, અને સાત્ત્વિક પ્રકરણોનાં પેટા પ્રકરણો વર્ણવ્યાં છે. તામસ પ્રકરણ અને રાજસ પ્રકરણનાં ચાર પેટા પ્રકરણો પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળ પ્રકરણ છે. જ્યારે સાત્ત્વિક પ્રકરણનાં ત્રણ પેટા પ્રકરણ, પ્રમેય, સાધન અને ફળ પ્રકરણ છે. દરેક પેટા પ્રકરણ સાત સાત અધ્યાયનું છે.

મર્યાદામાર્ગમાં અને પુષ્ટિમાર્ગમાં પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળનો વિચાર કરવામાં આવ્યો છે. પ્રભુ અને તેમની લીલાઓની સત્યતા વિવિધ પ્રમાણોથી સિદ્ધ કરવામાં આવે તેને 'પ્રમાણ' કહે છે. પ્રભુ અને પ્રભુની લીલાઓ અલૌકિક છે એવું 'પ્રમેય' શબ્દથી સમજાય છે. પ્રભુ અને પ્રભુની લીલાઓને પ્રાપ્ત કરવા માટે અનેક સાધનો શાસ્ત્રોએ બતાવેલાં છે. આ સાધનો કરવાથી ચોક્કસ ફળ પ્રાપ્ત થાય છે. મર્યાદા-માર્ગમાં, આમ, આ ચારેય બાબતો, અલગ અલગ છે. પુષ્ટિમાર્ગમાં આ ચારેય બાબતો એક જ છે, કારણ કે પુષ્ટિભક્ત માટે પ્રભુનું સ્વરૂપ અને લીલાઓ પોતે જ પ્રમાણરૂપ છે. તેમાં તેનો પૂર્ણ વિશ્વાસ હોવાથી તેને અલગ કોઇ પ્રમાણની જરૂર નથી. પ્રભુ અને પ્રભુની લીલાઓ અલૌકિક હોવાથી પ્રમેયરૂપ પણ છે. પુષ્ટિમાર્ગ કૃપાનો માર્ગ હોવાથી પુષ્ટિપ્રભુ કોઇ સાધનોથી પુષ્ટિભક્તને મળતા નથી. પ્રભુ પોતે જ પુષ્ટિભક્તનું સાધન બની જાય છે. પુષ્ટિભક્તને

પુષ્ટિપ્રભુની પ્રાપ્તિ એ જ પરમ ફળ છે. આમ, પુષ્ટિમાર્ગમાં પ્રમાણ, પ્રમેય, સાધન, અને ફળ એ ચારે પૂર્ણ પુરુષોત્તમ પુષ્ટિપ્રભુ જ છે. માટે દશમ સ્કંધનાં આ પ્રકરણોમાં પ્રમાણ, પ્રમેય, સાધન અને ફળ રૂપે પ્રભુની લીલાઓનું નિરૂપણ છે.

દશમ સ્કંધમાં જન્મ-પ્રકરણ પછી તરત જ તામસ પ્રકરણનું નિરૂપણ છે. લૌકિક અને અલૌકિક બંનેના ખ્યાલો વચ્ચે આકાશ-જમીનનું અંતર છે. લૌકિકમાં તામસ ગુણ નિંદનીય છે. જે ખૂબ ગુસ્સો કરે, લડાઇ-ઝઘડા કરે, ગાળાગાળી કરે, તેને લૌકિકમાં તામસ મનુષ્ય કહે છે. અલૌકિકમાં જે ભક્ત પ્રભુ પ્રત્યે સંપૂર્ણ હઠીલો બની, પ્રભુના સુખમાં જ રચ્યોપચ્યો રહે, પ્રભુ સિવાય અન્ય કોઇ વસ્તુનો સ્વીકાર ન કરે, એવા પ્રભુ પ્રત્યે અત્યંત હઠીલા ભક્તને તામસ ભક્ત કહેવામાં આવે છે. વ્રજમાં અનેક ગોપગોપીઓ છે, જેમાંનાં કેટલાંક નિર્ગુણ ભક્ત છે. તો કેટલાંક તામસ, કેટલાંક રાજસ અને કેટલાંક સાત્ત્વિક ભક્તો છે. તામસ, રાજસ અને સાત્ત્વિક ભક્તોમાં તામસ ભક્તોને વધારે ઉત્તમ કહ્યા છે. આ તામસ ભક્તોમાં પ્રભુ પ્રત્યે રહેલું ભક્તિનું બીજ અંકુર બની પ્રેમ, આસક્તિ, વ્યસન અને સર્વાત્મભાવની અવસ્થાઓને ઉત્તરોત્તર પ્રાપ્ત કરે, તે માટે ભગવાન શ્રીકૃષ્ણે તામસ પ્રકરણના ૨૮ અધ્યાયોમાં વિવિધ લીલાઓ દ્વારા તેમના મનનો નિરોધ દૃઢ કર્યો છે.

તામસ પ્રકરણના ત્રીજા પેટા પ્રકરણને તામસ સાધન પ્રકરણ કહેવામાં આવે છે. તેના ૧૯મા અધ્યાય સુધીમાં પ્રભુએ ચાર લીલાઓ કરી છે. ચાર પ્રકારના તામસ ભક્તો માટે આ લીલાઓ કરવામાં આવી છે, કારણ કે તામસ ભક્તોના પણ ચાર પેટા પ્રકાર છે. (૧) તામસ-તામસ (૨) તામસ-રાજસ (૩) તામસ-સાત્ત્વિક અને (૪) શુદ્ધ તામસ. નંદરાયજીના ઘરમાં રહેતી કુમારિકાઓ તામસ-તામસ ભક્ત છે. તેમનો અંગીકાર ચીરહરણ લીલા દ્વારા પ્રભુએ કર્યો. વ્રજમાં રહેતા બ્રાહ્મણોની પત્નીઓ, તામસ-રાજસ ભક્ત છે. તેમની પાસે યજ્ઞ માટે તૈયાર થયેલાં ભોજન

મંગાવી, તે દ્વારા તેમનો પ્રભુએ અંગીકાર કર્યો. સ્વર્ગના દેવો તામસ-સાત્ત્વિક ભક્ત છે. ગોવર્ધન-યાગ દ્વારા પ્રભુએ તેમનો અંગીકાર કર્યો. નંદરાયજી અને ગોપો પણ તામસ ભક્તો છે. તેથી તેમને વરુણ લોકમાં મોકલી, તે દ્વારા પ્રભુએ તેમનો અંગીકાર કર્યો. ચીરહરણ, યજ્ઞભોજન, ગોવર્ધનલીલા અને વરુણલોકની લીલા જેવાં સાધનો દ્વારા ચારેય પ્રકારના તામસ ભક્તોનો નિરોધ થયો હોવાથી, આ પ્રકરણ તામસ-સાધન પેટા પ્રકરણ કહેવાય છે. આ તામસ-સાધન પ્રકરણના ૨૧મા અધ્યાયથી ૨૪મા અધ્યાય સુધીના ચાર અધ્યાયમાં ગોવર્ધનલીલાનું વર્ણન કરવામાં આવ્યું છે.

એમ કહેવાય છે કે શ્રીશુકદેવજીના હૃદયમાં બિરાજીને ભગવાન શ્રીકૃષ્ણે સ્વયં દશમ સ્કંધ ગાયો છે. દશમ સ્કંધની કૃષ્ણલીલાઓ જેમ શ્રીશુકદેવજીના મુખ દ્વારા પ્રભુએ ગાઇ, તેમ તે લીલાઓ શ્રીસૂરદાસજીના મુખ દ્વારા પણ પ્રભુએ ગાઇ છે. શ્રીસૂરદાસજી જયારે શ્રીમહાપ્રભુજીના શરણે આવ્યા, ત્યારે શ્રીમહાપ્રભુજીએ તેમના ઉપર કૃપા કરીને તેમને દશમ સ્કંધની 'અનુક્રમણિકા' સંભળાવી હતી. શ્રીમહાપ્રભુજીની કૃપાથી, તે સાંભળતાંની સાથે જ તેમના હૃદયમાં સમગ્ર કૃષ્ણલીલાનો અલૌકિક અનુભવ થવા લાગ્યો. જ્યારે જે લીલાનો અનુભવ થયો, ત્યારે તે લીલા પદમાં વર્ણવી. આ પ્રમાણે શ્રીસૂરદાસજીને ગોવર્ધનલીલા પણ પદોમાં વર્ણવી છે. તે પદોની શ્રેણી 'સરસ લીલા'ના નામે પ્રસિદ્ધ છે. આ પદોમાં શ્રીસૂરદાસજીએ શ્રીશુકદેવજી કરતાં પણ વધારે વિગતે 'સમસ્ત ગોવર્ધન લીલાનું અદ્ભૂત નિરૂપણ' કર્યું છે.

શ્રીશુકદેવજી અને શ્રીસૂરદાસજી બંને ભક્તિના ઉત્તમ અધિકારી હતા. બન્નેમાં લૌકિકમાં પૂર્ણ વૈરાગ્ય અને અલૌકિકમાં પૂર્ણ રાગ હતો. બંનેની કીર્તન-ભક્તિ ઉત્તમ પ્રકારની હતી. આથી 'જલભેદ', ગ્રંથમાં જેમ શ્રીમહાપ્રભુજીએ 'અમૃતના સાગર' જેવા ઉત્તમ વક્તા કહ્યા, તેમ શ્રીગુસાંઇજીએ શ્રીસૂરદાસજીને 'પુષ્ટિમાર્ગના જહાજ' કહ્યા છે.

શ્રીશુકદેવજીનો પુષ્ટિપ્રભુની લીલામાં જેટલો અધિકાર છે, તેનાં કરતાં શ્રીસૂરદાસજીનો ઘણો વધારે છે. એનો ખ્યાલ શ્રીશુકદેવજીએ વર્ણવેલી ગોવર્ધનલીલા અને શ્રીસૂરદાસજીએ વર્ણવેલી ગોવર્ધનલીલા પરથી આવે છે. આપણા આ બંને મહાનુભાવોએ વર્ણવેલી ગોવર્ધનલીલાનું સંકલન કરી, એ લીલાનું રહસ્ય તેમની કૃપાથી સમજવાનો પ્રયત્ન કરીશું.

ઘણા વિચારકો એવી રજૂઆત કરે છે કે ગોવર્ધનલીલા સમાજ-સુધારણા માટેની લીલા હતી, પર્યાવરણ જાળવવાની લીલા હતી, અંધશ્રદ્ધા દૂર કરવાની લીલા હતી. કેટલાક તેને રૂપક માને છે. શ્રીમહાપ્રભુજી આ વિચારો સાથે સહમત નથી. શ્રીમહાપ્રભુજીના મતે ભગવલ્લીલા સત્ય છે. ભક્તના નિરોધ માટે, ભક્ત પર કૃપા કરવાના હેતુ માટે છે. તેનાથી કોઇ લૌકિક હેતુ સિદ્ધ થતો હોય તો ભલે, પણ તે માટે આ લીલા થઇ નથી. અલૌકિક પ્રભુની આ લીલા પણ અલૌકિક જ છે, એવી સમજ અને શ્રદ્ધાથી આપણે આ લીલાનું ચિંતન કરીશું.

◆

તાત ગોવર્ધન પજો જાઇ ।
મધુમેવા પકવાન મિઠાઇ બ્યંજન સરસ બનાઇ ॥૧॥
યહ પર્વત તૃણ લલિત મનોહર,ચરેં સુખી સદા ગાઇ ।
કાન્હ કહે સો કીજે ભૈયા હો, મઘવા ગયો હૈ ખિસ્યાઇ ॥૨॥
ભર ભર શકટ ચલે ગિરિ સન્મુખ, અપને અપને ચાય ।
'સૂરદાસ' પ્રભુ આપ બલિ ભોગી, સૈલ રૂપ હરિરાય ॥૩॥

પ્રકરણ : ૧

છોઁડ દેહો સુરપતિકી પૂજા...

આસો માસની નવરાત્રિના દિવસો હતા. વ્રજમાં સૌ થોડા દિવસો પછી આવનારી દિવાળીની તૈયારીઓમાં પડ્યાં હતાં. ત્યારે એક દિવસ યશોદાજીને અચાનક યાદ આવ્યું કે દર વર્ષે કાર્તિક સુદ એકમના રોજ ઈન્દ્રયજ્ઞ કરવામાં આવે છે. તે યજ્ઞમાં ઈન્દ્રને નૈવેદ્યરૂપે અનેક સામગ્રીઓ આપવામાં આવે છે. આ વર્ષે દિવાળી તદ્દન નજીક આવી ગઈ હોવા છતાં, કોણ જાણે કેમ આ ઈન્દ્રયજ્ઞની વાત જ વીસરાઈ ગઈ છે! તેથી તેની કોઈ તૈયારી હજુ સુધી શરૂ થઈ નથી. યશોદાજી આવો વિચાર કરતાં મૂઝાઈ ગયાં. તેઓ ચિંતા કરવા લાગ્યાં કે ટૂંકા સમયમાં એકલા હાથે આ બધી તૈયારી કેમ થશે?

તેમણે એક કુમારિકાને આજ્ઞા કરી : 'બહાર કચેરીમાં કનૈયાના પિતા બેઠા હશે. તું જલદી એમની પાસે જઈને તેમને કહે કે તેઓ જલદી ઘરમાં આવે. હું તેમને બોલાવું છું.'

નંદરાણીનો સંદેશો લઈ કુમારિકા કચેરીમાં નંદબાવા પાસે ગઈ. તેણે નંદબાવાને સંદેશો કહ્યો. નંદબાવાને નવાઈ લાગી કે એવું શું સંકટ ઊભું થયું કે મને કચેરીમાં તેડું મોકલ્યું? તેઓ કુમારિકાની પાછળ જ ઝટપટ નંદભવનમાં આવ્યા.

નંદભવનના અંદરના ખંડમાં યશોદાજી બિરાજ્યાં હતાં. નંદબાવાને ઓરડામાં આવતા જોતાં જ યશોદાજીએ કહ્યું:

'નંદ હિ કહતિ જસોદારાની, સુરપતિ પૂજા તુમ હી ભુલાની ।
યહ ન ભઈ ભલી તુમ્હારી બાની, હૌં ગૃહકાજ રહી લપટાની'

'હે વ્રજરાજ! તમે રાજા થઈને પણ તમારી ફરજ યાદ રાખતા નથી! હું તો ઘરકામમાં રાત-દિવસ એવી લપટાયેલી રહું છું કે બધું ભૂલી જઉં છું. ઉંમર પણ થઈ! તમે પણ હવે મહત્ત્વની વાતો ભૂલી જાઓ છો, તેવું લાગે છે.'

'રાણી! એવી કઈ મહત્ત્વની વાત હું ભૂલી ગયો કે જેને લઈને તમે મને કચેરીમાંથી તાત્કાલિક ઘરમાં બોલાવ્યો છે?'

'આપણે દર વર્ષે કાર્તિક સુદ એકમે ઈન્દ્રયજ્ઞ કરીએ છીએ એ તો તમને યાદ હશે ને? આ વર્ષે એ યજ્ઞ કરવાનું હું અને તમે બંને ભૂલી નથી ગયાં? દિવાળી તો સાવ નજીક આવી પહોંચી છે. આપણે તેની તૈયારી શરૂ નથી કરી. આ ઠીક નથી થયું. દેવોના દેવ ઈન્દ્ર આપણા ઉપર ખિજાશે તો? તમે તો વ્રજના રાજા છો. રાજા તરીકે તમારી પ્રજાને દુઃખ ન પડે તે જોવાની તમારી ફરજ છે. તમે એ ફરજ આ વખતે ચૂકી ગયા છો, તેથી તમને તેની યાદ આપવા માટે મેં તાબડતોબ બોલાવ્યા છે.'

'દેવી! તમે સારું કર્યું કે મને બોલાવ્યો અને ઈન્દ્રયજ્ઞ યાદ કરાવ્યો. હમણાંથી હું પણ રાજના કાજમાં એટલો ખૂંપી ગયો છું કે આપણા કુળદેવતાને જ ભૂલી ગયો. સાચે જ, રાજકાજમાં ખૂંપી મરવું એ અધમતા છે, કારણ કે તેનાથી કુળદેવતા અને તેમનો યજ્ઞ ભુલાઈ ગયો. તમને ધન્ય છે કે તમે આટલાં બધાં ઘરકામમાં પણ એ વાત યાદ કરાવી.'

'નંદ કહ્યો સુધિ ભલી દિલાઈ, હૌં તો રાજકાજ મન લાઈ ।
દિન પ્રતિ કરત યહ અધમાઈ, કુલદેવતા સુરત બિસરાઈ ॥'

'બાવા! હજુ આપણી પાસે એક મહિના જેટલો સમય છે. ઝટપટ તૈયારીઓ શરૂ કરી દો.'

'હા દેવી! આ જ એક ગ્વાલને વ્રજમાં મોકલું છું. વૃષભાનજી, ઉપનંદજી, સનંદજી વગેરે આગેવાન ગોપોને બોલાવી તેમની સભા કરું છું. તમે પણ યજ્ઞની તૈયારી કરવાનું કાર્ય આરંભી દો.'

'ભલે, હું પણ ગોપીઓને બોલાવવા કુમારિકાઓને દોડાવું છું. તમે તમારી તૈયારી કરો, અમે અમારી તૈયારી કરીએ.'

નંદબાવા કચેરીમાં પાછા આવ્યા. તેમણે એક ગ્વાલને આજ્ઞા કરી:

'દોડતા દોડતા આખા વ્રજમાં ફરી વળો. વૃષભાનજી, ઉપનંદજી, સુનંદજી વગેરે બધા આગેવાનોને તથા બીજા જેટલા ગોપ-ગોવાળ મળે તે સૌને સંદેશો પહોંચાડી દો કે હમણાંને હમણાં ગોકુળ આવી જાય. જે કામ કરતા હોય તે પડતાં મૂકીને ગોકુળની દિશામાં તેઓ ચાલવા લાગે.'

'મહેર દિયો એક ગ્વાલ પઠાઈ, ગોપનંદ ઉપનંદ બુલાઈ ।
ઔર આવો વૃષભાન લિવાઈ, તુરત જાહુ તુમ કરો ચઢાઈ ।।'

નંદબાવાનો સંદેશો લઈ ગ્વાલ વ્રજમાં ચારેય દિશાઓમાં દોડ્યા. બીજી બાજુ યશોદાજીએ પણ કેટલીક કુમારિકાઓને બોલાવી આજ્ઞા કરી. 'તમે સૌ જુદી જુદી દિશાઓમાં જાઓ. કીર્તજી વગેરે આગેવાન ગોપનારીઓ અને જે જે ગોપિકાઓ મળે તે સૌને સંદેશો પહોંચાડો કે સો કામ પડતાં મૂકી તુરત જ નંદભવનમાં આવી **પહોંચે**.'

કુમારિકાઓ પણ નંદરાણીનો સંદેશો લઈને દોડ્યાં.

આખાયે વ્રજમાં સૌ ગોપી-ગોપોને પવનવેગે સંદેશો મળ્યો. સૌને નવાઈ લાગી કે નંદરાયજી અને યશોદાજીએ એકસાથે બધાંને ગોકુળમાં કેમ બોલાવ્યાં છે? સૌ સંદેશો લાવનારને પૂછે છે, પણ તેમને ખબર નથી. સૌ અંદરોઅંદર એકબીજાને પૂછે છે, પણ કોઈને સાચા કારણની જાણ નથી. સૌને ચિંતા થાય છે કે ફરી પાછું ગોકુળ ઉપર કોઈ સંકટ તો નથી આવ્યું ને? ગોપીજનોએ ઘરકામ પડતાં મૂક્યાં. ગોપગ્વાલોએ તેમનાં કામ પડતાં મૂક્યાં. જેને જે વાહન મળ્યું તે લઈને સૌ ગોકુળ દોડ્યાં આવ્યાં.

નંદભવનના બહારના ચોકમાં જાજમો અને તેની ઉપર ગાદી-તકિયા પથરાયા છે. ગાલીચા બિછાવાયા છે. નંદરાયજી સૌના આવવાની રાહ જોતા ગાદી-તકિયા ઉપર બિરાજ્યા છે. નંદભવનના દ્વારે ઊભેલા દ્વારપાળો સૌને નીચા નમી, સૌનો સત્કાર કરી, સૌને અંદર મોકલે છે. જોતજોતામાં નંદભવનનો આખો ચોક ગોપ-ગ્વાલોથી ખીચોખીચ ભરાઈ ગયો. નંદરાયજીની એક બાજુએ વૃષભાનજી બિરાજ્યા છે, તો નંદરાયજીની બીજી બાજુએ ઉપનંદજી બિરાજ્યા છે. સૌ આગેવાન ગોપ-ગ્વાલો આગળ બેઠા છે. સૌના મોં ઉપર ચિંતા છવાયેલી છે.

બીજી બાજુ, નંદભવનના બીજા દ્વારેથી ગોપિકાઓનાં ઝૂંડનાં ઝૂંડ નંદભવનની ભીતર જઈ રહ્યાં છે. ભીતરના ચોકમાં સૌને બેસવા માટે ગાદી-તકિયા અને ગાલીચા બિછાવવામાં આવ્યાં છે. યશોદાજીની બાજુમાં રોહિણીજી અને કીર્તિજી બિરાજ્યાં છે. સૌ ગોપિકાઓ નંદરાણીની વાત સાંભળવા આતુર બન્યાં છે.

બંને ઠેકાણે એક જ વાત કહેવામાં આવી: 'આપણે વ્રજવાસીઓએ દેવોના રાજા ઈન્દ્રને આપણા કુળદેવતા માન્યા છે. દર વર્ષે ઈન્દ્ર રાજા આપણાં પશુઓ માટે પૂરતો વરસાદ આપે છે, તેથી ઘાસ, અનાજ અને પાણીનો આપણને તોટો પડતો નથી. ઈન્દ્ર રાજાની કૃપાથી વરસાદ વરસવાથી જે નવું અનાજ પાકે છે, તે અનાજમાંથી આપણે પહેલાં તેમને બલિ આપીએ છીએ. તે માટે તેમનો યજ્ઞ કરીએ છીએ. પછી વધેલું અનાજ તેમના પ્રસાદ રૂપે આપણે બાર મહિના વાપરીએ છીએ. આમ, આપણે સાથે મળી દર વર્ષે કાર્તિક સુદ એકમના રોજ ઈન્દ્રયજ્ઞ કરતાં આવ્યાં છીએ. પરંતુ આ વર્ષે આ વાત આપણે સૌ ભૂલી ગયાં છીએ. દિવસો ટૂંકા છે. તેથી સૌને ઝટપટ તૈયારી કરવા માટે ભેગા કર્યાં છે.'

આગેવાન ગોપોએ કહ્યું: 'બાવા, યજ્ઞની વાત ભૂલાઈ ગઈ એ માટે અમે કાન પકડીએ છીએ. હવે શું કરવાનું છે, તેની આજ્ઞા કરો. એટલે ઝટપટ તૈયારીઓ શરૂ કરીએ. તમે ઈન્દ્રયજ્ઞની યાદ અપાવી, અમારી ઉપર ઘણી કૃપા કરી છે.'

'ગોવાળો! આ ઈન્દ્રયજ્ઞ આપણા માટે નવો નથી. દર વર્ષે કરીએ છીએ, તે બધું કરવાનું છે. તમે જલદી સૌ પહેલાં નૈવેદ્યની બધી તૈયારી કરવા લાગો.'

નંદરાણીએ ગોપિકાઓને એ જ આજ્ઞા કરી. ગોપિકાઓ તો

આનંદમાં આવી જઇ, ત્યાંને ત્યાં જ ઇન્દ્રયજ્ઞની વધાઇ ગાવા લાગી.

‘પૂજા સુનત બહુત સુખ કીનો, ભલી કરી હામસોં સુધ દીનો ।
સૂર ઇન્દ્ર પૂજા અનુસાર, તુરત કરહુ સબ ભોગ સંવાઇ ॥
નંદ મહર ઘર હોત બધાઇ, અતિ આનંદ ઉરમેં ન સમાઇ ।
નેવજ કરત જસોંદા આતુર, અષ્ટસિદ્ધિ ઘરહી અતિ આતુર ॥
સૌ ઇન્દ્ર યજ્ઞના કાર્યમાં લાગી ગયાં.

* * * *

જ્યારથી વ્રજમાં શ્રીકૃષ્ણનું પ્રાગટ્ય થયું છે, ત્યારથી સાક્ષાત લક્ષ્મીજી માળણના રૂપે વ્રજમાં રહીને દરરોજ ઘેર ઘેર ઉત્સવનાં તોરણ બાંધે છે. આથી પ્રત્યેક વ્રજવાસીઓનાં ઘર જાણે કુબેર-ભંડારીઓનો મહેલ હોય, એવાં બની ગયાં છે. નંદભવનમાં નવ નિધિ અને અષ્ટ સિદ્ધિ ઉભરાય છે. આથી કુળદેવતા ઇન્દ્ર રાજાને વધુ રીઝવવા ઉદાર નંદરાણીએ બને તેટલાં વધારે પકવાન તૈયાર કરાવવા માંડ્યાં છે. જેમ જેમ પકવાનો તૈયાર થતાં જાય છે, તેમ તેમ યશોદાજીને એક બીજી ચિંતા થવા લાગી.

‘શ્યામસુંદર સાત વર્ષનો થયો છે. પણ હજુ ઘણો અલ્લડ છે. તેને માખણ-મિસરી, પકવાન ઘણાં ભાવે છે. રોજ ઘરમાં છુપાવીને રાખું છું, તો પણ ચોરીછુપીથી શોધી શોધીને ખાઇ જાય છે. ઘરમાં મેવામિઠાઇ ખાય એમાં તો કોઇ વાંધો નથી. પરંતુ આ તો કુળદેવતાનું નૈવેદ્ય છે. એમાંથી જો તે એકાદ ટુકડો પણ ખાય, તો આ બધાં પકવાન નૈવેદ્ય તરીકે વપરાય નહિ, કુળદેવતા ખીજે. માટે કાનકુંવરથી આ પકવાન કયાં છુપાવી રાખું?’

નંદરાણી આવો વિચાર કરતાં હતાં, ત્યાં જ બહારથી દોડતા દોડતા શ્યામસુંદર માતાની પાસે આવી પહોંચ્યા. માની ગોદમાં બેસી, માના ગાલ ઉપર પ્રેમથી ચુંબન કરી, કાનકુંવર પૂછવા લાગ્યા.

‘મૈયા, તમે શાની તૈયારીઓમાં પડ્યાં છો? ભવનમાંથી સુંદર પકવાનની સુગંધ આવી રહી છે. તમે શું બનાવો છો?’

‘અરે લાલા, તું બહાર ખેલવા જા, હમણાં તારે ભીતર આવવાનું નથી. અમે જે કરીએ છીએ તે સમજવા માટે તું હજુ બાળક છે. તારે તેની ચિંતા કરવાની જરૂર નથી.’

‘મા, હવે હું મોટો થયો છું. એકલો ગાયો ચરાવવા જાઉં છું. માટે આ બધું શું થઇ રહ્યું છે, તે મને કહો.’

‘લાલા! તને કહ્યું ને! તારે અહીં નહીં આવવાનું. અંદર એક મોટા દેવ આવ્યા છે. છોકરાઓને તેઓ ખૂબ બીવડાવે છે. માટે બહાર રમવા જતો રહે.’

‘મા, તારા એ દેવ મને અહીંથી દેખાય છે. મને તેમનો જરાય ડર લાગતો નથી. મા, શું તારા એ દેવ આટલાં બધાં પકવાન એકલા ખાઇ શકશે? શું તારા એ દેવ આટલી બધી તાકાતવાળા છે?’

‘જો, લાલા, દેવની હાંસી ન કરાય. મેં કહ્યું ને બહાર જા. મારી સાથે માથાકૂટ ન કર. મારે ઘણું કામ છે.’

મહરિ સબેં નેવજ લે સેંતત, સ્યામ છૂવે નહિ તાકોં ડરપત ।
કાન્હ હિ કહત યહાં જિન આવે, લરિકન કોં યહ દેવ ડરાવે ॥
મૈયા રી મોહિ દેવ દીખે હૈં, ઇતનો ભોજન વહ સબ ખેવે ।
યહ સુનત ખીજત હૈં નંદરાની, બારબાર સુતકો બિરજાની ॥

* * * *

નંદકુમારે જોયું કે યશોદા મા કોઇ જવાબ આપશે નહિ. માને વધુ ખીજવવાને બદલે તેઓ બહાર કચેરીમાં બિરાજેલા નંદબાવા પાસે ગયા. કચેરીમાં નંદબાવા કેટલાક આગેવાન ગોપો સાથે બેઠા હતા. ઇન્દ્ર યજ્ઞની તૈયારીઓ ચાલી રહી હતી. નંદબાવા સૌને જુદું જુદું કામ સોંપતા હતા. કાનકુંવર ગૂપચૂપ ત્યાં ઊભા રહીને નંદબાવા અને ગોપોની વાત સાંભળવા લાગ્યા.

નંદ નિકટ ગયે કન્હાઇ, સુનત બાત જહાઁ ઇન્દ્ર પૂજાઇ ।
સુરપતિ પૂજા જાન કન્હાઇ, બાર બાર બૂઝત નંદરાઇ ॥

નંદનંદને નંદબાવાને પૂછ્યું: 'બાવા, ઇન્દ્ર કોણ છે? શા માટે આપણે વ્રજવાસીઓ તેનો યજ્ઞ કરીએ છીએ? શા માટે તેને આટલાં બધાં પકવાનોનું નૈવેદ્ય આપીએ છીએ? શું ઇન્દ્ર આટલાં બધાં પકવાનો એકલો ખાઇ શકે? તે એવો બળવાન છે? શું તમે કોઇએ તેને આ બધાં પકવાનો ખાતાં અને તમને આશીર્વાદ આપતાં જોયો છે? બાવા, આપણે આ યજ્ઞ કેમ કરીએ છીએ, તે મારે જાણવું છે.'

નંદનંદન પૂછે છે :

યહ બલિ ભુગતે દેવતા કહા હરે લગકાન ।
તાતે રચિ પચિ કરત હૈં સાક પકવાન ॥
યહ નિશ્ચય કરિ કહો કૌન સો દેવ તુમ્હારો ।
જો ઇતની બલિ ખાય કાજ કહા કરે હમારો ॥
કહા દેવ કો નામ હૈં, કોન લોક કો નાથ ।
ઇકલો હી ભોજન કરે કે લે આપનો ગણ સાથ ॥

નંદબાવા નંદનંદન સામે એકીટસે જોઇ રહ્યાં.

નંદબાવા નંદનંદનને ગોદમાં બેસાડી, ચુચકારી પ્રેમથી સમજાવે છે.

સુનો સ્યામ ચિત્ત લાય દેવ કી કહૌં કહાની ।
આગમ નિગમ પુરાણ કહે ઋષિવર મુનિ જ્ઞાની ॥
સબ સુખનિધિ સુર લોક હૈં કહિયત તાકો ઇસ ।
સેવત હૈ સબ દેવતા જાહિ કોટિ તેત્રીસ ॥

નંદબાવાએ વિશેષમાં વાત કહી:

નંદ હસે મુસકાય કાન્હ સોં કહત સુનાઇ ।
ઇન્દ્રપાક હમ કરત સદા તુમરી કુસલાઇ ॥
તાલતલૈયા સબ ભરે બહુ તૃણ ઉપજે ભૂમિ ।
વૃક્ષ હરિત સબ હોત હે ફુલ લતા રહે ઝૂમિ ॥
અમરાવતી કો રાજ કરત નિસદિન કુસલાઇ ।

ઉર્વસી કો નૃત્ય હોત યાતેં અધિકાઇ ॥
દેવ ઋષિ સ્તુતિ કરત સબ કો ઉમાનત આન ।
યાતેં હમ સબ પૂજહી બરસોં બરસ નિદાન ॥

નંદબાવાએ ઇન્દ્રનો મહિમા ગાયો:

જાકે અનુચર મેઘ બરસ જલ ધરણી પોષે ।
અન્નાદિક ફલફૂલ નિપજ પરજા સંતોષે ॥
બહુ તૃણ ઉપજે પશુનકોં ભરે સરોવર તોય ॥
દેવ દિવારી પૂજિયે તો બ્રજ અતિ સુખ હોય ॥

શ્યામસુંદર નંદબાવાની વાતનો રદિયો આપે છે.

'તબ હરિ કિયો બિચાર મતો એક નયો ઉપાયો ।
ઇનમેં માયા ફેર કિયો, અપનો મન ભાયો ॥
સુનો તાત એક બાત હમારી, માનો જોઇ ।
ગિરિવર પૂજા કીજિયે ઇનતેં સબ સુખ હોઇ ॥
યે પ્રભુ પ્રત્યક્ષ દેવ ભૂલિ કયોં બુદ્ધિ બિસારો ।
વૈકુંઠ ઇન કે માંહી દેવ સબહિન તેં ન્યારો ॥
ગાય ગોપ હમ જાત હૈં પ્રકટે પૂરણ કામ ।
બ્રહ્મા રુદ્ર સનકાદિક સબેં ઇનકો સિર નાંવે ॥
ઇનકી મહિમા અખિલ લોક નિર્મલ ગુન ગાવેં ।
ઐસે પ્રભુ કો છાંડ કે સક્ર હી દેત હો ભોગ ॥
અનેક વિઘ્ન ઇન ટારિયેં, ઇનકો પૂજન યોગ ।

સૌ વિચારમાં પડ્યા. શ્રીશ્યામસુંદરે જોયું કે હજી તેમની વાત વ્રજવાસીઓને પૂરેપૂરી ગળે ઊતરી નથી. આથી શ્રીશ્યામસુંદરે વિશેષ આજ્ઞા કરી :

એક બાત હૌં કહૌં બાવા જો સાઁચિ માનો ।
ઐસે અનુચર કોટિ કોટિ કહિ કહિ બખાનો ॥
અશ્વમેધ સતતેં લહે ઇન્દ્રાસન ભોગ ।

બ્રજરજકણ પાવે નહિ, કોટિ યજ્ઞતપ યોગ ॥
સૌ પ્રભુ અબ હી ચલો તુમ્હેં નિકટ બતાઉં ।
મન ભાવે તબ બોલ, અપને સંગ ખિલાઉં ॥
ગોવર્ધન કી તરહટી હમ બચ્છ ચરાવન જાય ।
અખિલ લોક કે નાથ સોં છાક બાંટ હમ ખાય ॥
બ્રહ્મા સિવ મુનિ રહે તનક પાવે ન બસેરો ।
કોટિ વિઘ્ન અનેક સદા બ્રજબાસીન નેરો ॥
બેદ ઉપનિષદ મેં કહ્યો સો ગોવર્ધન રાય ।
બડરે બૈઠ બિચાર મતો કર ગોધન પૂજો જાય ॥

સૂરદાસજીએ આટલી લીલા ગાઈ.

અહીંથી શ્રીશુકદેવજી આ લીલાનું હવે ગાન આરંભે છે. તેમણે પોતાનું આશ્ચર્ય ૧૯મા અધ્યાયના પહેલા શ્લોકમાં નીચે પ્રમાણે રજુ કર્યું.

ભગવાનપિ તત્રૈવ બલદેવેન સંયુતઃ ।
અપશ્યન્ નિવસન્ ગોપાન્ ઈન્દ્રયાગકૃતોદ્યમાન્ ॥

અર્થ : બળદેવજી સાથે ભગવાને ત્યાં જ વસતા ગોપોને ઈન્દ્રયજ્ઞ માટે તૈયારીઓ કરતા જોયા.

શ્રીમહાપ્રભુજી ‘શ્રીસુબોધિની’માં સમજાવે છે કે વ્રજવાસીઓને ઈન્દ્રયજ્ઞની તૈયારીઓ કરતા ભગવાન શ્રીકૃષ્ણે અને બળદેવજીએ જોયા. તેનું શ્રીશુકદેવજીને મોટું આશ્ચર્ય છે, કારણ કે યજ્ઞની તૈયારીઓ બીજે ક્યાંય નીહ, પણ ગોકુળ ગામમાં થતી હતી! શ્રીશુકદેવજી માને છે કે પ્રેમલક્ષણાભક્તિનું પ્રાગટ્ય-સ્થાન ગોકુળ છે, કારણ કે પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ ગોકુળમાં પ્રગટ થયા છે, તેમણે વ્રજવાસીઓને પ્રેમલક્ષણાભક્તિનું દાન ગોકુળમાં કર્યું છે. પૂતનાવધથી લઈને અનેક લીલાઓ દ્વારા વ્રજવાસીઓનાં મન અહીં જીતી લીધાં છે. તેમણે અલૌકિક સામર્થ્ય અહીં પ્રગટ કર્યું છે. સાથે સાથે તેમણે વ્રજવાસીઓ સાથે અનેક આનંદદાયક લીલાઓ કરીને, પોતાના પ્રત્યે નિઃસ્વાર્થ પ્રેમ પણ વ્રજવાસીઓના મનમાં અહીં જ પ્રગટ કર્યો છે. આવા ગોકુળમાં, આવા પ્રભુના કૃપાપાત્ર બનેલા વ્રજવાસીઓ પ્રભુનો દૃઢ આશ્રય છોડીને ઈન્દ્રનો આશ્રય ચાલુ રાખે તેનું શ્રીશુકદેવજીને મોટું આશ્ચર્ય છે.

શ્રીશુકદેવજીને અહીં બીજી વાતનું પણ આશ્ચર્ય છે. ગોકુળમાં કેવળ ભગવાન શ્રીકૃષ્ણ જ બિરાજતા નથી. શ્રીકૃષ્ણની સાથે ધર્મસ્વરૂપ શ્રીબળદેવજી પણ બિરાજે છે. જયાં ધર્મ સાક્ષાત શ્રીબળદેવજી સ્વરૂપે પ્રગટ હોય, ત્યાં ધર્મથી વિરુદ્ધ અન્ય દેવનો આશ્રય કરવાની વાત કેમ ચાલી શકે? શ્રીશુકદેવજીને આશ્ચર્ય થાય છે કે આવું કેવી રીતે બને છે?

શ્રીશુકદેવજીને અહીં એક ત્રીજી વાતનું પણ આશ્ચર્ય છે. ગોકુળમાં ભગવાન શ્રીકૃષ્ણને પ્રગટ થયે સાત વર્ષ થયાં છે. બળદેવજી તો તેથી પણ પહેલાં ગોકુળમાં પધાર્યા છે. આ વ્રજવાસીઓ શ્રીકૃષ્ણ-બળદેવજીના પ્રાગટ્ય પહેલાં ઈન્દ્રયજ્ઞ કરતા હતા તે સમજી શકાય, કારણ તેમને શ્રીકૃષ્ણનો અનુભવ ન હતો. પરંતુ શ્રીકૃષ્ણ-બળદેવજીના પ્રાગટ્ય પછી પણ તેમનો તે ઈન્દ્રયજ્ઞ સાત સાત વર્ષથી ચાલતો આવ્યો તે પણ નવાઈની વાત છે. શ્રીશુકદેવજીના મનમાં પ્રશ્ન છે કે ભગવાન શ્રીકૃષ્ણ અને ધર્મસ્વરૂપ શ્રીબળદેવજીએ આ સાત વર્ષમાં વ્રજવાસીઓને ઈન્દ્રયજ્ઞ કરતાં કેમ ન રોક્યા? હવે સાત વર્ષ પછી કેમ રોકે છે?

શ્રીશુકદેવજી પરોક્ષ રીતે અહીં એમ પણ પૂછે છે કે ભગવાન શ્રીકૃષ્ણ સર્વ જીવાત્માઓના બુદ્ધિપ્રેરક છે, ત્યારે પોતાના કૃપાપાત્ર આ વ્રજવાસીઓની બુદ્ધિ ભગવાને આટલાં વર્ષમાં કેમ ન બદલી?

આ સર્વ પ્રશ્નોને લઈને શ્રીશુકદેવજી આ શ્લોકમાં પોતાનું આશ્ચર્ય વ્યક્ત કરે છે કે પુષ્ટિભક્તિનું પ્રાગટ્યસ્થાન એવા ગોકુળમાં, ધર્મસ્વરૂપ શ્રીબળદેવજી બિરાજતા હોવા છતાં અને સાથે સાથે દેવ, ઈન્દ્રના પણ ઈન્દ્ર એવા પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ સ્વયં બિરાજતા હોવા છતાં ભગવાનનાં કૃપાપાત્ર આ વ્રજવાસીઓ ઈન્દ્રયજ્ઞ કેમ કરે છે?

શ્રીશુકદેવજીના આશ્ચર્યયુક્ત આ પ્રશ્નોના જવાબ શ્રીમહાપ્રભુજી

‘સુબોધિની’માં આપે છે. શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે જો ભગવાને વ્રજવાસીઓની બુદ્ધિ પોતાના કૃપાબળે બદલી નાખી હોત, તો આ લીલા દ્વારા ભગવાન શ્રીકૃષ્ણ વ્રજવાસીઓનો જે નિરોધ દૃઢ કરવા માગે છે તે થઇ શક્યો ન હોત. લૌકિકમાં પણ ચમત્કાર વિના નમસ્કાર ઓછા સંભવે છે. તેથી પ્રભુ આ અદ્‌ભૂત લીલા દ્વારા વ્રજવાસીઓના મનમાંથી બીજા સર્વ તરફની આસક્તિ દૂર કરવા માગે છે અને પોતાનામાં પૂર્ણ આસક્તિ પ્રગટ કરવા માગે છે. માટે પ્રભુએ આપોઆપ ગોપોની બુદ્ધિ આ પ્રસંગમાં બદલી નથી.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે જયાં સુધી જ્ઞાન ન જન્મે, ત્યાં સુધી ભગવાનની અલૌકિક વાત આપણે સમજી શકતા નથી. તે જ પ્રમાણે વ્રજવાસીઓએ ઇન્દ્રયજ્ઞ કરવો જરૂરી નથી, એવું જ્ઞાન ન થાય ત્યાં સુધી તેઓ ભગવાનની વાતને બાલિશ ગણી હસી કાઢે અને સ્વીકારે નહિ. આમ થતાં વ્રજવાસીઓને ભગવદ્-આજ્ઞાનો અસ્વીકાર કરવાનો અપરાધ લાગે. વળી, તેમનો ઇન્દ્ર પ્રત્યેનો આશ્રય પણ છૂટે નહિ.

શ્રીમહાપ્રભુજી ત્રીજી વાત સમજાવે છે કે પ્રભુ પોતાના સ્વરૂપબળથી ભક્તોનો એક જ સમયમાં પૂર્ણ નિરોધ કરી લે, તો જે અલૌકિક રસ પ્રગટ કરવો છે તે ન થાય. આથી પ્રભુએ પ્રગટ થતાંની સાથે એકસામટી બધી લીલાઓ કરી નથી. પ્રભુએ ક્રમશઃ એક પછી એક લીલા કરીને વ્રજવાસીઓના નિરોધને ઉત્તરોત્તર દૃઢ કર્યો છે.

વ્રજની ગોપિકાઓનો નિરોધ થવો, ગોપોના કરતાં વધુ સરળ છે, કારણ કે ગોપિકાઓ સ્ત્રીજન હોવાથી તેમનામાં સ્નેહ અને સમર્પણ વધુ સ્વાભાવિક અને સહજ છે, જયારે ગોપો પુરુષ હોવાથી તેમનામાં સ્નેહ અને સમર્પણ આટલાં સ્વાભાવિક અને સહજ નથી. તેથી શ્રીકૃષ્ણે અગાઉના તામસ-પ્રમેય પ્રકરણમાં કરેલી લીલાઓ દ્વારા પોતાના માહાત્મ્યજ્ઞાનનો ઉદય કર્યો હતો. ગોપો પ્રભુના માહાત્મ્યજ્ઞાનને હવે બરાબર સમજે છે. એટલે હવે પ્રભુમાં તેમનો સ્નેહ સુદૃઢ અને સર્વથી અધિક કરવાનું કાર્ય સરળ છે, માટે પ્રભુએ પોતાનું માહાત્મ્યજ્ઞાન સુદૃઢ કરવા માટે સાત વર્ષ સુધી રાહ જોઇ છે.

શ્રીમહાપ્રભુજી આ ચાર અધ્યાયોમાં વર્ણવેલી ગોવર્ધનલીલાનું રહસ્ય સમજાવતાં ૧૯મા અધ્યાયના પ્રારંભમાં ચાર કારિકા (શ્લોક)થી આ લીલાનાં ચાર કારણો આપે છે, જે નીચે પ્રમાણે છે.

(૧)આપણા સ્વાર્થ માટે અથવા આપણા સુખ માટે અથવા આપણા દુ:ખને દૂર કરવા માટે આપણે જે કર્મો કરીએ, તે હેતુક કર્મો કહેવાય છે, કારણ કે કોઇને કોઇ હેતુ સિદ્ધ કરવા માટે તે કર્મો કરવામાં આવે છે. હેતુક કર્મ હમેશાં સકામ હોય છે. જયારે વેદશાસ્ત્રોએ મનુષ્યોને તેમના વર્ણ અને આશ્રમ પ્રમાણે કેટલાંક કર્મો-ફરજો બતાવ્યાં છે. તે કર્મ સકામ નથી. પરંતુ જીવનની ફરજોના ભાગરૂપ છે. એવાં કર્મોને વૈદિક કર્મો કહેવામાં આવે છે. ધર્મશાસ્ત્રોએ આવાં કર્મો પોતાના સ્વાર્થના હેતુથી ન કરતાં પ્રભુપ્રીત્યર્થે કરવાનું કહ્યું છે. માટે ભક્તોએ કદાપિ હેતુક કર્મ કરવાં નહિ. એવો બોધ ભગવાન પોતાના સ્વજન જેવા વ્રજવાસીઓને આપવા માટે આ લીલા કરે છે. ઇન્દ્રયજ્ઞ વ્રજવાસીઓ તેમના સ્વાર્થ માટે કરતા હતા. તેથી તે હેતુક કર્મ છે. વેદશાસ્ત્રોમાં ગોપાલકો અને ખેડૂતોને આવો યજ્ઞ કરવાનું કોઇ વિધાન મળતું નથી. માટે ઇન્દ્રયજ્ઞ વૈદિક કર્મ નથી. એટલે ભગવાને ઇન્દ્રયજ્ઞ બંધ કરાવવા આ લીલા કરી.

(૨) ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું કે જેમ મનુષ્યોએ શાસ્ત્રના નિયમો પ્રમાણે પોતપોતાનાં કર્મો કરવાં જોઇએ અને શાસ્ત્રોની મર્યાદામાં રહીને જીવન જીવવું જોઇએ, તેમ દેવોએ પણ એ શાસ્ત્રમર્યાદા પાળવી જોઇએ. સકામ બુદ્ધિથી થતા ઇન્દ્રયજ્ઞનો બલિ દેવરાજ ઇન્દ્રથી સ્વીકારી શકાય નહિ, કારણ કે તે વૈદિક યજ્ઞ નથી. ઇન્દ્ર સ્વયં સત્ય ગુણનું સ્વરૂપ છે. તે પોતાની પદવીથી અભિમાન કરી બેસે અને અભિમાનવશ બની શાસ્ત્રોની મર્યાદા તોડે તો, તેને દંડ મળવો જોઇએ. તેના ઉપર કૃપા કરવા માટે તેનું અભિમાન ઉતારવું જોઇએ. આ હેતુથી ભગવાને આ લીલા કરી છે.

(૩)ભગવાન દેવોના પણ પક્ષપાતી છે. સ્નેહીજનો જ હમેશાં કડવું સત્ય કહે છે. માતા બાળકના સ્વાસ્થ્ય માટે કડવી દવા ખાય છે, તેમ પ્રભુએ કેવળ ઈન્દ્રનું જ નહિ, પણ સર્વ દેવોનું ધ્યાન ખેંચવા માટે આ લીલા કરી હતી કે તમારા રાજા ઈન્દ્રની જેમ અભિમાની બનશો નહિ, શાસ્ત્રમર્યાદા તોડશો નહિ. આ લીલાનાં દર્શન કરાવી પ્રભુને તેમના ઉપર અનુગ્રહ કરવો હતો, તેથી આ લીલા થઇ.

(૪)વ્રજવાસીઓ તામસ ભક્તો હતા, જ્યારે દેવો સાત્ત્વિક ભક્તો હતા. તામસ અને સાત્ત્વિક ભક્તોનો તેમના સ્વભાવને અનુરૂપ સાધનો દ્વારા ઉદ્ધાર કરવા માટે ભગવાન શ્રીકૃષ્ણે આ લીલા કરી હતી.

આમ, શ્રીમહાપ્રભુજીએ 'સુબોધિની'માં આ લીલા પાછળ રહેલો પ્રભુનો હેતુ સમજાવી શ્રીશુકદેવજીના આશ્ચર્ય અને પ્રશ્નોનો સુંદર ખુલાસો આપ્યો છે.

શ્રીશુકદેવજી મહારાજ ગોકુળમાં નંદદરબારમાં જાણે ઉપસ્થિત છે. તેઓ નંદદરબારમાં પધારેલા સાત વર્ષના સાંવરિયાનાં દર્શન કરી રહ્યા છે. બ્રહ્માજી અને ઈન્દ્ર જેવા દેવોને આ સાત વર્ષનો સાંવરિયો પ્રાકૃત કૃષ્ણ લાગ્યો હતો, પરંતુ શ્રીશુકદેવજી ભગવદ્-ભક્ત હોવાથી તેમને સાત વર્ષના નંદનંદનમાં સાક્ષાત પ્રભુનાં દર્શન થાય છે. એ દર્શન કરતાં તેમને પ્રભુની ત્રણ શક્તિઓ પણ દેખાય છે. (૧) પ્રભુ અભિજ્ઞ એટલે સંપૂર્ણ જ્ઞાની છે. પ્રભુથી કશું જ છુપું નથી. (૨) પ્રભુ સર્વના આત્મા છે. (૩) પ્રભુ સર્વદર્શન છે એટલે કે સર્વના મનમાં ચાલતા ગુપ્તમાં ગુપ્ત વિચારને જાણનારા અંતર્યામી છે. પ્રભુથી કશું જ છુપાવી શકાતું નથી. આવા ભગવાન, શ્રીકૃષ્ણ સ્વરૂપે નંદદરબારમાં પધાર્યા છે. ત્યાં થતી લીલાનું વર્ણન શ્રીશુકદેવજી નીચેના શ્લોકમાં કરે છે :

તદભિજ્ઞોપિ ભગવાન સર્વાત્મા સર્વદર્શનઃ ।
પ્રશ્રયાવતનો પૃચ્છદ્ વૃદ્ધાન્ નંદપુરોગમાન્ ॥

અર્થ : ભગવાન પોતે જ્ઞાની, સર્વાત્મા અને સર્વદર્શન એટલે કે અંતર્યામી હોવા છતાં નંદબાવા અને વિદ્વાનો પાસે જઇને નમસ્કાર કરીને પ્રશ્ન પૂછે છેઃ

શ્રીશુકદેવજી કહે છે, શ્રીકૃષ્ણ સ્વયં ભગવાન છે, બધા જ મહા દેવો અને દેવો તેમની આજ્ઞામાં રહેનારા છે. તેમને હમેશાં વંદન કરનારા છે. ભગવાન સૌનાં વંદન ઝીલે છે. પણ કોઇને વંદન કરતા નથી. આવા ભગવાન, શ્રીકૃષ્ણ સ્વરૂપે નંદદરબારમાં સૌ વડીલોને વિનયપૂર્વક પ્રથમ પ્રણામ કરે છે અને પછી પ્રશ્ન કરે છે. ભગવાન સૌને વંદન કરે, એનું પણ શ્રીશુકદેવજીને આશ્ચર્ય થાય છે.

શ્રીશુકદેવજીના આ આશ્ચર્યનો જવાબ શ્રીમહાપ્રભુજી આપે છે. શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે દુનિયામાં કોઇ વ્યક્તિ ન કરવા જેવું અયોગ્ય કામ કરતી હોય, ત્યારે તેને હુકમ કરીને આગ્રહ કરીને, અટકાવવી એ અઘરું કામ હોય છે. આવા સંજોગોમાં એ વ્યક્તિને આત્મીયતાપૂર્વક વિશ્વાસમાં લઇને સમજાવવામાં આવે, તો તે વ્યક્તિ અયોગ્ય કામ કરતી અટકી જાય છે. આત્મીયતાથી અયોગ્ય કામ અટકાવવું સહેલું છે, પરંતુ આગ્રહ અને આદેશથી અટકાવવું અઘરું છે. તેથી અહીં શ્રીકૃષ્ણ, ભગવાન સ્વરૂપે વ્રજવાસીઓને આદેશ આપીને કે આગ્રહ કરીને ઈન્દ્રયજ્ઞ ન કરવાની આજ્ઞા કરતા નથી, પરંતુ તેમના પુત્રસંબંધે આત્મીયતાથી ઈન્દ્રયજ્ઞ ન કરવા સમજાવવા તત્પર થયા છે. તેથી તેઓ પુત્રસંબંધે વડીલોને પ્રણામ કરે છે. પ્રણામની ચેષ્ટા દ્વારા તેઓ વડીલોનાં મન જીતી લે છે.

ભગવાન પોતાની લીલાઓ દ્વારા આપણને પણ જીવન-વ્યવહાર શીખવે છે. કોઇની પાસે કામ કેવી રીતે કરાવાય તેની રીત શ્રીકૃષ્ણે અહીં સ્વયં આપણને બતાવી છે. વંદન કરનારની વાણી સૌ ધ્યાનથી સાંભળે છે, અને વિચારે છે. માટે હંમેશાં સૌની સાથેના વ્યવહારમાં બે હાથ જોડીને રાખવા.

ભગવાન શ્રીકૃષ્ણે નંદબાવા વગેરે વડીલોને પાંચ શ્લોકથી પ્રશ્ન કર્યો, પ્રશ્ન કરતાં પહેલાં શ્રીકૃષ્ણે વડીલોને કહ્યું: 'મારા આ પ્રશ્નોના તમારે જવાબ આપવા પડશે. મને નાનો બાળક ગણી, તમે મારા પ્રશ્નોને હસી કાઢશો તો નહિ ચાલે. મારા પ્રશ્નોના જવાબ તમારે ગંભીરતાથી આપવા જોઇએ. તે માટે ત્રણ કારણો છે. સૌ પહેલાં તમે આ ત્રણ કારણો જાણી લો. (૧) કોઇ વ્યક્તિ જ્યારે જાણવાની જિજ્ઞાસાથી પ્રશ્ન કરે, ત્યારે તેના પ્રશ્નોના જવાબ તેને સરખી રીતે મળવા જોઇએ. (૨) સંત પુરુષોથી કશું છુપાવવા જેવું હોતું નથી. કારણ કે સંત પુરુષો શાસ્ત્રોની આજ્ઞાથી જુદી રીતે વર્તન કરતા હોતા નથી. મારે મન તમે સૌ એવા સંત પુરુષો છો. એટલે તમારે કશું પણ છુપાવવા જેવુ નહિ હોય. વળી, તમે એમ કહો કે અમારે છુપાવવા જેવું કંઇ નથી, પરંતુ શાસ્ત્રની ગૂઢ વાત નાના બાળક તરીકે મને ન સમજાય, તો મારે તમને એટલું જ કહેવાનું છે કે તમે જે કંઇ કરી રહ્યા છો, તે શાસ્ત્રમાં ક્યાંય આવતું નથી. શાસ્ત્રની વાત કદાચ મને ન સમજાય, પણ લૌકિક વાત તો હું સમજી શકું તેમ છું. (૩) શાસ્ત્ર કહે છે કે જે સમજીને કર્મ કરે છે તેને તે કર્મનું ફળ મળે છે, પરંતુ અણસમજમાં કરેલાં કર્મનું ફળ મળતું નથી. માટે મારે જાણવું છે કે તમે જે કાર્ય કરવા ભેગા થયા છો તે અણસમજથી તો કરતા નથી ને? આ ત્રણ કારણોને લઇને તમારી પાસે હું જવાબ મેળવવા પ્રશ્ન પૂછું છું.'

શ્યામસુંદરની સમજ ભરેલી, સ્નેહપૂર્ણ વાણીથી સૌ રાજી થયા. સૌએ હકારમાં માથું હલાવી, જવાબ આપવાની સંમતિ આપી. પછી શ્યામસુંદરે સૌની સામે એક જ પ્રશ્ન રજૂ કર્યો, 'તમારું આ અનુષ્ઠાન વેદમાં બતાવ્યા પ્રમાણેનું વૈદિક છે? અથવા સ્મૃતિઓમાં બતાવ્યા પ્રમાણે સ્માર્ત છે? કે દુનિયાની પરંપરા મુજબનું લૌકિક છે?'

શ્રીમહપ્રભુજી આજ્ઞા કરે છે કે ભગવાનના આ પ્રશ્નમાં વ્રજવાસીઓ પ્રત્યે ઉપહાસ છે, છતાં તેમાં બાલભાવ હોવાથી વ્રજવાસીઓને તે

ઉપહાસજનક લાગ્યો નથી. જયારે શ્રીભાગવતના ચોથા સ્કંધમાં ધ્રુવજીએ તેમની ઓરમાન માતા અને પિતાને પ્રશ્ન કર્યો, ત્યારે પ્રશ્ન બાળ ધ્રુવજીએ કર્યો હોવા છતાં તેની તીખાશ અને તેનો ઉપહાસ માતા-પિતાને સ્પર્શી ગયાં હતાં. અહીં ભગવાનનો આ પ્રશ્ન કોઇને ઉશ્કેરતો નથી, પરંતુ વિનંતી કરતાં કહે છે.

શાસ્ત્રોએ બતાવ્યું કે આપણે બીજાઓ સાથેના વ્યવહારમાં સત્ય તો બોલવું જોઇએ, પરંતુ તે સત્ય મીઠાશપૂર્ણ હોવું જોઇએ. કડવું નગ્ન સત્ય રજૂ કરીને બીજાને ઉશ્કેરવા કે દુ:ખી કરવા તે બરાબર નથી. એક ગુજરાતી કવિએ આ જ વાત સમજાવતાં કહ્યું: 'કાણાને કાણો નવ કહીએ, ધીરે રહીને પૂછીએ શાથી ખોયાં નેણ?'

શ્રીકૃષ્ણના આ પ્રશ્નોના જવાબ નંદબાવા સ્વયં ચાર શ્લોકથી આપે છે. નંદબાવાએ ચાર શ્લોકથી ઇન્દ્રયજ્ઞ કરવાનાં ચાર કારણો બતાવ્યાં છે. તેમણે તેમની સમજ સરળતાથી, સહજતાથી અને સ્નેહથી રજૂ કરી.

નંદનંદનને શ્રીનંદરાયજી ઇન્દ્રયજ્ઞ કરવાનાં ચાર કારણો કહે છે:

'(૧) ઇન્દ્ર વરસાદના દેવ છે. વરસાદથી અનાજ પાકે છે. પશુઓ માટે ઘાસ ઊગે છે અને ભરપૂર પાણીથી જળાશયો ભરાયેલાં રહે છે. આમ ઇન્દ્ર અન્ન વગેરેના આપનારા હોવાથી તે જ આપણા ભગવાન છે. આપણે આહીર જાતના ગોવાળ છીએ. ઘાસ અને અનાજ ઉપર જીવનારા છીએ. તેથી ઇન્દ્ર, આપણને મબલખ અનાજ, ઘાસ અને પાણી આપી આપણા ઉપર ઉપકાર કરનારા છે. તેમના ઉપકારનો બદલો વાળવો એ આપણી ફરજ છે. માટે તેમણે આપેલ અન્ન, પહેલાં યજ્ઞ દ્વારા તેમને અર્પણ કરી, બાકીનું આપણે બારે માસ વાપરીએ છીએ.

(૨) ઇન્દ્ર તેના બારે મેઘ દ્વારા વરસાદ વરસાવે છે. આ બાર મેઘ ઇન્દ્રનાં બાર અંગો છે. તેથી બાર અંગવાળા ઇન્દ્રને યજ્ઞ વડે તૃપ્ત કરવાથી આપણે સુખી રહીએ છીએ.

(૩) યજ્ઞ દ્વારા ભગવાન ઈન્દ્રને નવું પાકેલુ અન્ન અર્પણ કરી, તેના પ્રસાદરૂપે બાકી રહેલા અન્નનો ઉપયોગ કરવાથી આપણા ધર્મ, અર્થ અને કામ પુરુષાર્થો સિદ્ધ થાય છે.

(૪) સમાજમાં એવી માન્યતા છે કે પરંપરાથી જે ધર્મકાર્યો થતાં હોય તે બંધ કરવાથી દેવ રૂઠે છે. વળી, આવાં ધર્મકાર્યો બંધ કરવાનાં ચારેક કારણો હોય છે.

તેમાં પહેલું કારણ છે કામેચ્છા. આપણને જીવનના ભોગ ભોગવવાની નવી નવી ઈચ્છાઓ જાગે ત્યારે ધર્મકાર્યો કરવામાં સમય ન મળે. પરિણામે, જીવનના ભોગ ભોગવવા પરંપરાથી વારસામાં મળેલાં ધર્મકાર્યો છૂટતાં જાય છે.

બીજું કારણ આપણો લોભ. ધર્મકાર્યોમાં દ્રવ્યનો ખર્ચ થાય છે. આપણને દ્રવ્યનો લોભ લાગે એટલે દ્રવ્યનો ખર્ચ કરવામાં સંકોચ કરીએ છીએ. તેને લઇને ધર્મકાર્યો છૂટે છે.

ત્રીજું કારણ છે ભય. આપણને અન્ય લોકો તરફથી ધર્મકાર્યો કરવા માટે ભય દેખાડવામાં આવે છે. તે ભયને લઇને આપણે ધર્મકાર્યો છોડી દઇએ છીએ.

ચોથું કારણ છે દ્વેષ. એક જ ધર્મકાર્ય ઘણા લોકો કરતા હોય. એવા કેટલાક લોકો તરફથી આપણને ઈર્ષ્યા અને દ્વેષ થાય છે. તેથી આપણે એવો વિચાર કરીએ છીએ કે આપણો દુશ્મન જે કરતો હોય તે આપણે ન કરવું. એને લઇને આપણે ધર્મકાર્યો છોડીએ છીએ.

પરંતુ આ ચાર કારણો આપણા જીવનમાં નથી. આપણા વ્રજવાસીઓને લૌકિક મોજશોખ ભોગવવાની વૃત્તિ જાગી નથી. આપણે સ્વભાવે દ્રવ્યના લોભી પણ નથી. આપણામાં કંસ જેવાનો પણ ધર્મકાર્યો ન કરવા માટે કોઇ ભય નથી. આપણને કોઇના તરફ દ્વેષ પણ નથી, એટલે આપણે ઈન્દ્રયજ્ઞનું પરંપરાથી ચાલ્યું આવતું ધર્મકાર્ય છોડવાની કોઇ જરૂર મને જણાતી નથી.'

આમ, નંદબાવાએ ઈન્દ્રયજ્ઞનાં ચાર કારણો આપ્યાં.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે આ ચાર કારણો લૌકિક સ્વાર્થ ઉપર આધારિત છે, તેથી તેને 'હેતુવાદ' કહેવામાં આવે છે. હેતુવાદી માણસ પોતાના સુખ માટે પોતાના સ્વાર્થનો જ વિચાર કરે છે. માણસને બે જ મુખ્ય ઈચ્છાઓ હોય છે. (૧) તેના જીવનમાં કોઇ દુઃખ ન આવે, જો આવે તો તેને દૂર કરવું અને (૨) જીવનમાં હંમેશાં સુખ ભોગવવું. આ બે ઈચ્છા પૂરી કરવા માણસ ધર્મનો અને જુદા જુદા દેવ-દેવીઓનો આશરો લે છે અને ધર્મકાર્યો કરે છે. આ ધર્મકાર્યો પોતાના આત્માનું કર્તવ્ય છે એમ સમજીને તે કરતો નથી, પરંતુ પોતાના સ્વાર્થ માટે કરે છે. કોઇક ધર્મકાર્ય કરવાથી તેનો સ્વાર્થ સિદ્ધ થાય તો તે કાર્ય ચાલુ રાખે છે અને કોઇક ધર્મકાર્ય કરવાથી તેનો સ્વાર્થ સિદ્ધ ન થાય, તો તે છોડી દે છે. આ નીતિ સ્વાર્થની નીતિ છે, ધર્મની નીતિ નથી. તેથી તેને 'હેતુવાદ' કહેવામાં આવ્યો છે.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે ધર્મની નીતિ બ્રહ્મવાદની છે. બ્રહ્મવાદ એટલે જગતના નિયંતા પરમાત્મા શ્રીહરિ છે, એમ દૃઢતાથી સમજવું. શ્રીહરિ જગતનું સંચાલન પોતાની ઈચ્છાથી કરે છે. માટે હંમેશાં શ્રીહરિને શરણે રહી, તેમની ઈચ્છાનો સ્વીકાર કરવો એ બ્રહ્મવાદ છે. શ્રીહરિ આપણા અંશી છે અને આપણે તેમના અંશ છીએ. એ સંબંધથી શ્રીહરિના દાસ બની, શ્રીહરિને સમર્પિત થઇ, શ્રીહરિની પ્રસન્નતા માટે, નિષ્કામ ભાવથી વેદ વગેરેએ બતાવેલાં ધર્મકાર્યો કરવાં અને તેમનાં ફળની આશા ન રાખવી એ બ્રહ્મવાદ છે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે મોટાભાગના લોકો હેતુવાદમાં એવા ગળાડૂબ હોય છે કે તેઓ બ્રહ્મવાદને સમજી શકતા નથી. તેમને બ્રહ્મવાદ સમજાવવો મુશ્કેલ હોય છે. ભેંસ આગળ ભાગવત વાંચવા જેવું હોય છે. આવા સ્વાર્થપરાયણ લોકોને સાચો દૃષ્ટિકોણ બતાવવા કાલવાદ અને કર્મવાદ સમજાવવો જરૂરી છે. તેને લઇને તેઓ હેતુવાદથી

અલગ બાબતોનો વિચાર કરતા હોય છે. આથી મહાભારતમાં ભીષ્મે પાંડવોને કાલવાદ સમજાવ્યો હતો. પાંડવો શાસ્ત્રો ભણેલા હતા, વધારે વિચારશીલ પણ હતા. તેથી તેઓ કાલવાદ સમજી શક્યા, પરંતુ નંદબાવા વગેરે વ્રજવાસીઓ અજ્ઞાની આહીરો છે. તેમને કાલવાદ સમજાવવો પણ મુશ્કેલ પડે. તેથી શ્રીનંદનંદન તેમને કર્મવાદનો સિદ્ધાંત સમજાવવા હવે તત્પર થયા છે. કર્મવાદના સિદ્ધાંત દ્વારા ઇન્દ્રયજ્ઞ કરવાની જરૂર નથી, એ વાત શ્રીકૃષ્ણ ૧૩ શ્લોકથી વ્રજવાસીઓને સમજાવે છે.

શ્રીમહાપ્રભુજી કહે છે કે ભગવાન ધર્મરક્ષક છે, તેથી પાખંડ ધર્મો ચલાવી લેતા નથી. નંદબાવા વગેરે વ્રજવાસીઓ જે ઇન્દ્રયજ્ઞ કરતા હતા તે આધિદૈવિક ઇન્દ્રનો યજ્ઞ ન હતો, કારણ કે બ્રહ્મવાદની દૃષ્ટિએ ઇન્દ્રને પણ ત્રણ સ્વરૂપો છે. ભગવાનના બાહુ આધિદૈવિક ઇન્દ્ર-સ્વરૂપ છે. દેવોના રાજા ઇન્દ્ર આધ્યાત્મિક સ્વરૂપ છે. જ્યારે વરસાદ તેનું આધિભૌતિક સ્વરૂપ છે. યજ્ઞ ભગવાન શ્રીહરિનું સ્વરૂપ છે. તેથી યજ્ઞનો બલિ સ્વીકારવાનો અધિકાર આધિભૌતિક ઇન્દ્રનો નથી. તે બલિ કેવળ આધિદૈવિક ઇન્દ્ર જ સ્વીકારી શકે. આમ, વ્રજવાસીઓ દ્વારા થતો યજ્ઞ એ સાચું ધર્મકાર્ય ન હતું. ઇન્દ્રને પણ આ યજ્ઞનો બલિ સ્વીકારવાનો અધિકાર ન હોવા છતાં તે સ્વીકારતા હતા. એટલે તે પાખંડ-ધર્મ હતો. એવો પાખંડ-ધર્મ ન ચલાવી લેવા અને ધર્મયુક્ત પરંપરા સ્થાપવા માટે સમાજ-સુધારણા કરવી જરૂરી હતી. તેથી ભગવાન શ્રીકૃષ્ણે વ્રજવાસીઓને ઇન્દ્રયજ્ઞ ન કરવા કર્મવાદનો સિદ્ધાંત બતાવ્યો. ભગવાન શ્રીકૃષ્ણ આ પ્રસંગથી આપણને શીખવે છે કે વડીલો સામે નિર્ભયતાથી અને વિવેકથી, આદરભાવથી અને સ્નેહપૂર્વક સત્યધર્મ રજૂ કરવો જોઇએ.

ભગવાન શ્રીકૃષ્ણ તેર શ્લોકથી ઇન્દ્રયજ્ઞનો વિરોધ કરે છે, કારણ કે તેઓ ધર્મના સંરક્ષક છે. તેમણે જ સમાજને શીખવાડયું છે કે જો આપણે ધર્મની રક્ષા કરીશું તો ધર્મ આપણી રક્ષા કરશે. સમાજમાં ધર્મના નામે કેટલાક પાખંડ-ધર્મો પણ ચાલી રહ્યા છે. ભગવાન શ્રીકૃષ્ણના સમયમાં પણ આવા પાખંડ-ધર્મો ચાલતા હતા. ભગવાને ગીતામાં આજ્ઞા કરી છે તે પ્રમાણે સમાજમાં ધર્મયુક્ત જીવનપરંપરા સ્થાપવા માટે, અને તે અંગે જરૂરી સમાજ-સુધારણા કરવા માટે તેમણે અવતાર ધારણ કર્યો છે. આથી જ્યાં જ્યાં પાખંડ-ધર્મો ચાલતા હતા, ત્યાં ત્યાં ભગવાને સ્વયં અવાજ ઉઠાવ્યો હતો, છતાં તેમમના અવાજમાં કોઇ વ્યક્તિ તરફ ગુસ્સો કે કડવાશનો અંશ પણ નહોતો. તેમણે નિર્ભયપણે સ્નેહ અને આદરથી મીઠાશપૂર્વક સત્ય રજૂ કર્યુ હતું.

અહીં ભગવાન શ્રીકૃષ્ણ નંદબાવા અને વ્રજવાસીઓને સાચો ધર્મ શો છે, તે તેર શ્લોકથી સમજાવે છે. ભગવાન કહે છે કે, દુનિયામાં સત્કાર્યો તો સૌ કરતા રહે છે, પરંતુ આ સત્કાર્યો શુદ્ધ ધર્મભાવનાથી કરનારા ઘણા ઓછા છે. મોટા ભાગના લોકો તેમનો સ્વાર્થ સાધવા માટે, તેમને જે સત્કાર્યો અનુકૂળ પડે, તે કરે છે અને તેમાં તેઓ ધર્મનું આચરણ કર્યાનો સંતોષ માને છે. વાસ્તવમાં આ સત્યધર્મનું આચરણ નથી, પણ પાખંડધર્મનું આચરણ છે.

ભગવાન શ્રીકૃષ્ણની વાત આપણે આવી રીતે સમજી શકીએ. આજે આપણામાંના કોઇને એવી ઇચ્છા થાય કે ચાલો કાશ્મીર ફરી આવીએ. ત્યારે તે વ્યક્તિ પોતાના આનંદ માટે કાશ્મીર જવાની વાત કરતી નથી, તે વ્યક્તિ લોકોને એવું કહે છે કે 'અમરનાથની યાત્રાએ જઇએ છીએ.' આમ, કાશ્મીર ફરવા જવા માટે યાત્રાના અનુકૂળ સત્કાર્યને આગળ ધરવામાં આવ્યું. કોઇક માણસનું પેટ બગડે ત્યારે તે ખાવાની ઇચ્છા ધરાવતો નથી. એ સંજોગોમાં તે કહેવાનો કે આજે મારે ઉપવાસ છે. ધાર્મિક દૃષ્ટિથી કરવામાં આવતા ઉપવાસરૂપી સત્કાર્યને આપણા સ્વાર્થ માટે આપણને અનુકૂળ બનાવી દીધું. આનું નામ પાખંડધર્મ. આવા ધર્મને શાસ્ત્રકારોએ 'બગધર્મ' પણ કહ્યો છે. સરોવરના પાણીમાં એકાંત ચિત્તે ઊભેલો બગલો સફેદ વસ્ત્રમાં સજ્જ ધ્યાનમગ્ન કોઇ ઋષિ જેવો લાગે છે, પણ વાસ્તવમાં તેના ખોરાક-માછલાંની શોધમાં તે ઊભો હોય

છે. આથી શ્રીમહાપ્રભુજીએ 'શ્રીકૃષ્ણાશ્રય' ગ્રંથના પ્રારંભમાં આજ્ઞા કરી કે વેદ આદિ શાસ્ત્રોએ બતાવેલા ઈશ્વરપ્રાપ્તિના સર્વ સત્યમાર્ગો નાશ પામ્યા છે, અને કલિયુગમાં પાખંડધર્મો બિલાડીના ટોપની જેમ ચારે કોર ફૂટી નીકળ્યા છે, ત્યારે કેવળ શ્રીકૃષ્ણ જ આપણને બચાવી શકે તેમ છે.

આવા પાખંડધર્મોનું આચરણ કરવું એનું જ બીજું નામ હેતુવાદ છે. જીવનના સ્વાર્થી હેતુ માટે કોઈપણ ધર્મ સાધન અપનાવવું અને ધર્મનો રંગ આપવો એ હેતુવાદનું લક્ષણ છે. ભગવાન શ્રીકૃષ્ણ આ તેર શ્લોકમાં આવા હેતુવાદનું ખંડન કરે છે.

ભગવાન વ્રજવાસીઓને સમજાવે છે કે જગતના કર્તા પરમાત્માએ બદલો આપવાની સત્તા પોતાના હાથમાં રાખેલ નથી, કારણ કે જગતની જડ અને ચેતન સમગ્ર સૃષ્ટિ તેમનો અંશ છે. આથી તેઓ કોઈની પણ તરફેણ કે કોઈનો પણ વિરોધ કરતા નથી. જગતમાં કોઈ તેમનું અણગમતું કે અણમાનીતું પણ નથી. માટે સૌની સાથે સમાન વ્યવહાર કરવા તેમણે જગતના સંચાલનમાં કર્મનો સિદ્ધાંત યોજયો છે. માણસ, પશુ, પંખી કે જીવજંતુ જેવાં કર્મ કરે તે અનુસાર તેમને નવો જન્મ મળે છે. માટે જીવયોનિમાં ચોર્યાસી લાખ યોનિઓનો સમાવેશ થયો છે. ઉત્તમ કર્મ કરનાર મનુષ્ય જન્મ પામે છે અને હીન કર્મો કરનાર પશુયોનિને પામે છે. કેવળ જન્મનો આધાર જ આપણાં કર્મો નથી. આપણાં કર્મો શુભ અને અશુભ ફળ આપનારાં પણ છે. આવાં ફળ આવતા જન્મે જ મળે એમ પણ નથી. આ જન્મમાં જ કર્મોનું ફળ ભોગવવાનું રહે છે. જે સારાં કર્મો કરે છે, તેને જીવનમાં સુખ રૂપી શુભ ફળ મળે છે અને જે દુષ્ટ કર્મો કરે છે, તેમને દુઃખ રૂપી અશુભ ફળ મળે છે. આપણામાં કહેવત છે કે 'ખાય તેની ભૂખ જાય'. જે જેવાં કર્મો કરે તેવાં તેને ફળ મળે. આમ, સુખદુઃખરૂપી ફળ આપવામાં કર્મો નિમિત્ત બને છે. તેનો નિર્ણય ઈશ્વર પોતે કરતા નથી, ઈશ્વર તો તટસ્થ છે. જો ઈશ્વર સુખ આપે તો બીજા લોકો તેને પક્ષપાતી કહેશે અને જો દુઃખ આપે તો તેને

ક્રૂર કહેશે. માટે ઈશ્વરે જગતમાં કર્મનાં સિદ્ધાંતનું શાસન સ્થાપ્યું. કર્મનો આ સિદ્ધાંત સૌએ સ્વીકારેલો છે અને તેથી આપણે વારંવાર કહીએ છીએ કે 'વાવે તેવું લણે.'

આમ, જો કર્મ અનુસાર ફળ મળતાં હોય, તો આપણે આપણા જીવનમાં સુખ અને શાંતિ ભોગવવા માટે સારાં કર્મો કરવા જોઈએ. કર્મથી સુખ મળતું હોય ત્યારે કોઈ વ્યક્તિ કે દેવની મહેરબાની માટે મથવાની શી જરૂર? કારણ કે ઈન્દ્ર જેવો દેવોનો દેવ ખરાબ કર્મ કરનારને પોતાની ઈચ્છાથી સુખરૂપી સારું ફળ આપી શકવાનો નથી, જો ઈન્દ્રમાં આપણને સુખ આપવાની શક્તિ જ ન હોય, તો આપણે ઈન્દ્રનો યજ્ઞ કરવાની, તેને રાજી કરવાની કોઈ જરૂર ખરી? ઈન્દ્ર પણ આ સિદ્ધાંતથી બંધાયેલો છે. જો આપણે ખોટાં કર્મ કરીશું તો ઈન્દ્ર પણ લાચાર થઈને જોયા કરશે. આપણું ભલું કરી શકશે નહિ.

ભગવાન શ્રીકૃષ્ણે કર્મનો સિદ્ધાંત સમજાવતાં બીજી એક વિશેષ વાત બતાવી. કર્મ અનુસાર આત્માને જન્મ મળે છે. જન્મ અનુસાર તેને તે પ્રાણીનો સ્વભાવ પ્રાપ્ત થાય છે. જેમ કે ગાય શાંત પ્રાણીનો સ્વભાવ ધરાવે છે , જયારે વાઘ હિંસક પ્રાણીનો સ્વભાવ ધરાવે છે. માણસોમાં પણ તેમનાં કર્મ અનુસાર જ ગુણો ઊતરી આવે છે. કેટલાક મનુષ્યો સત્ત્વગુણપ્રધાન હોય છે, તો કેટલાક રજોગુણી હોય છે. મોટાભાગના તમોગુણી જોવા મળે છે. આમ, માણસને મળેલો સ્વભાવ તેના કર્મ અને યોનિનું ફળ છે. દરેક પ્રાણી તેના સ્વભાવ અનુસાર કર્મ કરે છે. વાઘ અને સિંહ નિર્દોષ પ્રાણીઓનો શિકાર કરવાનું કર્મ કરે છે, તો ગાય અને ભેંસ આપણને દૂધ આપવાનું કર્મ કરે છે. મનુષ્ય પણ તેના સ્વભાવ પ્રમાણે વર્તન કરતો હોય છે. જેનામાં સત્ત્વગુણ છે, તે ધર્મકાર્યો અને સત્‌કાર્યો કરતા હોય છે. જેનામાં રજોગુણ છે તેઓ મધ્યમ પ્રકારનાં સત્‌કાર્યો કરે છે. ભોગવિલાસ ભોગવે છે અને બીજાઓને યથાશક્તિ મદદ કરે છે. જેમનામાં તમોગુણ છે, તેઓ પરપીડનનાં અધમ કર્મો

કરતા હોય છે. આમ, કર્મની પાછળ સ્વભાવ પણ પ્રેરકબળ છે. આપણો સ્વભાવ જ જો દુષ્ટ કર્મો કરવાનો હશે તો ઇન્દ્ર શું કરી શકવાનો છે? તે આપણો સ્વભાવ કે કર્મોને બદલી શકવા સમર્થ નથી. માટે ઇન્દ્રની પૂજાથી વાસ્તવમાં આપણને કોઇ લાભ નથી. જો આપણે સત્ત્વગુણી હોઇશું અને તેને લઇને સત્કર્મો જ કરતા હોઇશું, તો તેનું શુભ ફળ આપણને કોઇની ભલામણ વિના જ મળવાનું છે. પછી આપણે બીજાની ભલામણ મેળવવા શા માટે ફાંફાં મારવાં પડે?

ભગવાન શ્રીકૃષ્ણ વ્રજવાસીઓની સામે કર્મ અને સ્વભાવના સિદ્ધાંતના અનુસંધાનમાં એક ત્રીજી દલીલ કરે છે. તેઓ વ્રજવાસીઓને સમજાવે છે કે આપણે સૌ હિન્દુ છીએ. આપણા હિન્દુ ધર્મનાં વેદશાસ્ત્રોમાં જીવન જીવવાની ચોક્કસ વ્યવસ્થા બતાવવામાં આવી છે. તે વર્ણાશ્રમ ધર્મના નામે ઓળખાય છે. મનુષ્યોને તેમના જન્મ અને કર્મ બંનેને ધ્યાનમાં રાખીને મુખ્ય ચાર વર્ણમાં વહેંચવામાં આવ્યા છે. (૧) બ્રાહ્મણ (૨) ક્ષત્રિય (૩) વૈશ્ય અને (૪) શુદ્ર. બ્રાહ્મણો જન્મથી અને કર્મથી બ્રાહ્મણ છે, માટે તેઓ શાસ્ત્રોએ બતાવેલાં બ્રાહ્મણનાં કર્મો કરે છે. ક્ષત્રિયો તે જ પ્રમાણે તેમનાં કાર્યો કરે છે. વૈશ્યો અને શૂદ્રો પણ તેમની જવાબદારી અદા કરે છે. સૌને વર્ણના આધારે જવાબદારી અલગ અલગ મળી છે. આ ચારેય વર્ણના મનુષ્યોના જીવનને ચાર વિભાગોમાં અર્થાત્ ચાર આશ્રમોમાં વહેંચી દેવામાં આવેલ છે. શરૂઆતનાં ૨૫ વર્ષ વિદ્યાભ્યાસનો સમય છે. તેને બ્રહ્મચર્યાશ્રમ કહેવાય છે. બીજાં ૨૫ વર્ષ ગૃહસ્થાશ્રમનાં છે. પછીનાં ૨૫ વર્ષ માનવી વાનપ્રસ્થ ભોગવે છે અને છેલ્લાં ૨૫ વર્ષ તે સંસારથી મુક્ત થઇ, સંન્યાસ ગ્રહણ કરી જીવે છે. આ દરેક આશ્રમને અનુરૂપ કર્મોની પણ આપણી જવાબદારી છે. આમ દરેક માણસ બે પ્રકારનાં કર્મ કરે છેઃ (૧) તેનાં વર્ણનાં કર્મ અને (૨) તેના આશ્રમનાં કર્મ. વર્ણાશ્રમ અનુસાર આ કર્મો સૌએ કરવાનાં હોય છે. આ કર્મો પ્રમાણેનાં ફળ પણ સૌને મળ્યા કરે છે. એમાં કોઇ પણ

વ્યક્તિ કોઇના પર ઉપકાર કરતી નથી. કોઇ દેવો પણ આ વ્યક્તિના ઉપર ઉપકાર કરતા નથી.

ભગવાન શ્રીકૃષ્ણ વ્રજવાસીઓને વિશેષમાં તેમના વર્ણાશ્રમનાં કર્મ સમજાવે છે. ભગવાન કહે છેઃ 'હે વ્રજવાસીઓ! આ ચાર વર્ણ પૈકી આપણે વૈશ્ય છીએ. વૈશ્યનાં મુખ્ય બે કર્મો છે. પશુપાલન અને ખેતી. આપણે પશુપાલનનું કર્મ કરીએ છીએ, ગોરક્ષા કરીએ છીએ. આપણે ખેતી કરતા નથી. આપણાં ગાય આદિ પશુઓને સાથે લઇને ખુલ્લા મેદાનમાં ફરતા રહીએ છીએ. આપણાં પશુઓને જ્યાં લીલો ઘાસચારો અને મીઠું પાણી મળે ત્યાં રહી જઇએ છીએ. તેથી આપણે કોઇ સ્થિર ગામડાં વસાવ્યાં નથી. ક્યારેક ગોકુળ વસાવ્યું, તો ક્યારેક વૃંદાવન ગયા. નંદગામ પણ જઇશું. આપણું કોઇ નિશ્ચિત સ્થાન નથી. કોઇ ગામ નથી, કોઇ શહેર નથી, કોઇ દેશ નથી. પાકાં બનાવેલાં ઘર પણ નથી. ગામ વચ્ચે માલ-સામાનની કોઇ હાટ નથી. આપણે તો આસમાન નીચે મુક્ત રીતે ફરનારા અને જીવનારા છીએ. ઘાસના કાચા નેસડામાં રહેનારા છીએ. આપણી પાસે સાચવવા જેવી કોઇ સ્થાવર-જંગમ મિલ્કત નથી. પછી આપણે કોનો ડર રાખવાનો? આપણી પાસે કશું હોય તો કોઈ લૂંટી જાય ને? આપણું શું લૂંટાઇ જવાનું છે? માટે આપણે કોઇ દેવથી પણ ડરવાનું કારણ નથી.'

ભગવાન વ્રજવાસીઓને કહે છેઃ 'હે વ્હાલા વ્રજવાસીઓ! તમે કહો છો ઇન્દ્ર લોકપાલ છે, વૃષ્ટિના કર્તા છે, યજ્ઞભોક્તા છે. હશે, પણ તેથી શું? આપણને તેનાથી શો ફેર પડે છે? જો આપણાં ગામડાં કે શહેર હોત, તો તેના રક્ષણની આપણને ચિંતા હોત, તો લોકપાલ અને દિક્દેવતા ઇન્દ્રની આપણે મદદ લેવી પડત. જો આપણી પાસે ખેતી હોત તો આપણને વરસાદની ચિંતા રહેત અને વૃષ્ટિકર્તા ઇન્દ્રની મદદ માગવી પડત. જો આપણી પાસે ઘર કે હાટ હોત તો તેને સાચવવાની ચિંતા રહેત અને તે માટે ઇન્દ્રની યાચના કરવી પડત. પરંતુ આપણે તો

'વનશૈલનિવાસિનઃ' છીએ. જે વનમાં રહીએ છીએ તે વન પણ કોઈની માલિકીનું નથી. જે પર્વતની તળેટીમાં રહીએ છીએ, તે પર્વત પણ કોઈની માલિકીનો નથી. ગમે તેવી કુદરતી આપત્તિઓમાં એ વન કે પર્વતને ઊની આંચ પણ આવતી નથી. વન આપણને બળતણ આપે છે. છાયા આપે છે, ફળોનું ભોજન આપે છે. શણગાર માટે પુષ્પો આપે છે અને ગાયને ઘાસચારો આપે છે. પર્વત આપણને વરસાદ આપે છે, આપણું રક્ષણ કરે છે. આપણને અને આપણી ગાયોને આશરો આપે છે. માટે આપણી ઉપર જો કોઈના ઉપકાર હોય તો તે આ વન અને પર્વતના છે. જેમનો ખરેખર ઉપકાર છે, તેમને તેમના ઉપકારનો બદલો ચૂકવીએ તો તે યોગ્ય ગણાય. માટે આપણે જો બદલો ચૂકવવો હોય તો આપણાં વન અને પર્વતને બદલો ચૂકવવો જોઈએ.

વનમાં વનસ્પતિનો વાસ છે, વનસ્પતિમાં વિષ્ણુનો વાસ છે. તેથી વનસ્પતિ વૈષ્ણવ છે. વૈષ્ણવનાં સર્વ લક્ષણો વનસ્પતિમાં રહેલાં છે. આમ, વનસ્પતિના સ્વામી વિષ્ણુ છે. તેવી રીતે આપણા આ ગિરિરાજ પર્વતના સ્વામી પણ ભગવાન વિષ્ણુ છે. તેથી આપણે જો સાચા ધર્મનું આચરણ કરવું હોય, ધર્મના ભાગરૂપ યજ્ઞ કરવો હોય, તો આપણે વિષ્ણુયાગ કરવો જોઈએ, ઈન્દ્રયાગ નહિ.'

ભગવાને પરોક્ષ રીતે વ્રજવાસીઓને એમ પણ સમજાવ્યું કે 'તમે આજ સુધી જે ઈન્દ્રનો યજ્ઞ કર્યો એણે કદી પણ તમને સાક્ષાત દર્શન આપ્યાં છે ખરાં? એ ઈન્દ્રે તમારી સામે પ્રગટ થઈ યજ્ઞનું નૈવેદ્ય હાથોહાથ સ્વીકાર્યું છે ખરું? જો તમને ઈન્દ્રનો એવો કોઈ અનુભવ નથી, તો ઈન્દ્રને પૂજવાથી શો લાભ? માટે મારું માનો તો ઈન્દ્રયાગ છોડી દઈ, વિષ્ણુયાગ કરો.'

શ્રીશુકદેવજી મહારાજ કહે છેઃ ભગવાન શ્રીકૃષ્ણે નંદબાવા સહિત સર્વ વ્રજવાસીઓને આમ તેર શ્લોકથી હેતુવાદનું ખંડન કરી ધર્મમાર્ગ બતાવ્યો.

હવે શ્રીશુકદેવજી મહારાજ પરીક્ષિત રાજાને કહે છેઃ 'હે રાજન્! ભગવાન શ્રીકૃષ્ણને ખાતરી થઈ કે તેમની વાત સૌને ગળે ઊતરી છે. તેથી શ્રીકૃષ્ણે સૌને વિષ્ણુયાગ કરવાની આજ્ઞા કરી.'

તસ્માત્ ગવાં બ્રાહ્મણાનામ્ અદ્રેશ્ચારભ્યતામ્ મખઃ ।
ય ઈન્દ્રયાગસંભારાસ્તૈરયં સાધ્યતાં મખઃ ॥

અર્થ : શ્રીકૃષ્ણે આજ્ઞા કરી, હે વ્રજવાસીઓ! તમે ગાયો અને બ્રાહ્મણોને સાથે રાખીને ગોવર્ધનયાગ કરો. ઈન્દ્રયાગ માટે બનાવેલી બધી સામગ્રીઓ ગોવર્ધનયાગના ઉપયોગમાં લો.

શ્રીમહાપ્રભુજી 'સુબોધિની'માં ગોવર્ધનયાગ કરવાની ભગવાનની આજ્ઞાનું રહસ્ય સમજાવે છે. જગતમાં ભગવાન વિષ્ણુના અંગરૂપ બે સજીવ સૃષ્ટિ છે. (૧) બ્રાહ્મણ અને (૨) ગાય. બ્રાહ્મણમાં ભગવાન વિષ્ણુ મંત્રસ્વરૂપે બિરાજે છે, જયારે ગાયમાં હવિસ્વરૂપે બિરાજે છે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે આથી ભગવાન શ્રીકૃષ્ણે બ્રાહ્મણો અને ગાયોને સાથે રાખી, પહેલાં તેમનું પૂજન કરી તેમને પ્રસન્ન કરવાની આજ્ઞા કરી, જેથી બ્રાહ્મણ અને ગાયમાં રહેલા ભગવાન વિષ્ણુ આ યજ્ઞ અંગીકાર કરવાની સંમતિ આપે.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે, શ્રીગોવર્ધન પર્વત ભગવદ્-સ્વરૂપ છે. તેથી તેઓ સ્વયં ભગવાન વિષ્ણુનું રૂપ છે. વ્રજમાં ત્રણ પર્વતો છે. (૧) ગોવર્ધન પર્વત (૨) નંદગામનો પર્વત અને (૩) બરસાનાનો પર્વત. નંદગામનો પર્વત શિવજીનું રૂપ છે અને બરસાનાનો પર્વત બ્રહ્માજીનું રૂપ છે. ત્રણેય દેવો પર્વતનું રૂપ લઈને ભગવાન શ્રીકૃષ્ણની લીલાઓનો અનુભવ કરવા અને સ્વરૂપનો આસ્વાદ કરવા અહીં રહ્યા છે. પર્વત અડગ હોય છે. ઠંડી-ગરમી અને વરસાદ સહન કરતા હોય છે. તેથી ભારે તપસ્વીરૂપ છે. ત્રણેય દેવો પ્રભુની ભક્તિ પામવા માટે ઉગ્ર તપ કરતાં વ્રજમાં વસ્યા છે. તેમની ભક્તિથી પ્રસન્ન થઈને પ્રભુ તેમના પર્વતરૂપી દેહ ઉપર પોતાના ચરણકમળ ધરી અનેકવિધ લીલાઓ

કરતા તેમને અલૌકિક આનંદનો અનુભવ કરાવી રહ્યા છે.

ભગવાન શ્રીકૃષ્ણે ગોવર્ધન પર્વતનો યજ્ઞ કરવાની આજ્ઞા કરી, કારણ કે ગોવર્ધન પર્વત ભગવદ્‌સ્વરૂપે છે, તેથી ભગવદ્-સ્વરૂપની પ્રસન્નતા માટે કરવામાં આવતો યજ્ઞ વૈદિક યજ્ઞ છે. વેદમાં યજ્ઞનું આધિદૈવિક સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે. તે મુજબ યજ્ઞ શ્રીહરિનું રૂપ છે. યજ્ઞરૂપી શ્રીહરિ જ યજ્ઞકર્તાઓનો હવિ અંગીકાર કરી, તેમના ઉપર કૃપાનું દાન કરે છે. માટે જેમ ભગવદ્ યજ્ઞરૂપી વિષ્ણુયજ્ઞ વેદસંમત છે, તેમ ગોવર્ધન યજ્ઞ પણ વેદસંમત યજ્ઞ છે.

ગોવર્ધન યજ્ઞ લૌકિક યજ્ઞ નથી, પરંતુ વૈદિક યજ્ઞ છે. તેનું એક બીજું કારણ શ્રીમહાપ્રભુજીએ બતાવ્યું છે. વેદ ભગવદ્‌વાણી છે, તેથી સૌને માન્ય છે. વેદવાણીનું પાલન કરવું સૌની ફરજ છે. તેમાં કોઈ શંકા-આશંકાને સ્થાન હોઈ શકે નહિ. તેથી વેદમાં બતાવેલા યજ્ઞો ભગવદ્ યજ્ઞો છે. માટે તે યજ્ઞ કરવા એ આપણું કર્તવ્ય છે. જેમ વેદવાણી ભગવદ્‌વાણી છે તેમ અહીં શ્રીકૃષ્ણે વ્રજવાસીઓને કરેલી આજ્ઞા પણ ભગવદ્‌વાણી છે, કારણ સાક્ષાત પ્રભુના મુખથી જ કહેવાઈ છે. તેથી વેદઆજ્ઞા રૂપે છે, એટલે સાક્ષાત્ પ્રભુની વાણીથી ગોવર્ધન યજ્ઞની આજ્ઞા થઈ છે. આમ, ગોવર્ધન યજ્ઞ કેવળ વૈદિક યજ્ઞ નથી, પણ મહાવૈદિક યજ્ઞ છે.

વ્રજવાસીઓ ગોવર્ધન યજ્ઞ કરવા તૈયાર તો થયા, પણ કેટલાક અનુભવકુશળ, વ્યવહારડાહ્યા અને વૃદ્ધ વ્રજવાસીઓને પ્રશ્ન થયો: 'લાલા, અત્યાર સુધી અમે જે પાક-પકવાન બનાવ્યાં, તે તો ઈન્દ્રયજ્ઞ માટે બનાવ્યાં હતાં, હવે યજ્ઞને થોડાક જ દિવસો બાકી રહ્યા છે, એટલે ટૂંકા સમયમાં નવેસરથી પાક-પકવાન કેવી રીતે બની શકે? વળી, આ બનાવેલાં પાક-પકવાનનુ શું કરવાનું? અમે તો એવું સાંભળ્યું છે કે એક દેવનો બલિ બીજા દેવને ન આપી શકાય.'

ભગવાન શ્રીકૃષ્ણ મલકાયા. તેમણે કહ્યું: 'બાવા! ઈન્દ્ર પણ પરમાત્માનો અંશાવતાર છે. જ્યારે પરમાત્માની જ ઈચ્છા ઈન્દ્રયજ્ઞ બંધ કરવાની છે, ત્યારે એ સર્વ પાક-પકકવાન આપણે શ્રીગિરિરાજ ગોવર્ધનને આરોગાવીશું. તમે તેની ચિંતા કરશો નહિ. બનાવેલાં પકવાન પ્રભુ સ્વયં આરોગશે.'

'લાલા! પરંપરાંથી આપણે વ્રજવાસીઓ ઈન્દ્રયજ્ઞ કરતા હતા. તેની રીત બ્રાહ્મણો અને અમો સૌ જાણતા હતા. પરંતુ ગોવર્ધન યજ્ઞ વિશે તો અમે કશું જ જાણતા નથી. કદાચ આ બ્રાહ્મણોને પણ તેની ઝાઝી ખબર નહિ હોય, ભૂદેવો, તમે આવો ગોવર્ધન યજ્ઞ કદી કર્યો છે ખરો?'

'ના, મહારાજ, આ યજ્ઞની વાત તો અમે પણ આજે જ સાંભળીએ છીએ.'

શ્રીકૃષ્ણે મંદ મંદ સ્મિત કરતાં આજ્ઞા કરી, 'વ્હાલા વ્રજવાસીઓ! તમે કોઈ વાતની ફિકર નહિ કરો. ભગવાને મને બધું શીખવાડ્યું છે. તમને શું એમ લાગે છે કે આ બધું મારી બાળકબુદ્ધિથી હું તમને બતાવી રહ્યો છું? સાંભળો! કાલ રાત્રે મને એક સુંદર સ્વપ્ન આવ્યું હતું. શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધારણ કરનારા ચતુર્ભુજ ભગવાન વિષ્ણુએ મને તેમના મેઘશ્યામ સ્વરૂપનાં સાક્ષાત્ દર્શન સ્વપ્નમાં આપ્યાં હતાં. તેમનો હસ્ત મારા માથે મૂકી મને તેમણે સ્વયં આજ્ઞા કરી: 'ઈન્દ્રયજ્ઞ બંધ કરાવી તું મારો ગોવર્ધન યજ્ઞ શરૂ કરાવ.' મેં તેમને પૂછ્યું: 'મહારાજ! તમારો યજ્ઞ કેવી રીતે થાય?' ત્યારે તેમણે કહ્યું: 'હું તને તેની રીત બતાવું છું, તે તું બધા વ્રજવાસીઓને શીખવજે. જો વ્રજવાસીઓ વ્રજનું રાજ્ય સુરક્ષિત રાખવા ઈચ્છતા હોય, તો તેમને ગોવર્ધન પૂજા કરવા કહેજે.' તેથી તમને આ બધું કહી રહ્યો છું.'

આજ એક સપનો કોઉ આયો, શંખ ચક્ર ભુજ ચાર બતાયો ।
મોસોં યહ કહિ કહિ સમુઝાયો, યહ પૂજા તુમ સબહી સિખાયો ॥
માનો હૌં કહ્યો સત્ય સબ બાની, જો ચાહો બ્રજકી રજધાની ।
મેરો કહ્યો સત્ય કર માનો, ગોવર્ધન કી પૂજા ઠાનો ॥

નંદબાવાએ કહ્યું: ‘વ્રજવાસીઓ, મારો શ્યામ કેટલો નસીબદાર છે! આપણને આખી જિંદગીમાં સ્વપ્નમાં ભગવાન દેખાયા નહિ અને આને સાક્ષાત ભગવાન દર્શન આપે છે અને ગોવર્ધન પૂજા કરવા સમજાવે છે. માટે મારો કાનકુંવર જે કહી રહ્યો છે તે આપણે બુદ્ધિપૂર્વક સાંભળીએ અને તે પ્રમાણે ગોવર્ધનપૂજા કરીએ.’

હમારો કાન્હ કહે સો કીજે ।
આવો સિમટ સકલ બ્રજબાસી પર્વત કો બલિ દીજે ॥
મધુમેવા પકવાન મિઠાઇ ખટરસ વ્યંજન લીજે ।
‘આસકરણ’ પ્રભુ મોહન નાગર પાન્યો પછાવરિ પીજે ॥

સૌ વ્રજવાસીઓ શ્યામસુંદરની વાત સાંભળવા સાવધાન થયા.

બાર બાર હરિ સીખાવન લાગે, બોલત અમૃત બાની ।
સુનહો એક ઉપદેશ હમારો, ચાર પદારથ દાનિ ॥
છાંડ દેહો સુરપતિ કી પૂજા, ગિરિગોવર્ધન તે ઓર દેવ નહિ દૂજા ॥

★ ★ ★ ★

ગોકુલ કો કુલદેવતા પ્યારો શ્રીગિરિધરલાલ ।
કમલનયન ઘનસાંવરો વધુ બાહુ વિશાલ ॥

‘હે વ્રજવાસીઓ! આપણા સમસ્ત વ્રજના-ગોકુળના કુળદેવ શ્રીગોવર્ધન ગિરિરાજ છે. તેઓ કેવળ પર્વત નથી. એ પર્વતની ભીતરની કંદરાઓમાં વૈકુંઠલોકમાં તેઓ સાક્ષાત બિરાજમાન છે. અમો ગાયો ચરાવવા જઇએ છીએ ત્યારે અમને સૌને મળે છે. અમારી સાથે ખેલે છે. અમને ફળફૂલ અને મીઠું જળ આપે છે. અમને તેમની ગોદમાં બેસાડે છે અને ખૂબ વહાલ પણ કરે છે. શ્રીગોવર્ધન હાજરા-હાજૂર છે. માટે તમારાં બનાવેલાં પકવાનો તેમને આરોગાવીશું. હજુ પણ પોતપોતાની શક્તિ પ્રમાણે વધુને વધુ સામગ્રીઓ તૈયાર કરો, જેથી આપણી ગાયોનું દૂધ સામગ્રીઓ સિદ્ધ કરવામાં દરેક વ્રજવાસી વાપરે. ઘરનાં બાળકોને અને વાછરડાંને પાતાં વધે તેટલું દૂધ વાપરો. ગાયનું દુધ શ્રીગિરિરાજજીને બહુ પ્રિય છે, કારણ કે દૂધ એ પ્રેમનું સ્વરૂપ છે. દૂધરૂપે સ્વયં ભગવાન વિષ્ણુ ગાયમાંથી બહાર પ્રગટ થાય છે. માટે આપણે ગાયોના દૂધમાંથી વિવિધ પકવાન, મિઠાઇ અને સામગ્રીઓ બનાવીએ.

ભગવાને ગોવર્ધન પૂજનની રીત શીખવવા માંડી. ‘વ્રજવાસીઓ, આપણે બધાં બધી સામગ્રીઓ ગાડામાં ભરીને આસો વદ ૧૧ને દિવસે શ્રીગિરિરાજની તળેટીમાં જઇશું. ત્યાં સુરભિકુંડ ઉપર ડેરા તાણીશું. ગાયો અને બ્રાહ્મણોને સાથે લઇ જઇશું. ગાયોને શણગારી તેમને ખૂબ ઘાસચારો ખવડાવીશું. બ્રાહ્મણો પાસે ગોવર્ધન પૂજન અને યજ્ઞ કરાવીશું. બ્રાહ્મણોને દક્ષિણામાં ઘણું અન્ન અને ગાયો આપીશું, કારણ કે બ્રાહ્મણો પૃથ્વી પરના પ્રત્યક્ષ દેવતા છે. બ્રાહ્મણમાં ભગવાન વિષ્ણુનો વાસ છે. તેથી બ્રાહ્મણો જો સંતોષ પામે તો ભગવાન પોતે પ્રસન્ન થાય અને આપણો યજ્ઞ સફળ બને. વ્રજવાસીઓ, ભગવાને આરોગેલી સામગ્રી આપણે પોતે જ નહિ ખાઇએ. અનેક પતિતો, શુદ્રો, કૂતરાં વગેરે પશુઓ અને ચાંડાલો એ સૌને આપીશું. તેમને પણ પૂરો સંતોષ આપીશું. સાથે સાથે સુંદર વસ્ત્રો, આભૂષણો ધારણ કરી વૃંદાવન સહિત શ્રીગિરિરાજજીની નવકોશી પરિક્રમા કરીશું.’

શ્રીમહાપ્રભુજી ‘સુબોધિનીજી’માં આજ્ઞા કરે છે કે મૂળ શ્લોકમાં ‘ચ’ શબ્દથી ભગવાને કેવળ ગિરિરાજની પરિક્રમા કરવાનું સૂચવ્યું નથી. પણ વૃંદાવન સહિત ગિરિરાજની પરિક્રમાની આજ્ઞા કરી છે. તેથી આજે પણ મોટાભાગના વૈષ્ણવો આદિ વૃંદાવન એવા ચંદ્રસરોવર સહિત શ્રીગિરિરાજજીની નવકોશી પરિક્રમા કરવાનો આગ્રહ રાખે છે. પંચકોશી પરિક્રમાથી શ્રીગિરિરાજજીની પૂર્ણ પરિક્રમા થતી નથી. સાતકોશી પરિક્રમામાં શ્રીગિરિરાજજીની પૂર્ણ પરિક્રમાનો સમાવેશ થાય છે. પરંતુ તેમાં આદિ વૃંદાવન ચંદ્રસરોવરનો સમાવેશ થતો નથી. ભગવાન શ્રીકૃષ્ણની ખાસ આજ્ઞા છે કે વૃંદાવન સહિત શ્રીગિરિરાજજીની પરિક્રમા કરવી, તેથી નવકોશી પરિક્રમા કરવી જોઇએ.

આમ, ભગવાન શ્રીકૃષ્ણે ગોવર્ધન પૂજાનો વિધિ વ્રજવાસીઓને સમજાવ્યો.

અંતે ભગવાને સૌને આજ્ઞા કરી:

એતત્ મમ મતં તાત ક્રિયતાં યદિ રોચતે ।
અયમ્ ગોબ્રાહ્મણાદ્રિયાત્ મહ્યં ચ દયિતો મખઃ ॥

અર્થ : હે વડીલો! જો તમને મારી વાત ગળે ઉતરે તો તમે મારી વાતનું પાલન કરજો. આ મારો મત છે. તમને જરૂર એટલું કહીશ કે આ ગોવર્ધનયજ્ઞ ગોપ, બ્રાહ્મણો, ગિરિરાજ અને મને પણ અતિ પ્રિય છે.

પ્રેમમાર્ગની રીત છે કે આપણા પ્રિયતમને જે પ્રિય હોય તેને આપણે અતિપ્રિય ગણીને પ્રસન્નતાથી સ્વીકારવું. એક કવિએ કહ્યું કે: 'ગણ્યું જે પ્યારું પ્યારાએ, અતિ પ્યારું તું ગણી લેજે.' શ્રીશુકદેવજી પરીક્ષિતને શીખવી રહ્યા છે કે હે રાજન્! ભગવાને હૃદયપૂર્વક આ વાત વ્રજવાસીઓને કહી છે. હૃદયપૂર્વક આ આજ્ઞા થઈ છે. તેથી શ્રીશુકદેવજી 'પ્રોકતમ્' શબ્દ વાપરે છે. હૃદયપૂર્વક કહેવાયેલી વાત સામેનાના હૃદયમાં જરૂર ઊતરી જાય છે. જ્યાં પ્રભુ પોતે જ પ્રેરણા આપે, ત્યાં કોણ મોં ફેરવી શકે? કારણ કે સૌને દોરનાર તો પ્રભુ જ છે. શ્રીદયારામભાઈએ કહ્યું: 'જેવો જંત્ર વગાડે જંત્રી, તેવો સ્વરે નીસરે, કૃષ્ણને કરવું હોય તે કરે'. છતાં અહીં ભગવાન પોતાના વ્રજવાસીઓ ઉપર કોઈ દબાણ કરતા નથી. બળ-જબરી કરતા નથી, રિસાઈ જવાનું ત્રાગું પણ કરતા નથી. તેમની વાણીમાં ભરપૂર વિનય છે. નાનાઓને પોતાની વાત કેવી રીતે કરવી તેનો વિવેક અને શિષ્ટાચાર પણ છે. ભગવાન બધું કહ્યા પછી અંતે એટલું જ કહે છે કે તમને ગમે તો કરો. મારા થવું હોય તો મને અતિ પ્રિય એવો ગોવર્ધનયજ્ઞ કરો અને ઈન્દ્રના પ્રિય થવું હોય તો ઈન્દ્રયજ્ઞ કરો.

નંદરાયજી વગેરે સૌ ભગવાનનાં વચનોનો સારી રીતે આનંદથી સ્વીકાર કરે છે. શ્રીશુકદેવજીએ એ વાત નીચેના શ્લોકમાં કહી.

કાલાત્મના ભગવતા શક્રદર્પજિઘાંસતા ।
પ્રોકતં નિશમ્ય નંદાદ્યોઃ સાધ્વ ગૃહણન્ત તદ્ વચઃ ॥

અર્થ: કાલાત્મા અને ઈન્દ્રનું અભિમાન ઉતારવા તત્પર એવા ભગવાને નંદરાયજી વગેરેને સારી રીતે કહેલાં વચનો સાંભળીને સૌએ તે વચનો સ્વીકાર્યાં.

શ્રીસૂરદાસજીએ વ્રજવાસીઓને કહેતા સાંભળ્યા:

સૂરદાસ પ્રભુ સબકે નાયક, જો મન કરે સો કરવે લાયક ।
કાન્હ કહે સો કરો ભયે સબ હીન મન ભાય ॥

* * * *

હરખનંદ ઉપનંદ સકલ બ્રજ દઈ દુહાઈ ।
સુરપતિ પૂજા મેંટ યાજ ગોવર્ધનરાઈ ॥

* * * *

સુન બ્રજબાસી સકલ હરખ મન કરિ બંધાઈ ।
કહા કરેગો ઈન્દ્ર હમારો કૃષ્ણ હમારે સહાઈ ॥

આમ, ગોકુળમાં ઈન્દ્રયજ્ઞ ત્યજી ગોવર્ધન યજ્ઞ કરવા માટે સૌને સમજાવતાં શ્રીનંદનંદનની લીલાનો અનુભવ શ્રીશુકદેવજીએ અને શ્રીસૂરદાસજીએ કર્યો. શ્રીશુકદેવજી અને શ્રીસૂરદાસજી બંને કૃપાપાત્ર ભગવદ્ભક્તો છે. બંનેને અંતઃકરણમાં સાક્ષાત લીલાઓનો અનુભવ થયો છે. બંનેના હૃદયમાં બિરાજી એક જ શ્રીકૃષ્ણે પોતાની લીલા ગાઈ છે. શ્રીશુકદેવજીના મુખથી અને શ્રીસૂરદાસજીના મુખથી ગવાયેલી લીલામાં હેતુવાદનું જ ખંડન છે, પણ રજૂઆતની રીત જુદી છે. તેનું કારણ એ છે કે શ્રીશુકદેવજીની સામે રાજા પરીક્ષિત મુખ્ય શ્રોતા છે. શ્રીસૂરદાસજી સામે વ્રજવાસીઓ છે. શ્રોતાઓને સમજાય એવી રીતે આ લીલા ગવાઈ છે. આ લીલાનું રહસ્ય શ્રીમહાપ્રભુજીએ આપણને સમજાવ્યું.

તે દિવસથી લઈને વીસ દિવસ સુધી સૌ વિવિધ સામગ્રીઓ શ્રીગિરિરાજજી માટે સિદ્ધ કરવામાં પ્રસન્નતાથી લાગી રહ્યાં. ▩

પ્રકરણ : ૨

ગોવર્ધન પૂજન ચલેરી ગોપાલ

આસો વદ એકાદશીનો શુભ દિન આવ્યો. આજે ગોવર્ધનપૂજન માટે સૌએ પોતપોતાના ઘેરથી શ્રીગિરિરાજ તરફ ઉપડવાનું હતું. તે માટે સવારનું મંગલ મુહૂર્ત કુલપુરોહિત શ્રીગર્ગાચાર્યજીએ આપ્યું હતું.

સવારે સ્નાનાદિ કરી સુંદરમાં સુંદર વસ્ત્રઆભૂષણ સજી ગોપીગ્વાલ સૌ ગિરિરાજ તરફ જવા રવાના તૈયાર થઇ ગયાં. સૌના ઉત્સાહનો પાર ન હતો. ગોપીજનો મંગલ ગીત ગાતાં હતાં. ગોપીગ્વાલ જે કોઇ સાધન હાથમાં આવ્યું તે લઇ તેનું વાજિંત્ર બનાવી વગાડતાં, નાચતાં-કૂદતાં હતાં.

સૌએ પોતપોતાનાં ગાડા જોડ્યાં. બળદોને પણ સુંદર રીતે શણગાર્યા. ગાડામાં પોતપોતાના ઘેર બનાવેલાં પકવાનની ટોપલીઓ ભરી. બીજા ગાડામાં વૃદ્ધો, સ્ત્રીઓ અને બાળકોને બેસાડ્યાં. યુવાનો, ગોપગ્વાલ ગાડાને હાંકતા, બળદોને દોડાવવા લાગ્યા. ગોકુલ-બરસાનાની સાંકડી ગલીઓમાંથી ધોધમાર વહેતી નદીના પ્રવાહની જેમ ગાડાં દોડી રહ્યાં હતાં. બધાં ગામ બહાર ભેગાં થયાં. સમગ્ર વ્રજમાંથી જુદા જુદા રસ્તે બધાં ગાડાં ગિરિરાજ તરફ જઇ રહ્યાં હતાં. રસ્તામાં પગે ચાલવાની કોઇ જગ્યા જ રહી ન હતી. વ્રજરજ વંટોળ બની આકાશમાં છવાઇ ગઇ હતી. નંદરાયજીના ઘરનાં પૂરાં એક હજાર ગાડાં હતાં. બાકીના વ્રજવાસીઓનાં ગાડાંની સંખ્યા ગણવી ઘણી મુશ્કેલ હતી.

ઘરઘરતેં પકવાન ચલાયે, નિકસ ગાંવ કે પૈડે આયે ।
બ્રજબાસી તહાં જુરે અપાર, સિંધુ સમાન પાર નહિ ભાર ॥
પૈડે ચલન નહિ કોઉ પાવત, સકટ ભરે સબ ભોજન આવત ।
સહસ્ત્ર સકટ ચલે નંદમહરકે, ઓર સકટ કિતને ઘરઘરકે ॥

છેલ્લા એક ગાડામાં નંદરાયજી, ઉપનંદજી, વૃષભાનજી, ચંદ્રભાનુજી, આદિ વડીલ ગોપો બેઠા હતા. નંદબાવાએ શ્રીગર્ગાચાર્યજીને પ્રશ્ન કર્યો.

‘પુરોહિતજી, અમારા કનૈયાએ ઇન્દ્રયજ્ઞ બંધ કરી ગોવર્ધન યજ્ઞ કરવા અમને સમજાવ્યું, અને તેથી આપણે સૌ ગોવર્ધન પૂજન માટે જઇ રહ્યા છીએ. પુરોહિતજી, શાસ્ત્રની દૃષ્ટિએ આમાં કોઇ વાંધો તો નથી ને?’

‘બાવા! તમારા પુત્રના નામકરણ વખતે મેં તમને એકાંતમાં શું કહ્યું હતું, તે યાદ છે? એને તમારો લૌકિક બાળક માનશો નહિ. એની આજ્ઞાનું પાલન તમારે કરવું એમાં કેવળ વ્રજનુ નહિ, જગત આખાનું કલ્યાણ છે. માટે તેની આજ્ઞાને માથે ચઢાવો, તેમાં કોઇ શંકા રાખશો નહિ.’

શ્રીવૃષભાનજીએ કહ્યું: ‘પુરોહિતજી! તમારી વાત અમે માની લીધી, પરંતુ અમને વ્રજવાસીઓને મનમાં એક પ્રશ્ન થાય છે કે શ્યામસુંદર કહે કે છે આપણો આ ગોવર્ધન પર્વત જડ પર્વત નથી, પણ સાક્ષાત ભગવાનનું સ્વરૂપ છે. એ તો એમ પણ કહે છે કે આ પર્વતની અંદર આખું વૈકુંઠધામ છે અને તેમાં એ પર્વતના દેવ ભગવાન પોતે બિરાજમાન છે, શું આ બધી વાતોનો તમને કોઇ અનુભવ છે?’

‘હે રાજન્! શ્રીપ્રભુની કૃપાથી શ્રીગિરિગોવર્ધનના અલૌકિક સ્વરૂપનો મહિમા મને જાણવા મળ્યો છે. આ મહિમા સૌ પ્રથમ ભક્તશ્રેષ્ઠ નારદજીએ બહુલાશ્વ નામના રાજાને સંભળાવ્યો હતો, ત્યારે મેં પણ શ્રીનારદજીના મુખેથી શ્રીગિરિરાજજીની ગૌરવગાથા સાંભળી હતી. મારા ‘ગર્ગસંહિતા’ ગ્રંથના ગિરિરાજ ખંડમાં એ વર્ણવી પણ છે.’

‘પુરોહિતજી! અમે તો વનચર કહેવાઇએ. લખતાં-વાંચતાં અમને કયાંથી આવડે? તમારો એ ગ્રંથ વાંચવાનું કામ અમારું નહિ. તમે પોતે જ જયારે હાજર છો, ત્યારે અમારે એ ગ્રંથ વાંચવાની માથાકૂટ શું કરવા કરવી પડે? તમે જ અમને એ કથા સંભળાવો. ગિરિરાજ તરફ જઇએ છીએ, ત્યારે તેમની કથા સાંભળવાનો આનંદ ઑર આવશે. ખરું ને, બાવા?’

‘હા, હા. પુરોહિતજી! ગિરિરાજજીની વાત સૌને કહો.’

શ્રીગર્ગાચાર્યજીએ ગિરિરાજગાથા કહેવાનો પ્રારંભ કર્યો.

‘વ્રજવાસીઓ, સાંભળો. એક સમય એવો હતો કે જયારે આપણી આ પૃથ્વી જ ન હતી, તારા, નક્ષત્રો, સૂર્ય, ચંદ્ર કશું ન હતું. કેવળ જગતના નાથ પ્રભુ એકલા હતા. પ્રભુએ વિચાર કર્યો, એકલાને આનંદ શો આવે? સાથી વિના મજા શું? ભગવાન પોતે આનંદકંદ સાક્ષાત્ પરમાનંદ રસનું સ્વરૂપ. તેમણે તેમના રમણ માટે સુંદર સ્થાન પ્રગટ કરવાનો નિર્ણય કર્યો. આપણે એક ઘર બાંધવું હોય તો કેટલું મુશ્કેલ પડે છે? પણ ભગવાનને કોઈ કામમાં કયારેય મુશ્કેલી હોય જ નહિ. તેઓ તો વિચાર કરે અને બની જાય. આંખના પલકારમાં પ્રભુના રમણ માટે અતિ અલૌકિક, અતિ તેજસ્વી, અતિ રમણીય અને અતિ સુંદર એવું ગોલોકધામ પ્રગટ થયું. આ ગોલોકધામ પ્રભુએ પોતાના સ્વરૂપમાંથી જ પ્રગટ કર્યું. પ્રભુ એક હતા, તે બે થયા. પ્રભુએ વિચાર કર્યો. આવું સુંદર ગોલોકધામ રાખવું કયાં? ટેકા વિના કોઈ વસ્તુ સ્થિર રહી શકે નહિ. ભગવાનના માટે શું અશક્ય છે? મેઘશ્યામ પ્રભુએ પોતાના શ્રીઅંગમાંથી ગૌર વર્ણના શેષનાગને પ્રગટ કર્યા. શેષજી કમળના તંતુ સમાન અતિ કોમળ ગૌર વર્ણના હતા. તેમને એક હજાર મસ્તક હતાં. શેષજીને બિરાજવા માટે ભગવાને પોતાના શ્રીઅંગમાંથી દૂધનો સમુદ્ર પ્રગટ કર્યો. જે ક્ષીરસાગર કહેવાયો. શેષજીને ક્ષીરસાગરમાં બિરાજવાની ભગવાને આજ્ઞા કરી. શેષજી ભગવાનની દિવ્ય શક્તિનું અલૌકિક સ્વરૂપ છે. પ્રભુની સેવા માટે તેઓ તૈયાર થયા. પ્રભુની આજ્ઞાથી તેમણે પોતાનાં હજાર મસ્તકો ઉપર આખું ગોલોકધામ ધારણ કરી લીધું. તેમાં પ્રભુને બિરાજવા માટે શેષજીએ વિનંતી કરી. પ્રભુ પોતાના મસ્તક પર બિરાજ્યા, પોતાની સેવા અંગીકાર કરે છે એ જાણી રાજી થયેલા શેષજી હજાર મુખથી પ્રભુનાં રાતદિવસ ગુણગાન ગાવા લાગ્યા.

પ્રભુ ગોલોકમાં બિરાજ્યા, પણ તેમને એકલવાયું લાગ્યું. સ્થાન સુંદર હોય પણ સાથીદાર વિના તે સ્થાનની સુંદરતાનો આનંદ કયાંથી મળે? પ્રભુએ પોતાના ચરણારવિંદમાંથી ગંગાજીને પ્રગટ કર્યાં. પછી પોતાના ડાબા હૃદયમાંથી શ્રીયમુનાજીને અને જમણા હૃદયમાંથી શ્રીરાધિકાજીને પ્રગટ કર્યાં. શ્રીયમુનાજી અને શ્રીરાધિકાજી પ્રભુને અતિ પ્રિય બન્યાં. તેઓ પ્રભુની સેવામાં તત્પર થયાં. ત્રણેય સ્વરૂપો લીલાવિહાર કરવા લાગ્યાં. પણ સખીઓ વિના તેમની સેવા કરે કોણ? આથી પ્રભુએ પોતાનાં બંને ઘૂંટણમાંથી આખું રાસમંડળ પ્રગટ કર્યું. અગણિત ગોપીજનોથી ગોલોકધામ ભરાઈ ગયું.

સખીજનો સહિતનું સુંદર ગોલોકધામ નીરખી શ્રીરાધિકાજી પ્રસન્ન થયાં. તેમણે શ્રીપ્રભુને વિનંતી કરી,‘હે નાથ! રાસવિલાસને અનુકૂળ સર્વ સામગ્રી આપે પ્રગટ કરી, પરંતુ તેને અનુરૂપ એકાંત સ્થાનનો અભાવ જણાય છે. રાસવિલાસને અનુકૂળ એવું સ્થાન પણ સિદ્ધ કરવાની આપ કૃપા કરો.’

શ્રીપ્રભુએ શ્રીરાધિકાજીની પ્રસન્નતા માટે પોતાના હૃદયપ્રદેશમાંથી પ્રેમરૂપી રસનો પ્રવાહ વહેવડાવ્યો. તેની સાથેસાથે અનંત તેજનો પૂંજ પ્રગટ કર્યો. રસનો પ્રવાહ તે પૂંજ સાથે એકરૂપ થઈ મોટા પર્વત સ્વરૂપે વિસ્તર્યો. જે પર્વત સિદ્ધ થયો, તેને એક સો શિખરો હતાં. તેથી ગોલોકવાસીઓએ આ પર્વતને નામ આપ્યાં (૧) શતશૃંગ અને (૨) ગોવર્ધન. આમ શ્રીગોવર્ધન ગિરિરાજ પ્રભુના હૃદયમાં રહેલાં પ્રેમનું ઘન સ્વરૂપ છે. પ્રભુના હૃદયમાંથી તેમનું પ્રાગટ્ય થયું છે.

‘પુરોહિતજી, આપે ઘણી સુંદર વાત કહી. આપે કહ્યું કે શ્રીગિરિરાજબાવા ગોલોકમાં પ્રગટ થયા હતા. તો અહીં પૃથ્વી પર કેવી રીતે પધાર્યા? તેની વાત પણ અમને કહોને?’

‘વ્રજવાસીઓ,સાંભળો. આપણા ભારત દેશની પશ્ચિમ દિશામાં શાલ્મલિ નામનો દ્વીપ આવેલો છે. જેની ચારે બાજુ પાણી હોય અને

વચમાં જમીન હોય તેને દ્વીપ અથવા બેટ કહેવામાં આવે છે. આ શાલ્મલિ દ્વીપ ઉપર દ્રોણ પર્વત અને તેમનાં પત્ની રહેતાં હતાં.'

'બાવા! પર્વત તો જડ હોય. આપણી જેમ પર્વતને પત્ની કયાંથી હોય? આ તો તમે નવાઇની વાત કહી.'

'પ્રભુની સૃષ્ટિ અલૌકિક છે. એનો સાચો ખ્યાલ આપણાં ચર્મચક્ષુઓથી આવી શક્તો નથી. જગતમાં દરેક પદાર્થનાં ત્રણ સ્વરૂપો છે. જડ દેખાતા પદાર્થોનું પણ એક અલૌકિક સ્વરૂપ છે, તેથી બધા પર્વતોનાં અલૌકિક સ્વરૂપો પણ છે. બધી નદીઓનાં પણ અલૌકિક રૂપો છે. બધાં તીર્થોનાં પણ અલૌકિક રૂપો છે. ગંગા નદી આપણને જલરૂપે દેખાય છે. પરંતુ જો પ્રભુકૃપાથી દિવ્ય ચક્ષુ મળે તો તેનું અલૌકિક દેવીસ્વરૂપ પણ આપણે જોઇ શકીએ. એવો અનુભવ પ્રભુના કૃપાપાત્ર જીવોને થાય છે. હિમાલય પર્વત આપણને જડરૂપે દેખાય છે, પરંતુ તે પણ દેવરૂપ છે. દિવ્ય દૃષ્ટિથી હિમાલયનું દિવ્યરૂપ આપણે જરૂર જોઇ શકીએ. આવી પ્રભુની અલૌકિક સૃષ્ટિ છે. તેથી શાલ્મલિ દ્વીપમાં દ્રોણપર્વત પર્વત રૂપે અને અલૌકિક દેવરૂપે રહેતા હતા. તેમના અલૌકિક દેવરૂપને એક પત્ની હતી, તેમને એક પુત્ર થયો. તેનું નામ ગોવર્ધન પર્વત પાડવામાં આવ્યું. ગોલોકધામમાં પ્રગટ થયેલા શ્રીગોવર્ધન પર્વત, શ્રીયમુના આદિ સર્વને ભગવાને પૃથ્વી ઉપર અવતરવાની આજ્ઞા કરી હતી, કારણ કે ભગવાન પોતાના દિવ્ય ગોલોકધામને પૃથ્વી ઉપર લાવી પૃથ્વીવાસીઓને પોતાના આનંદસ્વરૂપનો અનુભવ કરાવવા ઇચ્છતા હતા!

આથી શ્રીગોવર્ધનપર્વત શાલ્મલિ દ્વીપમાં દ્રોણ પર્વતના ત્યાં પુત્રરૂપે પ્રગટ થયા. પૃથ્વી ઉપર તેમનું આગમન થયેલું જાણીને દેવોએ તેમના ઉપર પુષ્પવૃષ્ટિ કરી. સૌ દેવો તેમને વંદન કરવા શાલ્મલિ દ્વીપ પહોંચ્યા. સૌએ તેમનું પૂજન કરી તેમને 'ગિરિરાજ'ની પદવી આપી. આ વખતે પૃથ્વી પરના સર્વ પર્વતો અને તેમનાં દેવરૂપો હાજર થયાં હતાં. બધા પર્વતોએ પણ શ્રીગોવર્ધનપર્વતને 'ગિરિરાજ'ની પદવી આપી તેમનું પૂજન કર્યું. આ સમયથી શ્રીગોવર્ધનપર્વત પૃથ્વી ઉપર 'ગિરિરાજ'ના નામે પ્રસિદ્ધ થયા.'

'પુરોહિતજી! આપણા વ્રજમાં જે ગિરિરાજ પર્વત છે, તે જ આ ગિરિરાજ પર્વત? જો તે જ આ ગિરિરાજ હોય, તો તેઓ શાલ્મલિ દ્વીપમાંથી વ્રજમાં કેવી રીતે આવ્યા? તેની કથા કહો ને.'

'વત્સ! શાલ્મલિ દ્વીપમાં પ્રગટ થયેલા શ્રીગોવર્ધનપર્વત એ જ આપણા શ્રીગિરિરાજ છે. તેમનું પૂજન કરવા માટે આપણે સૌ જઇ રહ્યા છીએ. ત્યાંથી વ્રજમાં પધારવાની તેમની કથા પણ અદ્ભૂત છે. ઘણાં વર્ષો પહેલાંની આ વાત છે. તે વખતે આપણા દેશમાં પુલસ્ત્ય ઋષિ થઇ ગયા. તેમણે ઘણાં વર્ષો સુધી મોક્ષ મેળવવા તપ કર્યું હતું. પણ મોક્ષ મળ્યો ન હતો. તેઓ ભારતની તીર્થયાત્રાએ નીકળ્યા. ફરતાં ફરતાં શાલ્મલિ દ્વીપમાં આવ્યા. ત્યાં તેમને શ્રીગોવર્ધન પર્વતનાં દર્શન થયાં. અત્યંત સુંદર અને રમણીય પર્વતને જોઇ તેમના મનમાં ઘણી પ્રસન્નતા થઇ. તેમનું મન અને હૃદય શાંત અને પવિત્ર થયાં. તેમને લાગ્યું કે આ પર્વત અન્ય પર્વત જેવો સામાન્ય નથી, પરંતુ કોઇ અલૌકિક છે. તેમને વિચાર આવ્યો કે જો પર્વતને હું મારા તપોબળથી કાશી નગરી સુધી લઇ જઉં, તો કાશીમાં ગંગાકિનારે આ પર્વતને સ્થાપીશ. તેની એકાંત ગુફામાં બેસીને મોક્ષપ્રાપ્તિ માટે ફરીથી હું તપ કરીશ. એવો વિચાર કરીને પુલસ્ત્ય ઋષિએ દ્રોણ પર્વત પાસે ગોવર્ધન પર્વતની માગણી મૂકી.

ઋષિએ કહ્યું: 'હે દ્રોણ, તારો પુત્ર ગોવર્ધન મને આપ. મારે તેને ગંગાકિનારે સ્થાપવો છે. તેની ભીતર બેસી મારે તપ કરવું છે.'

ઋષિની વાત સાંભળી દ્રોણ અને તેમનાં પત્ની મૂંઝવણમાં મૂકાઇ ગયાં. દ્રોણનાં પત્ની તેમના પતિને કહેવા લાગ્યાં: 'આ તો આપણો એકનો એક પુત્ર છે, વળી બાળક છે. કાયમ માટે અજાણ્યાને કેમ સોંપી દેવાય?'

દ્રોણે પત્નીને કહ્યું: 'ઋષિએ માગણી કરી છે. ન આપીએ તો કોપ કરશે. તેમના તપોબળથી આપણને બાળીને ભસ્મ કરશે. ઋષિને રાજી કર્યા વિના ચાલવાનું નથી. માટે તમે હિંમત રાખો. પ્રભુની ઈચ્છા એવી હશે.'

દ્રોણ પર્વતે પુલસ્ત્ય ઋષિના શાપના ડરથી ગોવર્ધન પર્વત ઋષિને આપ્યો. આ પર્વત આઠ ગાઉ લાંબો, પાંચ ગાઉ પહોળો અને બે ગાઉ ઊંચો હતો.

'પુરોહિતજી! પર્વતના માપમાં કંઈક ભૂલ થતી હોય એમ લાગે છે. આજે તો આપણા ગોવર્ધન આટલા લાંબા-પહોળા નથી.'

'ભાઈ! તમારી વાત સાચી છે. આ કથામાં તેની વાત પણ આવશે. જરા ધીરજ રાખો. પુલસ્ત્ય ઋષિ ગોવર્ધન પર્વતને તેમના જમણા હાથની હથેળીમાં કાશી સુધી લઈ જવા તૈયાર થયા.'

ત્યારે ગોવર્ધન પર્વતે કહ્યું: 'હે ઋષિવર, મારા પિતાએ મને તમને સોંપી દીધો છે. તેથી હા-ના કહેવા માટે મને કોઈ અધિકાર રહ્યો નથી. હું તમારી સાથે જરૂર આવીશ, પણ મારી એક શરત છે. તમે મને પૃથ્વી ઉપર જે સ્થળે મૂકશો, ત્યાંથી પછી હું તમારી સાથે નહિ આવું.'

ઋષિએ ગોવર્ધન પર્વતની શરત કબૂલ રાખી. ઋષિ પોતાના યોગબળે પર્વતને પોતાની હથેળીમાં લઈ, આગળ ચાલ્યા. ચાલતાં ચાલતાં તેઓ આપણા આ વ્રજદેશમાં આવ્યા. શ્રીગોવર્ધન પર્વતને અહીં આવતાં યાદ આવ્યું કે શ્રીપ્રભુ અહીં પ્રગટ થવાના છે.તેમના સુખ માટે શ્રીગોવર્ધન પર્વતે વ્રજમાં રોકાઈ જવાનું નક્કી કર્યું. તેમણે પોતાના અલૌકિક પ્રતાપબળથી પોતાનું વજન ઘણું વધારી દીધું. આથી ઋષિ અકળાયા. ઋષિ ગોવર્ધન પર્વતને આપેલું વચન ભૂલી ગયા. તેમણે થોડોક સમય થાક ખાવા શ્રીગોવર્ધન પર્વતને વ્રજની ભૂમિ ઉપર પધરાવ્યા. થોડા સમય પછી ઋષિ આગળ જવા તૈયાર થયા. તેમણે ગોવર્ધન પર્વત ઊંચકવા માંડ્યો, ત્યારે શ્રીગોવર્ધન ન ઊઠ્યા. ઋષિએ ક્રોધ કર્યો. શ્રીગોવર્ધન પર્વતે કહ્યું: 'તમે મને જ્યાં મૂકશો ત્યાં હું કાયમ માટે રહીશ.' એવું મેં વચન લીધું છે. તમે મને અહીં મૂક્યો છે, એટલે હવે કાયમ માટે હું અહીં જ રહીશ.

ઋષિએ કહ્યું: 'પણ મારે તો તને કાશી લઈ જવાનો છે. ત્યાં મારું તપ પૂરું કરવાનું છે.'

'શ્રીગોવર્ધન પર્વત એકના બે ન થયા, ત્યારે ઋષિએ ગુસ્સે થઈને તેમને શાપ આપ્યો: હે ગોવર્ધન, તમે મને છેતર્યો છે, માટે તમે દરરોજ તલ ભાર ઘટશો. તમારું સ્વરૂપ દરરોજ પૃથ્વીમાં તલભાર સમાઈ જશે અને એક દિવસ તમે પૃથ્વી ઉપરથી અદ્રશ્ય થઈ જશો. '

શ્રીગોવર્ધન પર્વતે ઋષિનો શાપ સ્વીકારી લીધો. તેમણે વિચાર કર્યો કે 'શ્રીપ્રભુ જ્યારે અહીં પ્રગટ થશે અને મારા ઉપર ખેલવા પધારશે. ત્યારે હું ઘણો ઊંચો હોઈશ તો શ્રીપ્રભુનાં કોમળ ચરણોને ઘણો શ્રમ થશે. માટે ઋષિએ કહેલાં વચનો મારા માટે શાપ નથી, પણ વરદાન છે. પ્રભુની સેવામાં, પ્રભુના સુખમાં જો દેહ કામમાં ન આવી શકે તો ઊંચા દેહને શું કરવાનો?'

પુલસ્ત્ય ઋષિ કોપાયમાન થઈ કાશી તરફ ચાલી નીકળ્યા. શ્રીગોવર્ધન પર્વત કાયમ માટે વ્રજમાં બિરાજ્યા. તેઓ દરરોજ તલભાર ઘટતા રહ્યા, તેથી આજે તેઓ આપણને નાના લાગે છે.'

'વાહ પુરોહિતજી, તમે તો બહુ સુંદર કથા કહી, પણ એક વાત સમજમાં ન આવી. શ્રીગોવર્ધન પર્વતે વિચારે કર્યો હતો કે શ્રીપ્રભુ અહીં પ્રગટ થવાના છે, માટે અહીં રોકાઈ જવું. તો આપણા વ્રજમાં પ્રભુ ક્યારે પ્રગટ થયા? એ વિશે તો કંઈ કહો ને?'

વ્રજવાસીઓનો પ્રશ્ન સાંભળી શ્રીગર્ગાચાર્યજી મંદ મંદ હસ્યા. તેઓ મૌન રહ્યા. એક વૃદ્ધ વ્રજવાસીએ કહ્યું: 'અરે લાલા! આ તો મોટા પુરોહિતજી છે, તેઓ તને બધી વાત ન બતાવે. પણ હું તને તારા પ્રશ્નનો જવાબ બતાવીશ. લાલા! નંદબાવાના બંને દીકરા બલરામ-કૃષ્ણમાં જ

મને ભગવાનનાં દર્શન થયાં છે. જો કૃષ્ણ આપણાં બીજાં કોઇ બાળકો જેવા હોત, તો આપણાં કોઇ બાળકે પૂતનાને કેમ ન મારી? આપણાં કોઇ બાળકે જન્મના છઠ્ઠા દિવસે ભરેલા ગાડાને ઉથલાવી નાખ્યું હતું? કોઇએ બકાસુરને માર્યો ખરો? આ બધાં પરાક્રમ શું બાળક કરી શકે? આ બધાં કામ તો ભગવાનનાં જ કહેવાય, માટે સાનમાં સમજી જા.'

ગર્ગાચાર્યજીએ નંદબાવા સામે નજર કરી. બંનેની નજર એક થઇ. ગર્ગાચાર્યજી નજરની ભાષાથી નંદબાવાને કહી રહ્યા હતાઃ 'બાવા! તમારા દીકરાઓનું નામકરણ કરતી વખતે મેં તમને એકલાને ખાનગીમાં જે વાત કહી હતી, તે યાદ છે ને? કૃષ્ણ સાક્ષાત્ પરમાત્મા છે. પિતાએ પુત્રના આવેશમાં આ વાત ભૂલવા જેવી નથી. ' નંદબાવાએ પણ આંખના ઇશારાથી કહ્યું: 'મને બધું યાદ છે.'

ઉપનંદજીએ કહ્યું: 'પુરોહિતજી! અહીં વ્રજમાં આ ગોવર્ધન પર્વત વિશે એક બીજી વાત પણ પ્રચલિત છે. અમારા ઘરડાઓ એ વાત અમને કહેતા હતા. અહીં વૃંદાવનમાં ગોવર્ધન નામે એક બ્રાહ્મણ થઇ ગયો. તેણે પ્રભુને મેળવવા સેંકડો વર્ષો સુધી ઘણું ઉગ્ર તપ કર્યું. તેની ભક્તિથી પ્રસન્ન થઇ સાક્ષાત્ વિષ્ણુ ભગવાન વરદાન આપવા પધાર્યા. ભગવાને કહ્યું: 'હે બ્રાંહ્મણ, તારા તપથી હું ઘણો પ્રસન્ન છું. જે માગે તે તને આપું. બોલ તારે શું જોઇએ છે? તને ત્રિભુવનનું રાજ્ય આપી દઉં.' ત્યારે ગોવર્ધન બ્રાહ્મણે ભગવાનનાં ચરણોમાં બે હાથ જોડી દંડવત્ વિનંતી કરી, 'મહારાજ, તમે મળ્યા પછી ભૌતિક સુખસંપત્તિથી શો લાભ? એ તો કાયમ ટકતાં નથી. તમે તો મને કાયમ પ્રાપ્ત થયા છો. મહારાજ, આપનાં દર્શન થયા પછી મારો દેહ લૌકિક ઇચ્છાઓ શા માટે કરે? મારી એક ઇચ્છા છે કે હું સૂઇ જઉં. આપ મારી પીઠ પર આપનાં બંને ચરણકમળો રાખી ઊભા રહો. આપ સદા અહીં મારા ઉપર બિરાજો.' તેની આ નિષ્કામ ભક્તિથી પ્રસન્ન થઇ ભગવાન વિષ્ણુએ તેને તથાસ્તુ કહ્યું. ગોવર્ધન બ્રાહ્મણ ઉપર પ્રભુએ બંને ચરણારવિંદ ધર્યાં.

ગોવર્ધન બ્રાહ્મણને પ્રભુએ સારૂપ્ય મોક્ષ આપ્યો. તેથી ગોવર્ધન બ્રાહ્મણની ઇચ્છા પ્રમાણે ભગવાન વિષ્ણુ પર્વતરૂપ બની અહીં વ્રજમાં બિરાજયા.'

શ્રીગિરિરાજજીના માહાત્મ્યની રસભરી અલૌકિક વાતો સાંભળતા સૌ વ્રજવાસીઓએ શ્રીગિરિરાજબાવાની જય બોલાવી.

ગર્ગાચાર્યજીએ કહ્યું: 'હે નંદબાવા! આ ગોવર્ધન પર્વત સાક્ષાત્ પ્રભુનું અલૌકિક સ્વરૂપ છે. પ્રભુની કૃપા વિના તેમનાં દર્શન થતાં નથી. પદ્મપુરાણમાં એક કથા છે, તે સાંભળો. એક વખત નારદજીને લઇને ભગવાન ફરવા પધાર્યા. ફરતાં ફરતાં અહીં વ્રજમાં આવ્યા. ભગવાને નારદજીને આજ્ઞા કરીઃ 'નારદ, મને તરસ લાગી છે. જળાશય શોધીને નિર્મળ જળ લઇ આવ.' નારદજી જળ લેવા ગયા. ઠીક ઠીક દૂર પહોંચ્યા. ત્યાં એક સરોવર હતું. તેના કાંઠે વૃક્ષ નીચે બે ઋષિઓ તપ કરતા હતા. દરેક ઋષિની બાજુમાં મનુષ્યનાં હાડકાંનો બહુ ઊંચો પર્વત હતો. નારદજીને નવાઇ લાગી. તેઓ જળ લઇને પાછા આવ્યા. તેમણે ભગવાનને આ વાત કહી અને તેનું રહસ્ય પૂછ્યું. ભગવાને કહ્યું: 'નારદ, આ ઋષિઓ અનેક જન્મોથી અને અનેક યુગોથી ત્યાં બેસીને તપ કરી રહ્યા છે. તેમની એક જ ઇચ્છા છે, શ્રીગિરિરાજજીનાં દર્શન કરવાની. તે માટે તેઓ ઉગ્ર તપ કરે છે. તેમના આગલા જન્મનાં શરીરનાં હાડકાંનો મોટો ગંજ ખડકાતો રહ્યો છે, જે આજે એક પર્વત બની રહ્યો છે.'

'મહારાજ, આટલાં જન્મોથી તપ કરવા છતાં શું તેમને હજુ દર્શન થયાં નથી?'

'ના, નારદ. શ્રીગિરિરાજનાં દર્શન દુર્લભ છે. તેમની કૃપા વિના તેમનાં દર્શન શક્ય નથી. શ્રીગિરિરાજ મારું જ સ્વરૂપ છે. હું કોઇને તપ, દાન, યજ્ઞ, વગેરે સાધનોથી મળતો નથી, જેને મળું છું તેને મારા તરફના તેના નિઃસ્વાર્થ પ્રેમથી મળું છું. તેમ શ્રીગિરિરાજનાં દર્શન પણ તેમની શુદ્ધ પ્રેમલક્ષણા ભક્તિથી જ થાય, અન્ય કોઇ સાધનોથી નહિ થાય.'

આમ ગર્ગાચાર્યજીએ સૌ વ્રજવાસીઓને શ્રીગિરિરાજના માહાત્મ્યની કથા સંભળાવી.

વૃષભાનજીએ પૂછ્યું: 'પુરોહિતજી! તમે કહ્યું કે શ્રીગિરિરાજજીનું એક પર્વત સ્વરૂપ હોવા છતાં એક અલૌકિક ભગવદ્-સ્વરૂપ પણ છે. તો તે સ્વરૂપ કેવું છે, તે અમને કહો ને.'

'વૃષભાનજી, શ્રીગિરિરાજના અલૌકિક સ્વરૂપનો પાર તો દેવો પણ પામી શકતા નથી. આપણે આપણાં ચર્મચક્ષુઓથી શ્રીગિરિરાજ શૈલસ્વરૂપે દર્શન આપે છે. તેઓ રક્તવર્ણની ઝાંયવાળા શ્યામ રંગના છે. શ્રીગિરિરાજનું આ આધિભૌતિક સ્વરૂપ છે. તેવું તેમનું આધ્યાત્મિક સ્વરૂપ દિવ્ય અલૌકિક પર્વતરૂપ છે. એ સ્વરૂપે શ્રીગિરિરાજજી પદ્મરાગ એટલે માણેક, મરકત મણિ એટલે નીલમણિ આદિ અનેક રત્નોથી સુશોભિત ચમકતા અને સુંદર છે. શ્રી ગિરિરાજમાં જે અનેક સ્થાનો છે, તે તેમના અલૌકિક સ્વરૂપનાં અંગો છે. માનસી ગંગા એમનાં નેત્ર છે. ચંદ્રસરોવર નાસિકા છે. કૃષ્ણકુંડ દાઢી છે, વાજની શિલા કંઠ છે. ચિત્રિણી શિલા મસ્તક છે. ચીરઘાટ કટિ છે. કદંબખંડી હૃદય છે. ઐરાવત કુંડ મન છે અને સુંદર શિલા તેમનું મુખ છે. જેના ઉપર શ્રીગિરિરાજ કૃપા કરે તેમને અલૌકિક રૂપે દર્શન આપે છે. શ્રીગિરિરાજનું ત્રીજું સ્વરૂપ અલૌકિક ભગવદ્ સ્વરૂપ છે, જે આધિદૈવિક સ્વરૂપ છે. આપણા કૃષ્ણની જેમ તેઓ મેઘશ્યામ છે. જાણે બીજા કૃષ્ણ જ જોઇ લો. તેઓ મસ્તકે લાલ પાઘ ધારણ કરે છે તથા લાલ ધોતી ઉપરણો ધરે છે. શ્રીહસ્તમાં લાલ છડી લઇ વ્રજમાં વિહરે છે. તેઓ જેમના પર કૃપા કરે છે તેમને આવાં અલૌકિક દર્શન આપે છે.

પુરાણોમાં એમ કહ્યું છે કે જેઓ શ્રીગિરિરાજની નવકોશી પરિક્રમા ત્રણ વખત સતત ક્યાંય રોકાયા વિના એકસામટી કરે છે, તેમને શ્રીગિરિરાજ ગૌરભુજંગ, ગાય, ગ્વાલ, સિંહ આદિ સ્વરૂપે દર્શન આપે છે. આજે પણ વ્રજમાં ઘણા ભક્તોને તેમનો આવો જુદાં જુદાં સ્વરૂપે અનુભવ થયો છે.

શ્રીગિરિરાજની અંદર સમગ્ર ગોલોકધામ છે, તેનાં આઠ દ્વાર છે.

(૧) સુરભિ કુંડ (૨) માનસીગંગા (૩) બિલછુ કુંડ (૪) આન્યોર (૫) ચંદ્રસરોવર (૬) કદંબખંડી (૭) અપ્સરા કુંડ અને (૮) રુદ્ર કુંડ.

'લો, બાવાની વાત સાંભળતાં સાંભળતાં આપણે તો સુરભિકુંડ પાસે આવી પહોંચ્યા.'

'વાતોમાં સમય ક્યાં ગયો, તેની ખબર પડી નહિ. અહીં જ આપણે મુકામ કરવાનો છે. સૌને સુરભિ કુંડના વિસ્તારમાં મુકામ કરવા સૂચના આપી દો.'

■

પ્રકરણ : ૩

આજ દિવારી મંગલચાર

શ્રીગિરિરાજની તળેટીમાં સુરભિ કુંડથી લઇને અપ્સરા કુંડ સુધીના વિસ્તારમાં સકલ વ્રજવાસીઓના ડેરા પડ્યા હતા. આખાયે વિસ્તારમાં સફેદ તંબુ અને રાવટીઓ શોભતી હતી. મોટા મોટા તંબુઓ ઉપર રંગબેરંગી ધજાઓ ફરકતી હતી. માનવમહેરામણ સમુદ્રનાં મોજાંની જેમ ઊછળતો હતો. ક્યાંય પગ મૂકવાની જગ્યા રહી ન હતી. સૌ પોતપોતાના વિસ્તારમાં ગોઠવાઇ ગયાં હતાં. આનંદકિલ્લોલ થતો હતો, મંગલ ગીતો ગવાતાં હતાં.

ગોપ ગ્વાલો પોતપોતાની ગાયો અને બળદોને તેલની માલિશ કરી, સ્નાન કરાવી, તેમના શરીર ઉપર રંગબેરંગી ચિત્રો દોરતા હતા અને તેમને સુંદર આભૂષણોથી શણગારી ઘાસ અને અનાજ ખવડાવતા હતાં.

ગાયોને શણગારીને સૌ મેદાનમાં લઇ આવ્યા. શ્રીકૃષ્ણ બળદેવજી સહિત પોતાના સખાઓને લઇને ગાયોની વચ્ચે પધાર્યા. મોટા વ્રજવાસીઓ અને ગોપીજનો ત્યાં એકઠાં થયાં. શ્રીકૃષ્ણ સખાઓ સહિત ગાયોને ખેલાવવા લાગ્યા.

ગાય ખિલાવન ખિરેક ચલેરી ગિરિધરલાલ ।
લલિત લરિકા સંગ બાવા નંદ બલદાઉ ભલેરી ॥૧॥
શ્રીદામા આદિ સુબલ અર્જુન સખા ફોજ વિસાલ બનેરી ।
નાચત ગાવત કરત કુલાહલ કરો સિંગાર આજ હૈ દિવારી ॥૨॥
સુન નિજ નામ નેચુકી નિકસી ગાંગ બુલાઇ કાજર પીરી ।
કાન લાગ કહે કરૂર કુરૂર ડાઢ મેલ આતુર વ્હે દૌરી ॥૩॥
નંદકુમાર નિવેર ઝાર મુખ બછરા છોર દિયેરી ।
હસહસ કહત સુનો રે ભૈયા હોં ખેલત ખેલ નવેરી ॥૪॥

ગોધન પૂજ ગ્વાલ પહેરાયે કાહુકો પગા કાહુકો પિછોરી ।
વ્રજભામિની મિલિ મંગલ ગાવત
'રસિક' પ્રભુ જુગ જુગ રાજ કરોરી ॥૫॥

ગાયોને ખેલાવવાનો ખેલ જામતો ગયો. શ્રીશ્યામસુંદર ભારે કુશળતાથી પોતાની પ્રિય ગાયોને ખેલાવવાનો ખેલ સવાર, બપોર અને સાંજ રોજેરોજ કરતા રહ્યા. પોતાના લાડકવાયા લાલને કુશળતાપૂર્વક ગાય ખેલાવતા જોઇને નંદરાણી તેમના કપોલ ઉપર ચુંબનની વર્ષા કરી, તેમનાં ઓવારણાં લેતાં હતાં અને કહેતાં હતાં કે 'ભૈયા હમ જબ તેં બસે બ્રજ સૈલ સકલ સુખ બાઢે.'

ધનતેરસનો મંગલ દિવસ આવ્યો. અપ્સરા કુંડ ઉપર નંદરાણી સુંદર વસ્ત્ર, આભૂષણો સજી લક્ષ્મીપૂજન કરવા તત્પર થયાં હતાં. સોનાના બાજઠ ઉપર સોનાના થાળમાં સુવર્ણ મહોરો મૂકી હતી. બાજુમાં પૂજનનો થાળ રાખ્યો હતો. બે સાંગામાંચી ઉપર શ્રીશ્યામસુંદર અને શ્રીબલરામજીને પધરાવ્યા હતા. આજે બંને ભાઇઓએ લીલી જરીનાં સૂથન અને ચાકદાર વાઘા ધર્યા હતાં. શ્રીમસ્તકે લીલા જરીનો પાઘ બાંધી તેમાં સોનેરી ચંદ્રિકા ધરી હતી. શ્રીઅંગ ઉપર માણેકનાં ષોડશ આભૂષણો શોભતાં હતાં. શ્રીનંદરાણી બંને પુત્રો પાસે ધનપૂજન કરાવતાં હતાં.

આજ માઇ ધન ધોવત નંદરાની ।
કાર્તિક વદી તેરસ દિન ઉત્તમ ગાવત મધુરી બાની ॥૧॥
નવસત સાજ સિંગાર અનુપમ કરત આપ મન માની ।
'**કુંભનદાસ**' લાલ ગિરિધરકો દેખત હિયો સિરાની ॥૨॥

સખીજનો મંગલ ગીત ગાતાં હતાં. શ્રીકીર્તિજી શ્રીરાધિકાજીને સાથે લઇને ત્યાં પધાર્યા હતાં. લલિતાજીએ શ્રીરાધિકાજીના કાનમાં પૂછ્યું: 'પ્યારી, આપ કયું ધન પૂજો છો? ' શ્રીરાધિકાજીએ જવાબમાં પોતાનાં ચંચલ નેત્રો શ્રીશ્યામસુંદર ઉપર સ્થિર કર્યાં. પોતાના અલૌકિક ધન એવા શ્રીશ્યામસુંદરને પોતાનાં નેત્રોમાંથી વહેતા પ્રેમરૂપી દૂધમાં જાણે

સ્નાન કરાવતાં ન હોય! આ લીલાનું સુંદર વર્ણન એક પદમાં મળે છે.

પ્યારી અપનો ધન જો સંભારે ।
બારબાર દેખ નયનનસોં લે જુ હૃદયમેં ધારેં ॥૧॥
રુચિસોં સરસ સમ્હારત પિયકો આભૂષણ બહુ સોહે ।
આગમ નિરખ દિવારી કો મન **'દ્વારકેસ'** કો મોહે ॥૨॥

વ્રજમાં સંધ્યા ઊતરી આવી. સૂર્ય અસ્ત થતાં ચોમેર કૃષ્ણપક્ષનું અંધારું છવાવા લાગ્યું. અંધારી રાતને ઉત્સવની અજવાળી રાતમાં પલટાવી નાખવા સૌ વ્રજવાસીઓ તૈયાર થયા. સૌએ કોડિયાંમાં કપૂર મિશ્રિત ઘી ભરી, દીવા પ્રગટાવ્યાં. પોતાના મુકામની આજુબાજુએ જ નહિ, પરંતુ શ્રીગિરિરાજની ચોમેર સર્વ જગ્યાઓએ ઝગમગતા દીવા સજાવી દીધા. બધાં કુંડનાં પગથિયાં જાણે સોનાનાં બની ગયાં. માનસીગંગા અને સુરભિકુંડ પણ સોનાનાં બની ગયાં. આકાશમાં જાણે વીજળીઓ ચમકતી હોય એવું અદ્‌ભૂત દૃશ્ય બન્યું. દીપમાલિકાની સુંદરતા જોવા સૌ વસ્ત્ર આભૂષણ સજીને નીકળી પડ્યાં.

દેખો ઇન દીપકન કી સુંદરાઇ ।
જાનો ઘનમેં વિધુમંડલ રાજત તમનિશ પરમ સુહાઇ ॥૧॥
નંદરાય અગણિત પાંત રચી અદ્‌ભૂત યુક્તિ બનાઇ ।
વિવિધ સુગંધ કપૂર આદિ કે ઘૃત પરિપૂરણ તાઇ ॥૨॥
ઘર ઘર મંગલ હોત સબન કે ઉર આનંદ ન સમાઇ ।
'કુંભનદાસ' પ્રભુ ધેનુ ખિલાવત ગિરિધર સબ સુખદાઇ ॥૩॥

★ ★ ★ ★

શ્રીગોવર્ધન દીપમાલિકા સબ દેખન કો આયે ।
અરસપરસ બ્યંજન કરિ કે સબ વ્રજવાસી પૂજનકો ધાયે ॥૧॥
તબ નંદ ઉપનંદ બુલાયે બ્રજવાસી સબહી પહરાયે ।
'કુંભનદાસ' લાલ ગિરિધરન સબ બ્રજજનકે હિરે સિરાયૈ ॥૨॥

શ્રીશ્યામસુંદરે સખાઓને એકઠા કર્યા અને આજ્ઞા કરી : ભૈયા, આપણે આનંદબજાર ભરીએ. સૌ પોતપોતાની સુંદર ચીજ-વસ્તુઓ, પકવાન, ખિલૌના, વગેરે લઇને આવો. તમારી માતાઓ પાસેથી સુંદર સાડીઓ લાવો. દરેક પોતપોતાની નાની દુકાન સજાવો. ગોપીઓ ખરીદી કરવા આવે. આપણે તેમને ચીજ-વસ્તુઓ વેચીએ. બડી મજા આવશે.

શ્રીનંદનંદનીની આ વાત સૌને ગળે ઊતરી ગઇ. રાત્રિના ઝગમગાટમાં શ્રીગિરિરાજજીની તળેટીમાં સુંદર બજાર સજાઇ ગયું. વ્રજમાં દુકાનને'હાટ' કહે છે અને નાની દુકાનને 'હટડી' કહે છે. સામાન્ય લૌકિક મનુષ્યોની આ દુકાન નથી. સાક્ષાત પુરુષોત્તમની આ હટરીઓ છે. તેથી હટરીઓ રત્નજડિત સોનાની બનાવેલી છે. તેમાં દીવા શોભી રહ્યા છે. સુંદર ચીજ-વસ્તુઓ સજાવેલી છે. ગોપીજનો ખરીદી કરવા આવે છે. શ્રીનંદનંદન સાથે ભાવની રકઝક કરે છે. અરસ-પરસ કટાક્ષ વચનો કહેવાય છે. સૌ આનંદસાગરમાં ડૂબી જાય છે.

હટરી બૈઠે ગોપાલ ।
રત્નજડિતકી હટરી બનાઇ હીરામોતી પરમ રસાલ ॥૧॥
ડલાડલૈયા ઔર કુલ્હૈયા ભરભર ધરે પકવાન રસાલ ।
પાનફૂલ સોંઘે સબ બાત દૈદૈ નંદ કે લાલ ॥૨॥
રામાવલિ પ્રેમાવલિ લલિતા ચંદ્રાવલિ વ્રજમંગલા બાલ ।
ચલો સખી તહાં પેઠ લગી હે બેચત હૈં જહાં ગોકુલપાલ ॥૩॥
સુંદરી આઇ ગૃહગૃહતેં નિરખન નયન વિસાલ ।
'ગોવિંદ'પ્રભુ પ્રિય ચિત્તચોર્યો વ્હૈં બંધી પ્રેમકી પાલ ॥૪॥

આમ, આનંદમંગલ મનાવતાં આસો વદ અમાસનો દિવસો આવ્યો. દિવાળીનું સૌથી આ મોટું પર્વ છે. સૌ દિવાળીનો ઉત્સવ મનાવી રહ્યાં છે. આંગણ સ્વચ્છ કરી મોતીના ચોક પૂર્યા છે. પોતપોતાના તંબૂઓને તોરણોથી શણગાર્યા છે. શ્યામસુંદરે પણ આજે સફેદ જરીનાં સુથન

ઉપર સફેદ જરીનો ચાકદાર વાગો ધર્યો છે. કટિ ઉપર લાલ જરીના પટકા બાંધ્યા છે. શ્રીઅંગ પર લાંબું લાલ પીતાંબર ઝુલી રહ્યું છે. મસ્તકે સફેદ જરીની કૂલ્હે ઉપર તેર મોરચંદ્રિકાની જોડ અને ગોકર્ણ ધર્યા છે. ત્રણ જોડીનાં આભૂષણોથી આખું શ્રીઅંગ ઝગમગી રહ્યું છે.

આજ દિવારી મંગલચાર ।
વ્રજયુવતિ મિલ મંગલ ગાવત ચોક પુરાવત આંગન દ્વાર ॥૧॥
મધુમેવા પકકવાન મિઠાઇ ભરિ ભરિ લીને કંચન થાર ।
'પરમાનંદદાસ' કો ઠાકુર પહેરે આભૂષણ સિંગાર ॥૨॥

શ્રીનંદરાયજીના આંગણામાં સકલ વ્રજવાસીઓનો દરબાર ભરાયો છે. ગર્ગાચાર્યજી પણ ત્યાં આવ્યા છે. શ્રીનંદબાવાએ કહ્યું: 'પુરોહિતજી! આવતીકાલે ગોવર્ધનપૂજનનું શુભ મુહૂર્ત છે. એ અંગે આપણે હવે શું કરવાનું છે, તે સમજાવો.'

શ્રીનંદબાવાની બાજુમાં શ્રીનંદનંદન બિરાજ્યા છે. ગર્ગાચાર્યજીએ કહ્યું: 'બાવા, શ્રીકૃષ્ણની આજ્ઞા છે કે ગાયો અને બ્રાહ્મણોને સાથે રાખીને આપણે ગોવર્ધનયજ્ઞ કરવાનો છે. માટે તે યજ્ઞમાં પધારવા ગાયો અને બ્રાહ્મણોને આપણે નોતરાં આપવાં જોઇએ.'

શ્રીનંદનંદને કહ્યું: 'બાવા, ગર્ગાચાર્યજી તદ્દન સાચું કહે છે. આજે સાંજે આપણે સૌ પોતપોતાની ગાયોને શણગારી, સાથે લઇ શ્રીગિરિરાજબાવાની સન્મુખ જઇશું. ત્યાં ગાયોનું પૂજન કરી, તેમને પ્રસાદ ખવડાવી કાલે વહેલાં પધારવા આમંત્રણ આપીશું. આ આમંત્રણ આપવાનો ઉત્સવ છે. ગાયોના કાન આપણે ફૂંકીશું અને ગાયોને ખૂબ ખેલાવીશું. '

આ સાંભળીને સૌ વ્રજવાસીઓ રાજી થયા. કાન જગાવનના ઉત્સવની તૈયારીઓમાં સૌ લાગી ગયાં. સાંજ પડી, અંધારું થતાં આખું વ્રજ દીપમાલિકાઓથી ઝળહળી ઊઠ્યું. જાણે આખું વ્રજ સોનાથી મઢાઇ ગયું હતું. સૌ શ્રીગિરિરાજની સન્મુખ વાજતે-ગાજતે આવ્યાં. શ્રીનંદનંદને આજ્ઞા કરી: પહેલા શ્રીગિરિરાજબાવાને દૂધનો ભોગ ધરો. દૂધની મોટી હાંડીનો ભોગ ધરાવ્યો, પછી બીડાં આરોગાવ્યાં. પછી ગર્ગાચાર્યજીએ નંદબાવા પાસે બ્રાહ્મણો અને ગાયોનું પૂજન કરાવ્યું. નંદબાવાએ અને શ્રીનંદનંદને એક-એક ગાયના કાનમાં કાલે ગોવર્ધનયજ્ઞમાં પધારવાનું આમંત્રણ આપ્યું. સૌ બ્રાહ્મણોને પણ હાથ જોડીને પધારવા વિનંતી કરી. ચારે બાજું આનંદમંગલ થઇ ગયો.

ઘરમેંસુ બહિર ઉઠી આયે, સબ ગાયનકે કાન જગાવન ।
જૈસેં ભોર હૂક્કે ખેલે, લાગે લેલે નામ બુલાવન ॥૧॥
ગાંગ બુલાઇ ધુમર ધોરી કારી કાજર પીયરી લાલ ।
અપને સંગ સખા સબ લીને લટકત ડોલત ખરિક ગોપાલ ॥૨॥
અપની જગાય દાઉકી ઔર જગાઇ સબકી જાય ।
'શ્રીવિઠ્ઠલ ગિરિધર' સુખ પાવત બ્રજનારી ત્યોહાર મનાય ॥૩॥

ગાયોનાં કાન જગાવવાનો ઉત્સવ પૂરો થઇ ગયો. શ્રીગર્ગાચાર્યજીએ નંદબાવાને કહ્યું: 'બાવા, આજની દિવાળીની રાત શ્રીગોવર્ધનની પરિક્રમા માટેનું મંગલ મુહૂર્ત છે. માટે સૌ વ્રજવાસીઓને લઇ શ્રીકૃષ્ણની આજ્ઞા પ્રમાણે આપણે વૃંદાવન સહિત શ્રીગોવર્ધનની પરિક્રમા આજની રાતે કરીશું.'

શ્રીનંદકિશોરે પણ આજ્ઞા કરી: 'હા, બાવા. સૌ વ્રજવાસીઓને સાથે લઇ આપ પરિક્રમા કરવા પધારો. ચાલી ન શકે એવાં વૃદ્ધો અને બાળકો ગાડામાં બેસી પરિક્રમા કરે.'

શ્રીનંદકુમાર આટલું કહીને માતાની પાસે ગયા. તેમણે માતાને કહ્યું: 'મૈયા, મને તો નિંદ આવે છે. મારાથી ગોવર્ધનની નવકોશની પરિક્રમા થઇ શકશે નહિ.'

શ્રીયશોદામાતાએ કહ્યું: 'ભલે કનૈયા તું અને બલદાઉ આપણા તંબુમાં જઇ સૂઇ જાઓ. હું કોઇ સખીને તમારું ધ્યાન રાખવા તંબુમાં મૂકી જઇશ.'

શ્રીબલરામજીએ આ સાંભળીને કહ્યું: 'મૈયા, મારે તો પરિક્રમા કરવી છે. કનૈયાને સૂઇ જવું હોય તો ભલે સૂઇ જાય. હું તો પરિક્રમા કરવા તમારી સાથે આવીશ.'

'ભલે લાલા, તારી ઇચ્છા હોય તેમ કર. લલિતા, કનૈયાને આપણા તંબુમાં લઇ જા અને સુવાડી દે. રાત્રે તું તેનું ધ્યાન રાખજે.

'ભલે મૈયા, તમે કાનાંની ચિંતા ન કરશો, હું તેની કાળજી રાખીશ.'

શ્રીનંદકિશોરને લઇને લલિતા સખી અપ્સરા કુંડની દિશામાં ઊપડ્યાં. બાકી સર્વ વ્રજવાસીઓ શ્રીગિરિરાજને સાષ્ટાંગ દંડવત્ કરી, હાથ જોડી આજ્ઞા માગી પરિક્રમા કરવા ઊપડ્યા.

દીપ દાન કે નંદજુ, રજનીમુખ ચહું ઓર ।
ગાયન કાન જગાય કે, બૂઝત નંદકિશોર ॥૧॥
આજ કહુંકી રાત ચલો પરિક્રમા કીજે ।
ગિરિ સબજુ નિસ જાગ ભૌર બલિ પૂજા દીજે ॥૨॥
ચલે હરખ ગિરિરાજ કો સબે દાહિનો દેહિ ।
ગોવર્ધન ગોપાલ કી, સબ ગોપ બલૈયા લેહિ ॥૩॥
મધ્ય આધિદૈવિક રત્નખચિત ગિરિરાજ બિરાજે ।
દીપમાલિકા ચહું ઔર અદ્ભૂત છબી છાજે ॥૪॥
સકલ નિસા આનંદમે રાજત ગઇ બિતાય ।
બિધિવત પૂજા કિજિયે, બલિ ઉપહાર મગાય ॥૫॥

અપ્સરા કુંડ તરફ જતાં રસ્તામાં શ્રીરાધિકાજી મળ્યાં. તેમણે શ્રીશ્યામસુંદરને કહ્યું: 'શ્યામ, આજની દિવાળીની રાતે ચોપાટ રમવાનો પણ ભારે મહિમા હોય છે. તમે ચોપાટની રમતમાં ભારે કુશળ છો. મારા તંબૂમાં પધારો. સૌ વડીલો પરિક્રમા કરવા ગયાં છે. આપણે ચોપાટ રમી લઇએ.'

શ્રીશ્યામસુંદરને લઇને શ્રીરાધિકાજી તેમના તંબૂમાં પધાર્યા. શ્રીલલિતાજીએ ચોપાટ બિછાવી. બંને સ્વરૂપો ચોપાટ ખેલવા બિરાજ્યાં. વારાફરતી પાસા ફેંકતાં ગયાં. કૂકડીઓ ખેલાતી ગઇ, પહેલા દાવે શ્યામસુંદર જીતી ગયા. બીજા દાવે શ્રીરાધિકાજી જીતી ગયાં. પછી તો ઉપરાઉપરી બધા દાવાઓ શ્રીરાધિકાજી જીતતાં ગયાં. શ્રીશ્યામસુંદર હારતા રહ્યા. દાવમાં વસ્ત્રો, આભૂષણો મૂક્યાં. શ્રીશ્યામસુંદરના અંગ ઉપર કેવળ એક તનિયો રહ્યો, ત્યારે લજવાતા લજવાતા તેઓ પોતાના તંબૂમાં પધાર્યા અને સૂઇ ગયા.

વહેલી સવારે શ્રીગોવર્ધનની પરિક્રમા કરી સૌ મુકામે પાછાં આવ્યાં. શ્રીયશોદાજી પોતાના તંબૂએ પધાર્યાં. ત્યારે શ્રીરાધિકાજી, શ્રીકૃષ્ણનાં વસ્ત્રો અને આભૂષણોની પોટલી લઇને ત્યાં પધાર્યાં. તેમણે શ્રીયશોદાજીને પોટલી સોંપતાં કહ્યું: 'મૈયા, કાલે તમારાં પુત્ર ઊંઘ ન આવવાથી મારી સાથે ચોપાટ રમવા લાગ્યા હતા. તેઓ દાવમાં તેમનાં બધાં વસ્ત્રો, આભૂષણો હારી ગયા. તે તમને પાછાં સોંપવા આવી છું.'

શ્રીયશોદાજી પ્રેમથી રાધિકાજીની સામે જોઇ રહ્યાં અને મનોમન બોલ્યાં: 'મારા કનૈયાની વહુ બનીને, બેટી, તું અમારા ઘેર આવજે. આ વ્રજમાં મારા કનૈયાને જો કોઇ કાબૂમાં રાખી શકે તેવું હોય, તો તું જ છે. કેવી શાણી અને સમજું છે!'

પોટલી સોંપી શ્રીરાધિકાજી મંદ મંદ સ્મિત કરતાં ચાલ્યાં ગયાં. શ્રીયશોદાજી નંદકુમારને જગાવવા તંબૂમાં પધાર્યા.

દિવાળીના આ ઉત્સવની આનંદભરી લીલાનાં દર્શન શ્રીસૂરદાસજી વગેરે ભગવદીય કવિઓને થયાં હતાં. તેમણે મન ભરીને આ સર્વ ઉત્સવની લીલાનાં કીર્તનો ગાયાં હતાં. આ કીર્તનો ગાતાં અને વિચારતાં આપણને પણ એ લીલાનો આનંદ પ્રાપ્ત થાય છે. શ્રીસૂરદાસજી આદિ ભગવદીય કવિઓ શુદ્ધ પુષ્ટિ જીવો હતા. શ્રીપ્રભુની નિત્યલીલામાં શ્રીપ્રભુના તેઓ કૃપાપાત્ર વ્રજજનો હતા. તેથી આ બધી લીલાનો અનુભવ તેમને નિત્યલીલામાં પણ થતો અને અહીં પૃથ્વી ઉપર પણ તેમણે તે જ અનુભવ કર્યો.

પરંતુ શ્રીશુકદેવજી મહારાજને નિત્યલીલામાં શુદ્ધ પુષ્ટિ જીવ તરીકે પ્રવેશ નહિ મળવાથી તેમને આ અલૌકિક લીલાનો અનુભવ શ્રીપ્રભુએ કરાવ્યો નથી. તેથી શ્રીશુકદેવજી મહારાજે દશમ સ્કંધમાં દિવાળીની આ લીલાનું ગાન કર્યું નથી.

અહીં એવો પ્રશ્ન થાય છે કે દશમ સ્કંધનું ગાન શ્રીશુકદેવજીના હૃદયમાં બિરાજીને શ્રીપ્રભુએ પોતે કરેલું છે. શ્રીશુકદેવજી તો કેવળ વક્તા છે. તો સ્વયં ભગવાન શ્રીકૃષ્ણે પોતાની આ અલૌકિક લીલા પોતે કેમ ન ગાઇ?

એનો ખુલાસો એવો મળે છે કે શ્રીમદ્ ભાગવત કેવળ શુદ્ધ પુષ્ટિ જીવો માટે જ નથી, પણ મર્યાદા અને પુષ્ટિ સર્વ જીવો માટે છે. તેથી જેમનો અધિકાર જે લીલામાં હોય તે લીલા જ તેમની સામે રજૂ થાય. આથી તો રાસલીલા સાંભળતાં સાંભળતાં રાજા પરીક્ષિતને શંકા થઇ, ત્યારે તે પ્રસંગમાં પણ શ્રીશુકદેવજી મૌન બની ગયા હતા. આથી આપણા અષ્ટછાપ મહાનુભાવી કવિઓએ ગાયેલી અલૌકિક શુદ્ધ પુષ્ટિ લીલાઓ શ્રીમદ્ ભાગવતમાં મળતી નથી, પરંતુ આ લીલાઓ પણ સત્ય છે, કારણ કે ભગવદીયોને તેમની આંખો અને અંતઃકરણમાં એનો અનુભવ થયેલો છે જ.

◆

પ્રકરણ : ૪

ગોવર્ધન પૂજનકો સકલ ગ્વાલ આયે

કાર્તિક સુદ એકમની સવારે સોનેરી સૂર્યનાં હુંફાળાં કિરણોએ સુરભિ કુંડના જળને સોનેરી બનાવી દીધું હતું. શ્રીગિરિરાજની પરિક્રમા કરીને પાછા આવેલા સૌ વ્રજવાસીઓએ જલદી જલદી પ્રાતઃકાર્ય આટોપી, સ્નાન કરી ઉત્તમમાં ઉત્તમ વસ્ત્ર, આભૂષણ ધારણ કર્યાં હતાં. ગોપગ્વાલોના મસ્તકે રંગબેરંગી પાઘ શોભતી હતી. જાણે રંગબેરંગી પુષ્પોની બિછાત ન થઇ હોય! ગોપિકાઓ પણ રંગબેરંગી જરીની સાડીઓમાં રંગભરેલા સમુદ્રનાં ઊછળતાં મોજાં જેવી લાગતી હતી. નંદરાણીએ અને રોહિણીજીએ સખીઓની મદદથી શ્યામસુંદરને ઉષ્ણ જળથી સ્નાન કરાવી વસ્ત્ર-આભૂષણ ધરાવ્યાં હતાં. બંને ભાઇઓએ લાલ રેશમી સૂથન ઉપર સફેદ જરીનો ચાકદાર જામો ધર્યો હતો. કટિ ઉપર લાલ જરીના પટકા બાંધ્યા હતા. શ્રીઅંગ ઉપર હીરા, માણેક અને નીલમનાં ષોડશ આભૂષણ ધર્યા હતાં. શ્રીમસ્તક ઉપર સફેદ જરીની કુલ્હે ઉપર તેર ચંદ્રિકાનો મોરપિચ્છનો જોડ ધર્યો હતો. તેની સાથે લાલ જરીનાં ગોકર્ણ શોભતાં હતાં. બંને સ્વરૂપો એ લાલ રેશમી પીતાંબર ખભે ધર્યા હતાં. સૌ તૈયાર થઇ ગયાં.

નંદબાવાના આંગણામાં બધા વેળાસર ભેગા થયા. ઢોલ, શહનાઇ અને અન્ય વાજિંત્રો વાગવા લાગ્યાં. શોભાયાત્રાની તૈયારીઓ થઇ ગઇ. સૌ શોભાયાત્રાના રૂપમાં ગોઠવાવા લાગ્યાં. સૌથી આગળ ગાયો ચાલતી હતી. ગાયોની પહેલાં ગાડામાં નિશાન-ડંકા વાગતા હતા. શોભાયાત્રાની મોખરે ઘોડેસ્વાર બનીને ગોપ કેશરી ધજાઓના ધ્વજદંડ હાથમાં લઇ, ઘોડા નચાવતા હતા. ગાયોની પાછળ ગોવાળો હતા. બ્રાહ્મણોની પાછળ શ્રીનંદરાયજી, વૃષભાનજી આદિ વડીલો ચાલતા હતા. શ્રીનંદરાયજીની

બંને બાજુ શ્યામ અને રામ ચાલતા હતા. સૌથી છેલ્લે નંદરાણી અને કીર્તિજીને આગળ રાખી, બધાં ગોપીજનો મંગળ ગીતો ગાતાં ગાતાં ચાલતાં હતાં. કીર્તિજીની બાજુમાં મલપતી ચાલે શ્રીરાધિકાજી ચાલી રહ્યાં હતાં. અનેક ગોપ-ગોપીઓ ઝાંઝ પખવા સાથે કીર્તન કરી રહ્યાં હતાં.

ગોવર્ધન પૂજન ચલેરી ગોપાલ ।
મત્ત ગયંદ જીય લજ્જીત નિરખ મંદગતિ ચાલ ॥૧॥
બ્રજનારિન પકવાન બહુત કર ભર ભર લીને થાલ ।
અંગ સુગંધ પહર પટ ભૂષણ ગાવત ગીત રસાલ ॥૨॥
બાજે અનેક વેણુરવસોં મિલ ચલત વિવિધ સુરતાલ ।
ધ્વજા પતાકા છત્ર ચમર ધર કરત કુલાહલ ગ્વાલ ॥૩॥
બાલક વૃંદ ચહું દિસ સોહિત માનો કમલ અલિમાલ ।
'કુંભનદાસ' પ્રભુ ત્રિભુવન મોહન ગોવર્ધનધરલાલ ॥૪॥

શ્રીશ્યામસુંદરે બ્રાહ્મણો પાસે પૂણ્યાહ્‌વાચન કરાવ્યું. સૌએ ઉચ્ચ સ્વરે સ્વસ્તિવાચન કર્યું. વેદમંત્રનો જયઘોષ ચોમેર ફેલાયો. ત્યારબાદ શ્રીશ્યામસુંદરે શ્રીગર્ગાચાર્યજીને વિનંતી કરીઃ 'પુરોહિતજી! આપ નંદબાવા પાસે શ્રીગિરિરાજજીનું ષોડશોપચાર પૂજન કરાવો.' ગિરિવરપૂજનની સર્વ તૈયારીઓ થઇ ચૂકી હતી. વાજિંત્રો વાગતાં હતાં, સૌ ગીત ગાતાં હતાં, ગોપ-ગોપીઓ હાથ જોડીને દર્શન કરી રહ્યાં હતાં. શ્રીગર્ગાચાર્યજીએ નંદબાવા અને શ્રીશ્યામસુંદર પાસે શ્રીગોવર્ધનપૂજન કરાવવાનો પ્રારંભ કર્યો.

સૌ પહેલાં સોને મઢેલા મોટા શંખમાં માનસીગંગાનું પવિત્ર જળ ભરી, શ્રીગિરિરાજના મુખારવિંદને સ્નાન કરાવવામાં આવ્યું. ત્યાર બાદ નવ લાખ ગાયોના દૂધથી શ્રીગિરિરાજજીને સ્નાન કરાવવામાં આવ્યું. પછી પંચામૃત સ્નાન થયાં. દૂધ-દહીં-ઘી-ખાંડ અને મધથી સ્નાન કરાવ્યું. ફરી પાછું સેંકડો મણ દૂધથી સ્નાન કરાવ્યું. ગિરિતળેટીમાં દૂધની મોટી મોટી નદી વહેવા લાગી.

સ્નાન થઇ ગયા પછી ચંદન, આંબળાં વગેરેથી શ્રીગિરિરાજને અભ્યંગ સ્નાન કરાવવામાં આવ્યું. અંતે માનસી ગંગાના શુદ્ધ જળથી સ્નાન કરાવ્યું. કોમળ સફેદ વસ્ત્રથી અંગવસ્ત્ર કર્યું. શ્રીગિરિરાજબાવાને ગુલાબનું મઘમઘતું અત્તર સમર્પવામાં આવ્યુ. શ્રીગિરિરાજબાવાને લાલ ધોતી-ઉપરણા ધરાવવામાં આવ્યા. શ્રીશ્યામસુંદરે શ્રીગિરિરાજબાવાના લલાટમાં કુમકુમનું તિલક કર્યું અને કેસરથી કપોલ ઉપર કમલપત્ર કર્યાં. શ્રીગિરિરાજબાવાને વિવિધ પુષ્પની પુષ્પમાળાઓ ધરાવવામાં આવી.

ત્યારબાદ શ્રીશ્યામસુંદરે વ્રજવાસીઓને આજ્ઞા કરીઃ ભોગની સામગ્રીઓ લાવો. શ્રીગિરિરાજબાવાને માટીના મોટા મલડાઓમાં વિવિધ સામગ્રીઓ ભરી, તે મલડા વાંસના મોટા મોટા ટોપલાઓમાં ભરી કુનવારાનો ભોગ ધરવામાં આવ્યો. શ્રીશ્યામસુંદર સહિત સૌએ હાથ જોડી શ્રીગિરિરાજબાવાને ભોગ આરોગવા વિનંતી કરી.

ત્યારબાદ શ્રીશ્યામસુંદરે વ્રજવાસીઓ અને ગાયોને આગળ કરી શ્રીગિરિરાજબાવાની પંચકોશી પરિક્રમા કરી. ગોપીજનોએ પણ ગાડામાં બેસી પરિક્રમા કરી.

પરિક્રમા બાદ ભોગ સરાવી, આચમન કરાવી મુખવસ્ત્ર કરી બીડાં આરોગાવ્યાં. પછી શ્રીશ્યામસુંદરે નંદબાવાને વિનંતી કરી. 'બાવા! બધા વ્રજવાસીઓને આજના મંગલ ઉત્સવ પ્રસંગે પહેરામણીઓ આપો.' શ્રીશ્યામસુંદરે કંકુવાળા શ્રીહસ્ત કરી બધા વ્રજવાસીઓની પીઠે થાપા દઇને તેમને કિંમતી વસ્ત્રોની પહેરામણી કરી, હાથમાં મહાપ્રસાદનો એક-એક મલડો આપ્યો. આમ, પહેરામણી કર્યા પછી શ્રીનંદબાવાએ શ્રીયિરિરાજજીની આરતી કરી. સૌએ ઉત્સાહથી શ્રીગિરિરાજધરણનો જયઘોષ કર્યો. આમ, શ્રીગોવર્ધન પૂજનનો પ્રસંગ સંપન્ન થયો.

બડેનકો આગે દૈ ગિરિધર શ્રીગોવર્ધન પૂજન આવત ।
માનસીગંગા જલ ન્હવાય કે પાછે દૂધ ધોરીકો નાવત ॥૧॥
બહોરી પખાર અરગજા ચરચિત ધૂપદીપ બહુ ભોગ ધરાવત ।

દે બીરા આરતી કરત હૈં બ્રજભામિનિ મિલ મંગલ ગાવત ॥૨॥
ટેર ગ્વાલ ભાજન ભર દેકે પીઠે થાપ સિરપેંચ બંધાવત ।
'ચત્રભુજ' પ્રભુ ગિરિધર અબ યહ બ્રજ
જુગજુગ રાજ કરો મનભાવત ॥૩॥

* * * *

ગોધન પૂજન કરકે ગોવિંદ સબ ગ્વાલન પહેરાવત ।
આવો સુબાહુ સુબલ શ્રીદામા ઉંચે લે લે નામ બુલાવત ॥૧॥
અપને હાથ તિલક દે માથે ચંદન ઔર બદન લપટાવત ।
વસન વિચિત્ર સબનકે માથેં વિધિસો બાંધ બંધાવત ॥૨॥
ભાજન ભર ભર લે કુનવારો તાકો તાહિ ગહાવત ।
'ચત્રભુજ' પ્રભુ ગિરિધર તા પાછે ધોરી ધેનુ બિલાવત ॥૩॥

* * * *

ગોવર્ધન પૂજન પરમ ઉદાર ।
ગોપવૃંદ ગોધન મોહન કે શોભા બાઢી અપાર ॥૧॥
ખટરસ બ્યંજન ભોગ સૈલહી ધરત બિબિધ ઉપહાર ।
પૂજા કર પાય લાગ પ્રદક્ષિણા દેત દિવાવત ગાર ॥૨॥
ચહું ઔર ગોપી કંચન તન માનો ગિરિ પહર્યો હાર ।
'પરમાનંદ' પ્રભુકી છબિ નિરખત રહ્યો બિથકિ સુન માર ॥૩॥

શ્રીશુકદેવજીએ દશમ સ્કંધમાં શ્રીગોવર્ધન પૂજાનું વર્ણન માત્ર ત્રણ શ્લોકમાં નીચે પ્રમાણે કર્યું છે.

તથા ચ વ્યદધુઃ સર્વં યથાહ મધુસૂદનઃ ।
વાચયિત્વા સ્વસ્ત્યયનં તદ્ દ્રવ્યેણ ગિરિદ્વિજાન્ ॥

અર્થઃ ભગવાન મધુસુદને જે પ્રમાણે જે કહ્યું હતું તે પ્રમાણે નંદ અને બીજાઓએ કર્યું. તેમણે સ્વસ્તિ વાચન કરાવ્યું અને તે દ્રવ્યથી પર્વત અને બ્રાહ્મણોની પૂજા કરી.

ઉપકૃત્ય બલીન્ સર્વાનાદત્તા યવસં ગવામ્ ।
ગોધના દિષુ કુઃપુરસ્કૃત્ય ગિરિ ચકુઃ પ્રદક્ષિણામ્ ॥

અર્થ : સર્વને (ગ્રહોને, દિશાના દેવતાઓને) બલિ અર્પણ કરી, ગાયોને ઘાસ નાખ્યું. આ રીતે આદર પામેલાં નંદ અને બીજાઓએ, ગાયોને આગળ કરીને ગિરિરાજ પર્વતની પ્રદક્ષિણા કરી.

અનાંસિ અનડુહૂ યુકતાનિ તો ચારુહ્ય સ્વલંકૃતાઃ ।
ગોપ્યશ્ચ કૃષ્ણવીર્યાણિ ગાયન્ત્યઃ સદદ્વિજાશિષઃ ॥

અર્થ : ગાડાને બળદો જોડ્યા. તેમાં ગોપીઓ સારા અલંકારો ધારણ કરીને બેઠી. તે ગોપીઓ અને બીજી સ્ત્રીઓ કૃષ્ણની લીલાઓનાં ગુણગાન કરતી હતી તેમજ ભગવદીયો અને બ્રાહ્મણોના આશીર્વાદ સાથે તે પર્વતની પ્રદક્ષિણા કરી.

આ ત્રણેય શ્લોકો ઉપરનાં 'સુબોધિની'માં શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે ભગવાન મધુસુદને જે પ્રમાણે કહ્યું હતું, તે પ્રમાણે નંદબાવા વગેરે સર્વ કોઇએ કર્યું. બ્રાહ્મણો પાસે સ્વસ્તિવાચન કરાવી યજ્ઞનો પવિત્ર દિવસ નક્કી કર્યો. પર્વત અને બ્રાહ્મણોને પૂજય ગણી તેમને નિમંત્રણ આપવા તેમની પૂજા કરી. વૈદિક ક્રિયાકાંડમાં ગ્રહોને નિમંત્રણ આપવામાં આવે છે, તે પ્રમાણે વિધિપૂર્વક સર્વ કાર્ય કર્યું. ગોવર્ધન પૂજા પછી ભગવાને આજ્ઞા કરી, તે પ્રમાણે બધો બલિ ગ્રહોને, દિશાના દેવતાઓને, આશ્રિતોને તેમજ બીજાઓને આપ્યો. જે પૂજય હતા તેમની પણ પૂજા કરી. આ રીતે આદર પામેલા નંદરાયજી અને બીજાઓને તેમની ગાયોને આગળ કરી. સર્વ કંઇ વિધિપૂર્વક કરવામાં કશું બાકી રાખ્યું નહિ. ગોવર્ધન પૂજનનો આ મહોત્સવ ખૂબ આનંદથી ઉજવાવો જોઇએ. માટે ગોપ-ગોપીઓએ સારા અલંકારો ધારણ કર્યા હતા. તેમના બળદોને અને ગાડાંને પણ શણગાર્યાં હતાં. બળદ જોડેલાં ગાડાંમાં ગોપો બેઠા અને સાથે બીજા પણ બેઠા. તે પ્રમાણે પછીનાં ગાડાંમાં

ગોપીઓ બેઠી અને સાથે બીજી સ્ત્રીઓ પણ બેઠી. આ બધી સ્ત્રીઓ ભગવાન શ્રીકૃષ્ણની લીલાઓ ગાતી હતી. તેમને ભગવદીયો તેમજ બ્રાહ્મણોના પણ આશીર્વાદ મળ્યા. તેમણે સૌએ ગાડામાં બેસી ગિરિરાજ પર્વતની પ્રદક્ષિણા કરી. આ ગોવર્ધન પૂજાથી-વિષ્ણુ યજ્ઞથી-બ્રાહ્મણો અને સ્ત્રીઓને પરમ સંતોષ થયો. આ રીતે બધાંએ સાથે મળી મહોત્સવનો આનંદ માણ્યો.

શ્રીશુકદેવજીએ અષ્ટછાપ ભગવદીય કવિઓની જેમ વિસ્તારથી ગોવર્ધન પૂજાનું વર્ણન કર્યું નથી. ગોવર્ધન પૂજાનો અલૌકિક આનંદ શ્રીપ્રભુની કૃપાથી ભગવદીયોને જ પ્રાપ્ત થયો છે. મેહા ઢીમર જેવા માછીમાર જાતિમાંથી આવેલા ભગવદીય ઉપર પણ આ લીલાના અનુભવની પ્રભુની અત્યંત કૃપા થયેલી જણાય છે. જેથી તેમણે પણ આ લીલાનાં અદ્‌ભૂત પદો ગાયાં છે.

ગોવર્ધન પૂજન બાદ શ્રીકૃષ્ણે સૌ વ્રજવાસીઓને આજ્ઞા કરી કે તળેટીની ભૂમિ જળથી ખાસા કરી, ભોગ ધરવા માટેની તૈયારી કરો. સૌએ જળથી ભૂમિ ખાસા કરી, કંકુ, અબીર, ગુલાલ વગેરેનાં છાપાંથી સુશોભિત કરી. પછી ભોગ ધરવા માટે સૌ તૈયાર થયા. ગોપ-ગોપીઓ પોતપોતાની સામગ્રી લઇ આવ્યાં. સૌથી આગળ દૂધ, દહીં, મલાઇ, માખણ, શિખંડ, બાસુંદી, પેંડા, બરફી, વગેરે દુધની સામગ્રીઓ ધરાવવામાં આવી. તે સાથે વિવિધ પ્રકારનાં ફળ-ફૂલોના ટોપલા ધરવામાં આવ્યા. ત્યાર પછી અનેક પ્રકારની અનસખડીની સામગ્રીઓના ટોપલા ધરવામાં આવ્યા. તેમાં ખાજાં, ગુંજાં, ફેણી, ઈદરસા, લૂચઇ, ઘેબર, બાબર, જલેબી, ઠોર, મઠડી, લાડુ આદિ હતાં. આ બધા ટોપલા એટલા બધાં પ્રમાણમાં હતા કે જગ્યાના અભાવે ઉપરાઉપરી ધરવા પડ્યા. ટોપલાઓની ઊંચી દિવાલ બની ગઇ. જેની પાછળ શ્રીગિરિરાજજી ઢંકાઇ ગયા. અનસખડીની સામગ્રીઓ ધર્યા પછી સખડીની સામગ્રીઓ ધરવાનું શરૂ થયું. ભૂમિ ઊપર ઘાસનું મોટું બીડું બિછાવી તેમાં પહેલા સખડી પધરાવવામાં આવી. ત્યારપછી દરેક વ્રજવાસીઓના ઘરની સખડી પણ પધરાવવામાં આવી. સખડીનો મોટો પર્વત થઇ ગયો. જાણે આકાશને અડકતો ન હોય! સખડીના પર્વત ઉપર ચક્રના ચિત્રવાળું ગુંજું ધરવામાં આવ્યું. કેસર છિરકાયુ તેની ચોમેર જાત-જાતની દાળો અને કઢીનાં મોટાં મોટાં કુંડાઓ ધરવામાં આવ્યાં. સખડીની બીજી અનેક સામગ્રીઓનો ભોગ ધરવામાં આવ્યો. જળ આરોગવા માટે જમુનાજળની મથનીઓ, શ્રીગિરિરાજ બાવાની ડાબી બાજુ ધરવામાં આવી.

બધો ભોગ સજાઇ ગયા પછી શ્રીનંદનંદને બતાવ્યા પ્રમાણે શ્રીનંદરાયજીએ ધૂપ-દીપ કરી, શંખોદક કરી બધી સામગ્રીમાં તુલસીપત્ર પધરાવ્યાં. હાથ જોડી ભોગ આરોગવા શ્રીગોવર્ધન ગિરિરાજને વિનંતી કરી.

બિનતી કરત નંદ કર જોરે પૂજા કહા હમ જાને નાથ ।
હમ હૈ જીવ સદા માયા કે દર્શન દૈમોહે કિયો સનાથ ।।૧।।
મહારાજ મેં પાવન કીનો પ્રભુકી સરણ હો આયો તાત ।
તુમરી સમસર ઔર ન દૂજો કોટિ બ્રહ્માંડ ધરો નિજ ગાત ।।૨।।
તુમહી દાતા તુમહી ભોક્તા કર્તાહર્તા તુમહી સાર ।
‘સૂર’ કહા હમ ભોગ લગાવે તુમ હો ભોગી સબ સંસાર ।।૩।।

શ્રીગોવર્ધનયજ્ઞરૂપી અન્નકૂટમાં વ્રજવાસીઓએ જે જે સામગ્રી આરોગાવી, તેનુ વર્ણન શ્રીસૂરદાસજી આદિ ભક્ત કવિઓએ ઘણું વિગતવાર કર્યું છે, જે નીચે પ્રમાણે છે.

સુખ પયોધિ લહરિન બઢ્યો રહ્યો સકલ બ્રજ છાય ।
અન્નકૂટ વિધિવત રચ્યો નાના પાક બનાય ।।૧।।
બહુવિધ વ્યંજન મધુર ચટપટે ખાટે ખોરે ।
બેસનકે કો ગિને કેઇક સુકવનિકે ન્યારે ।।૨।।
તિન મધ્ય પૂર્યો પ્રેમસોં નવ ઓદનકો કોટ ।
મધ્યચક્ર ચિત્રિત ધર્યો ગિરિ ઓદનકી ઓટ ।।૩।।

બહુત ભાંત પકવાન કૌન લોક બખાને ।
ગિનત ન આવે પાર પરમ રુચિ ધરે સંધાને ॥૪॥
બાસોંધી મિશ્રી સની મિલિ મૃગ ઘનસાર ।
નાનાબિધ મેવાન કે ગિનત ન આવે પાર ॥૫॥
દધિ સિખરન સંજાબ સેંવ ગઇ પ્યાસ પ્યારી ।
બરા મોગરી બરી તીલબરી રોચક ન્યારી ॥૬॥
પાપર અતિ કોમલ ધરે ઘૃત નવનીત મગાય ।
ઓટ્યો દુધ ધર્યો ધોરીકો મિસરી પનો છનાય ॥૭॥
તુલસીદલ કે નંદ પોહોપ માલા પહેરાવે ।
સૌરભ ચંદન પીત સજલ સંખોદક નાવે ॥૮॥
દુહકર જોરે દીન વ્હૈ ધરે ધ્યાન બ્રજરાજ ।
પ્રત્યક્ષ વ્હૈ ભોજન કરે રૂપ ધરે ગિરિરાજ ॥૯॥

★ ★ ★ ★

અન્નકૂટ ધર્યો ભોગ સો કહિ કોન બખાને ।
બહુ બિધ કે પકવાન બિધબિધ કર સન્મુખ આને ॥૧॥
પેંડા બરફી આદિ લે મહિલા મિઠાઇ જાત ।
ભાંત ભાંત મેવા ધરે તરમેવા સબ ભાંત કહાત ॥૨॥
ચકુલી પુવા મઠડી સાઠા ઘરઘરતેં આયે ।
ભોગ ધરે નંદરાય સબન કે મનજુ બઢાયે ॥૩॥
કાંજી ધરી બનાય કે બરા ભિજોએ છાછ ।
બહુત માંટ આગે ધરે ફલજુ ધરે કઇ ગાછ ॥૪॥
પાયસ ધરી અરૂ ખીર ધરી ધોરી સુખદાઇ ।
ઓદન સેવ સંજાબ ધરી મનકાજુ મિલાઇ ॥૫॥
બુરા ડાર્યો અતિ ઘનો તામેં બહુત મુકરાય ।
સંજાબ કરી મીઠી ઘની ઘૃત નવનીત મિલાય ॥૬॥

ભોગ કેરા દરાખ કીયે બિલસારુ કેરી ।
સિખરણ સંજોઇ ધરી અતિ મીઠી સોતેરી ॥૭॥
બાસોંધી અતિ સુગંધ કી કેસરરંગ મિલાય ।
દુધ ઓટ મીઠો ધર્યો મિશ્રિ પનો છનાય ॥૮॥
માખનમિશ્રિ મિલાય દહીં મીઠો જુ ધરાયો ।
તિન ઢિંગ સિખરન છાન મેલે બૂરા મન ભાયો ॥૯॥
સાક રાયતા સબ ધરે સંધાને ગિને ન જાય ।
કચરિયા સુકવનકી કરી ભુંજના બહુ ભાંત ॥૧૦॥
તિહિ આગે હલદી કો ચૌક પૂર્યો પદ્મ સવારે ।
મીઠો ધર્યો બનાય બહુત કીનો વિસ્તાર ॥૧૧॥
ઓદન તાહિં મધ્ય પ્રેમસોં ગિરિ કે કર્યો સમાન ।
મધ્ય ચક્ર વાપેં ધર્યો ગુંજા શિખર પ્રમાન ॥૧૨॥
ચાર ભાંતકી દાર મૂંગ ઠાડે જુ બનાયે ।
ઘૃત નવનીત મગાય મૂંગ મિલ ભાત સનાય ॥૧૩॥
પાપર કરુવે તેલમેં તરે સંવાર બનાય ।
ઉરદ બડી ઓર તિલબડી ડબરા ધરે હૈં ભુજ બાંય ॥૧૪॥
સિખરનભાત દહીંભાત જીરાજીરો મિલાયો ।
બડી બેંગનકો પીરો ભાત અતિ સખદ સુહાયો ॥૧૫॥
મીઠો ખાટો ભાત લે આગે ધર્યો બનાય ।
બરા મુંગોરી ટોકરા ચીલા ચકતા લાય ॥૧૬॥
સકરકંદ મીઠો સાક રુચિર ધર્યો બનાઇ ।
અરવી રતાલુ જીમીકંદ ઇમલીજું મિલાઇ ॥૧૭॥
તિનકૂડા ઔટાયકેં ચનાબરીકો કીન ।
કઢી કરી બહુ ભાંતકી ભોજન કરત પ્રવીન ॥૧૮॥
બેંગન ભરતા શાક કેઇ બહુ ભાંત બનાય ।
ઔર ભૂજેના કર ધરે અગણિત ગિને ન જાય ॥૧૯॥

યહ વિધ પૂર્યો મોદસોં બરન્યો ન જાય ।
જમુના જલ કે માટલે વામ ભાગ પધરાય ॥૨૦॥
ધૂપદીપ કરિ ભોગ ધર્યો મન અધિક બઢાઇ ।
તુલસીમાલા પહિરાય નંદ કેસર ચરચાઇ ॥૨૧॥
શંખોદક કીનો તબે અતિ પ્રસન્ન બ્રજરાજ ।
હાથ જોર બિનતી કરી માની લેહુ ગિરિરાજ ॥૨૨॥

વ્રજવાસીઓ અંદરોઅંદર કહેવા લાગ્યા : 'ભૈયા, આપણો કનૈયો કહેતો હતો કે શ્રીગોવર્ધનદેવ સાક્ષાત્ પ્રગટ થઇ આપણો ભોગ આરોગશે. આપણો કનૈયો ખોટું ન બોલે, પરંતુ આપણને એ દેવનાં સાક્ષાત્ દર્શન કેમ થતાં નથી? આપણને દર્શન થાય તો કનૈયાની વાતમાં વધારે વિશ્વાસ બેસે.'

સૌ આ મતલબની વાત અંદરોઅંદર કરી રહ્યાં હતાં. શ્રીશ્યામસુંદરે નંદબાવા આદિ વૃદ્ધ ગોપોના મુખ ઉપર પણ આ જ વિચાર વાંચી લીધો. શ્રીનંદનંદને વિચાર્યું, મારા વ્રજવાસીઓ ઘણા ભોળા છે. માટે તેમને હું ગોવર્ધન પર્વતરૂપે દર્શન આપું તો જ તેમને વિશ્વાસ બેસશે.

આપણે ભગવદ્‌વચનમાં વિશ્વાસ રાખીએ તે મર્યાદા કહેવાય. પણ ભગવાન સ્વયં તેમનાં વચનોમાં વિશ્વાસ કરાવે તે પુષ્ટિ કહેવાય. વ્રજવાસીઓ ઉપર કૃપાળુ ભગવાને ઉદાર અનુગ્રહ કર્યો. પોતે જ પોતાનું અલૌકિક સ્વરૂપ શ્રીગોવર્ધનમાંથી પ્રગટ કર્યું. સહસ્ત્ર ભૂજાધારી અલૌકિક અતિ સુંદર સ્વરૂપ વ્રજવાસીઓની સામગ્રી હોંશથી આરોગવા લાગ્યા. તેનાં દર્શન કરીને વ્રજવાસીઓએ ગાયું:

દેખોરિ હરિ ભોજન ખાત સહસ્ત્ર ભૂજાધર ।
ઉત જેંવત હૈ ઇત ગોપનસોં કરત હૈં બાત ॥

આ અલૌકિક દર્શન કરી સૌ આશ્ચર્યચકિત થઇ ગયાં. પ્રભુ પોતાની લાંબી લાંબી ભુજાઓ લંબાવી દૂર દૂર ધરેલી સામગ્રી પહેલાં આરોગી લે છે, તે જોઇને વ્રજવાસીઓને અતિ પ્રસન્નતા થઇ. દરેકને લાગ્યું કે

ભગવાને તેમની સામગ્રી હોંશથી આરોગી છે.

સહસ્ત્ર ભૂજા ઉર ધરેં કરે ભોજન અધિકાઇ ।
નખસિખ લૌં અનુહાર માનોં દૂસરો કન્હાઇ ॥૧॥
લલિતા રાધા સોં કહે તેરે હૃદયે સમાય ।
ગહેં અંગુરિયાં નંદકી સો ઢોટા પૂજા ખાય ॥૨॥
પીત દુમાલો બન્યો કંઠ મોતિનકી માલા ।
સુંદર સુભગ સરીર ઝલમલે નયન વિસાલા ॥૩॥
સ્યામકી સોભા ગિરિ ભયો ગિરિકી સોભા સ્યામ ।
જેહો પરબત ભાતકો ઢિંગ ભૈયા બલરામ ॥૪॥

આ દર્શન કરી હરખાતાં લલિતાજી શ્રીરાધિકાજીને કહેવા લાગ્યાં :

દેખોરિ હરિ ભોજન ખાત, સહસ્ત્ર ભૂજા ધર ।
ઉત જેંમત હૈં ઇન ગોપનસોં કરત હૈ બાત ॥૧॥
લલિતા કહત રાધા જો તેરે મન બાત સમાત ।
ધન્ય સબેં ગોકુલકે બાસી સંગ રહત ગોકુલકે નાથ ॥૨॥
જેંવત દેખ નંદ સુખ દીનો અતિ આનંદ ગોકુલ નરનારી ।
'સૂરદાસ' સ્વામી સુખ સાગર ગુણ આગર નાગર દે તારી ॥૩॥

સહસ્ત્ર ભૂજાધારી શ્રીગોવર્ધનનાથનાં અલૌકિક સ્વરૂપનાં દર્શન કરતાં કરતાં શ્રીચંદ્રાવલીજીને પણ ખાતરી થઇ કે આ અદ્‌ભૂત લીલા અમારા શ્રીશ્યામસુંદરની જ છે. તેઓ શ્રીરાધિકાજીના પડખે ઊભાં હતાં. તેમણે શ્રીરાધિકાજીનાં કાનમાં કહ્યું:

યહ લીલા સબ કરત કન્હાઇ ।
ઉત જેંવત ગોવર્ધન કે સંગ ઇત રાધાસોં પ્રીતિ લગાઇ ॥૧॥
ઇત ગોપિનસોં કહત જીમાવો ઉત આપુન જૈંવત મન લાઇ ।
આગે ધરે છહોં રસ બ્યંજન ચહું દિશતે અતિ અરગ બઢાઇ ॥૨॥
અંબર ચઢે દેવગન દેખત જય ધ્વનિ કરત સુમનન બરખાઇ ।
'સૂરસ્યામ' સબકે સુખકારી ભક્ત હેત અવતાર સદાઇ ॥૩॥

ત્યાં એક અદ્‌ભૂત બનાવ બન્યો. શ્રીગોવર્ધનનાથજીએ પોતાનો જમણો શ્રીહસ્ત લંબાવવા માંડ્યો. તે લંબાતો લંબાતો બરસાના સુધી પહોંચ્યોં. બરસાનામાં શ્રીવૃષભાનજીના ઘરમાં બદરોલા નામનાં એક વૃદ્ધ દાસી હતાં. તેઓ વૃષભાનજીના ઘરનું કામકાજ સંભાળતાં અતિ ગરીબ સ્થિતિનાં હતાં. જ્યારે બરસાનાથી બધાં શ્રીગોવર્ધન યજ્ઞ માટે નીકળ્યાં, ત્યારે ઘરની રખેવાળી કરવાનું કામ શ્રીવૃષભાનજીએ વિશ્વાસુ બદરોલાને સોંપ્યું. તેથી બદરોલા ગોવર્ધન યજ્ઞ માટે આવી શક્યાં નહિ. તેમના મનમાં ઘણો વિરહ તાપક્લેશ થયો. તેમણે તેમની શક્તિ પ્રમાણે સામગ્રી પણ સિદ્ધ કરી, પરંતુ તે પહોંચાડવી કેવી રીતે? તેઓ મનોમન શ્રીકૃષ્ણને વિનંતી કરવા લાગ્યાં: ‘હે કૃષ્ણ! તમે કૃપા કરો તો મારી આ સામગ્રી શ્રીગિરિરાજ ગોવર્ધન અંગીકાર કરે. મારી કોઇ શક્તિ નથી કે હું તે પહોંચાડી શકું.’ તેમણે પોતાની સામગ્રી શ્રીગોવર્ધનને અંગીકાર ન થઇ તેનું ઘણું જ દુઃખ થયું. તેઓ ખૂબ જ તાપકલેશ કરવા લાગ્યાં. બરસાના સુધી લંબાયેલો શ્રીગોવર્ધનનાથજીનો શ્રીહસ્ત બદરોલા પાસે પહોંચ્યો. બદરોલાને શ્રીગોવર્ધનનાથજીએ સાક્ષાત્ દર્શન આપ્યાં અને પ્રસન્ન્તાથી આજ્ઞા કરી: તારી સિદ્ધ કરેલી સામગ્રી મને અતિ પ્રિય છે. તું તારી જાતે જ મારા હસ્તમાં આપ, હું તારી સામગ્રી જરૂર આરોગીશ. લંબાયેલા શ્રીહસ્તમાં બદરોલાએ સામગ્રીનું પાત્ર ધરી દીધું. શ્રીહસ્તમાં તે પાત્ર લઇને શ્રીગોવર્ધનનાથજી શ્રીગોવર્ધન પર્વત આગળ સૌની સામે તે આરોગવા લાગ્યા. બદરોલાને પણ આ અલૌકિક દર્શન આપ્યાં. એ દર્શન કરીને શ્રીસૂરદાસજીએ ગાયું.

ગિરિવર સ્યામકી અનુહારી ।
કરત ભોજન અતિ અધિકાઇ સહસ્ત્ર ભુજા પસારિ ॥૧॥
નંદ કો કર ગહેં ઠાડે ગિરિકો રૂપ ।
સખી લલિતા રાધિકાસોં કહતિ દેખ સ્વરૂપ ॥૨॥
યહ કુંડલ યહ પીત પિછોરી ।

સોભા સ્યામકી છબિ સ્યામ છબિ ગિરિ જોરી ॥૩॥
નારી બદરોલા રહી બૃખભાન ઘર રખવારિ ।
તહાંતે વહ ભોગ અરપત લિયો ભુજા પસારિ ॥૪॥
રાધિકા છબિ દેખ ભૂલિ સ્યામ નિરખત તાહિ ।
‘સૂર’પ્રભુ બસ ભઇ પ્યારી કોર લોચન ચાહી ॥૫॥

આ પ્રમાણે સર્વ વ્રજભક્તોના મનોરથ શ્રીગોવર્ધનનાથ સ્વરૂપે શ્રીનંદનંદને પૂર્ણ કર્યા. બધો ભોગ આરોગ્યા પછી શ્રીનંદનંદને શ્રીનંદરાયજીને વિનંતી કરી. ‘બાવા! શ્રીગિરિગોવર્ધનનાથને આચમન કરાવી, મુખવસ્ત્ર કરી, બીડી આરોગાવો અને પછી આરતી કરો. શ્રીનંદનંદનની સૂચના પ્રમાણે કરવામાં આવ્યું.’

યમુના જલ કી ઝારી લાય, અચવન જૂ કરાયો ।
મુખપોંછન કે કાજ, વસ્ત્ર સબહિ જૂ ઉઠાયો ॥૧॥
બીરી લાયે સાંવરે દેત બનાય બનાય ।
આપ આરોગત મુખ ભરે ઉગાર ભક્ત દિયો આય ॥૨॥
જસુમતિ કીજો આરતો બારબાર સચુપાય ।
ચરનન મસ્તક ધારકે કુસલ મનાયો માય ॥૩॥
રાયલોન ઉતાર બહુ ન્યોછાવર કીની ।
મગધ સુત બોલાય, સબે મૂઠીયા ભર દીની ॥૪॥

શ્રીગિરિગોવર્ધનનાથે પ્રસન્નતાથી નંદબાવાને પોતાની પાસે બોલાવી આજ્ઞા કરી :

ભલી કરી પૂજા તુમ મેરી ।
બહુત ભાંત કર બ્યંજન અરપ્યો સો સબ માન લઇ મેં તેરી ॥૧॥
સહસ્ત્ર ભૂજા ધર ભોજન કીનો તુમ દેખત બિદ્યમાન ।
મોહી જાનત યહ કુંવર કન્હૈયા નાહિન કોઉન આન ॥૨॥
પૂજા સબકી માનિ લઇ મેં જાઉ ઘરન બ્રજલોગ ।
‘સૂરસ્યામ’ અપને કર લીને બાંટત ભોગ ॥૩॥

શ્રીનંદબાવા ગદ્ગદ્ થઇ ગયા. તેમણે હાથ જોડી શ્રીગિરિવોર્ધનનાથને વિનંતી કરીઃ

બિનતી કરત નંદ કર જોરે પૂજા કહા હમ જાને નાથ ।
હમ હૈ જીવ સદા માયા કે દરસન દીયો મોહે કિયો સનાથ ॥૧॥
મહારાજ મેં પાવન કીનો પ્રભુકી સરણ હૌં આયો તાત ।
તુમ હી સમસર ઔર ન દુજો કોટિ બ્રહ્માંડ ધરો નિજ ગાત ॥૨॥
તુમ હી દાતા તુમ હી ભોક્તા કર્તાહર્તા તુમ હી સાર ।
'સૂર' કહા હમ ભોગ લગાવે તુમ હો ભોગી સબ સંસાર ॥૩॥

શ્રીશ્યામસુંદરે સૌ વ્રજવાસીઓને સંબોધી આજ્ઞા કરી : 'હે વ્રજવાસીઓ, આપણા ઉપર આપણા કુળદેવતા શ્રીગોવર્ધનનાથે કેવી મહાન કૃપા કરી છે! એ દેવાધિદેવે આપણી પૂજાનો સ્વીકાર કર્યો છે. તમારા દેખતાં ભોજન આરોગ્યા છે અને તમે સાંભળ્યું તેમ આપણી સેવાથી તેઓ પ્રસન્ન પણ થયા છે. માટે આપણે સૌ હવેથી એટલું જ યાદ રાખીશું કે :

યહી હૈ કુલદેવ હમારો,
કાહુ નહિ ઓર હમ જાને,
ગોધન હૈ બ્રજકો રખવારો.

હવે આપણે સૌ પોતપોતાના ઘેર પાછા જઇશું. શ્રીગોવર્ધનનાથ સદા આપણું કુશળ કરશે, તમે નિર્ભય રહેજો.'

શ્રીગિરિરાજજીને દંડવત્ કરી, સૌ વ્રજવાસીઓ પોતપોતાના ગામ જવા માટે સુરભિ કુંડ પરના તેમના મુકામે નાચતા-ગાતા પાછા ગયા. શ્રીનંદનંદન અને શ્રીબલરામજીને લઇને નંદબાવા પણ તંબુએ પધાર્યા. ત્યારે ત્યાં શ્રીયશોદાજીએ બંને બાળકોની આરતી ઉતારી, તેમનાં ઓવારણાં લીધાં.

ગોવર્ધન પૂજ કે ઘર આયે ।
જનની જસોદા કરત આરતી મોતિન ચૌક પુરાયે ॥૧॥

મંગલ કલસ બિરાજત દ્વારે બંદન બાર બંધાયે ।
'લાલદાસ' ગિરિધર ગિરિ પૂજ્યો ભયે ભક્ત માન ભાયે ॥૨॥

સૌએ અન્નકૂટનો મહાપ્રસાદ લીધો.

સૌ પોતપોતાના ઘરે જવાની તૈયારીઓમાં લાગી ગયાં.

યહ ઉત્સવ સુખ દેવ બીનમેં નારદ ગાયો ।
બ્રજજન મન ઉલ્લાસ અંગ અંગ ન સમાયો ॥૧॥
સુરવર મુનિ સબ દેવતા ગુનિ ગંધર્વ કરે ગાન ।
નારદસારદ સિવજુ હો બ્રહ્મા, વિષ્ણુ સમાન ॥૨॥

આ પ્રકારે અષ્ટછાપ આદિ મહાનુભાવી ભક્ત કવિઓએ ભગવદ્ કૃપાથી આ લીલાનો સાક્ષાત્ અનુભવ કરી, મન મૂકીને તે લીલા ગાઇ છે. તેમનાં પદોનું શ્રવણ, કીર્તન કરતાં આપણા હૃદયમાં એ અલૌકિક અનુભવનો આનંદ જાગે છે.

શ્રીશુકદેવજીએ આ લીલા ત્રણ શ્લોકમાં ગાઇ છે, તે હવે આપણે જોઇશું.

કૃષ્ણસ્તુ અન્યતમં રૂપં ગોપવિશ્રભણં ગતઃ ।
શૈલોસ્મીતિ વદન્ ભૂરિ બલિમાદહ્ બૃહદ્ વપુઃ ॥

અર્થ : ભગવાન શ્રીકૃષ્ણે પોતાના સ્વરૂપથી જુદું, વિલક્ષણ, બૃહદ્ સ્વરૂપ ધારણ કર્યું, જેથી ગોપોને તેમના પર વિશ્વાસ બેસે. 'હું પોતે ગોવર્ધન છું', એમ કહી તેમના મુખ વડે તેમણે પુષ્કળ બલિનું (વિવિધ પકવાનોનું) ભોજન કર્યું.

તસ્મૈ નમો વ્રજજનૈઃ સહ ચક્રે આત્મનાત્મને ।
અહો પશ્યત શૈલોસૌરૂપી નોનુગ્રહં વ્યધાત્ ॥

અર્થ : વ્રજજનોની સાથે ભગવાને પોતે પોતાને નમસ્કાર કર્યા (નંદકુમારરૂપ અને ગોવર્ધનરૂપ બંને એક હોવાથી) અને કહ્યું કે જુઓ આ પર્વત ભગવાન છે, જેમણે રૂપ ધારણ કરી આપણા પર અનુગ્રહ કર્યો છે.

એષોવજાનતો મત્યાન્ કામરૂપી વનૌકસઃ ।
હન્તિ હિ અસ્મૈ નમસ્યામઃ શર્મણે આત્મનો ગવામ્ ॥

અર્થ: વનમાં રહેનાર આપણે જે મનુષ્યો છીએ તે પૈકી કોઇ જો આ ગોવર્ધનનું અપમાન કરે, તો ગોવર્ધનમાં રહેલો દેવ, તેનો નાશ કરે છે. માટે આપણા અને ગાયોના કલ્યાણ માટે અમે તેમને નમસ્કાર કરીએ છીએ.

શ્રીમહાપ્રભુજી 'સુબોધિની'માં આ લીલાનું રહસ્ય સમજાવતાં આજ્ઞા કરે છે કે ગોપોને વિશ્વાસ બેસાડવા માટે ભગવાન શ્રીકૃષ્ણે પોતાનું અતિ વિલક્ષણ સ્વરૂપ ધારણ કર્યું. ગોકુલસ્થ શ્રીકૃષ્ણ અને ગોવર્ધનસ્થ શ્રીકૃષ્ણ એક જ હતા, માટે બંને રૂપોએ ત્યાં એકસાથે ભોજન કર્યું હતું.

આથી આજે પણ આપણા સેવા પ્રકારમાં શ્રીનવનીતપ્રિયજી ગોવર્ધનપૂજન કરે છે. અને સાતે સ્વરૂપો સહિત શ્રીનાથજી અન્નકૂટ આરોગે છે.

ગોકુલસ્થ અને ગોવર્ધનસ્થ સ્વરૂપ એક હોવાથી વ્રજભક્તો સાથે પ્રભુએ ગોવર્ધનસ્થ સ્વરૂપને વંદન કર્યાં. આથી વ્રજભક્તોને ભગવાન ઉપર વિશ્વાસ બેઠો. આ લીલાથી એક વાત ચોક્કસ સમજાય છે કે ભગવાન પોતાની ઈચ્છામાં આવે તેવાં રૂપ ધારણ કરે છે. શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે શ્રીકૃષ્ણે ગોવર્ધનમાં દેવભાવ સ્થાપન કર્યો, કારણ કે વ્રજવાસીઓને કૃષ્ણમાં સર્વાત્મભાવ હતો, દેવભાવ નહોતો. જો વ્રજવાસીઓ ઇન્દ્રમાં દેવભાવ સ્થાપિત કરે તો તેમને અન્યાશ્રયનો દોષ લાગે. પરિણામે ભગવદ્ સ્વરૂપ અને ભગવદ્લીલામાં તેમનો નિરોધ ન થાય. માટે ભગવાન શ્રીકૃષ્ણે શ્રીગોવર્ધનમાં વ્રજવાસીઓનો દેવભાવ સ્થાપિત કર્યો. સાથે સાથે વ્રજવાસીઓને ગોવર્ધનના અપરાધનો દંડ પણ બતાવ્યો, કેમ કે ભયથી ભાવ સ્થાપિત થાય છે.

આ યજ્ઞથી ભગવાન શ્રીકૃષ્ણે પાંચ કાર્યો સિદ્ધ કર્યાં.

(૧) ગોપોની અંતઃકરણ શુદ્ધિ કરી. ઇન્દ્ર વગેરે તરફનો તેમનો અન્યાશ્રય દૂર કર્યો.
(૨) વૈદિક કર્મમાં શ્રદ્ધા સ્થાપિત કરી અને તે કરવાનું સામર્થ્ય આપ્યું.
(૩) અન્યાશ્રયને નિવૃત્ત કરી શ્રીપ્રભુમાં તેમનો અનન્યભાવ દૃઢ કર્યો.
(૪) શ્રીગોવર્ધન ગિરિરાજમાં ભગવદ્-ભાવની દૃઢતા કરી.
(૫) વ્રજવાસીઓનો નિરોધ કરવા માટે તેમણે સાક્ષાત્ ભગવદ્ અનુભવ કરાવ્યો.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે શ્રીકૃષ્ણે વાસુદેવના ભગવદ્ આવેશથી આ સર્વ કાર્યો કર્યાં, ત્યારે પ્રભુ પોતે ગૌર થઇ ગયા. ગોવર્ધન યજ્ઞની લીલા પૂરી થયા પછી પ્રભુ વ્રજવાસીઓની સન્મુખ ગોપબાળક જેવા થઇ ગયા અને ગોપોની સાથે વ્રજમાં પાછા પધાર્યા.

આમ, શ્રીશુકદેવજીએ ત્રણ શ્લોકમાં અન્નકૂટ લીલાનું સંક્ષેપમાં નિરૂપણ કર્યું છે. આ લીલાનું રહસ્ય શ્રીમહાપ્રભુજીએ આપણને 'સુબોધિની'માં સમજાવ્યું છે. ત્યારથી આપણા સેવાપ્રકારમાં ગોવર્ધન પૂજન અને અન્નકૂટ મહોત્સવનો સમાવેશ થયો છે.

■

પ્રકરણ : ૫

ગોવર્ધન ઉપર ઊઠે મેઘ કે કોટ

સૌ વ્રજવાસીઓ વ્રજમાં પોતપોતાનાં ગામો તરફ પાછા જઇ રહ્યા હતા. હજી તેઓ અડધે રસ્તે માંડ પહોંચ્યા હતા, ત્યાં એક ઘટના બની.

સ્વર્ગના રાજા ઇન્દ્રે ઇન્દ્રયાગમાં તેને બોલાવવામાં આવે તેની ઘણી રાહ જોઇ, પરંતુ તેના નિમંત્રણ માટે પૃથ્વી ઉપરથી મંત્રો દ્વારા કોઇ કહેણ આવ્યું નહિ. તેણે પોતાના સેવકોને તપાસ કરવા મોકલ્યા. સેવકો ખબર લઇને આવ્યા કે વ્રજવાસીઓએ આ વર્ષથી ઇન્દ્રયાગ કરવાનું માંડી વાળ્યું છે. ગોકુળના રાજા નંદરાયજીના સાત વર્ષના દીકરા કૃષ્ણે ઇન્દ્રયાગ બંધ કરાવ્યો છે અને ભોળા વ્રજવાસીઓને ભરમાવીને ગોવર્ધન નામના પર્વતનો યજ્ઞ કરાવ્યો છે. ઇન્દ્રયાગ માટે તૈયાર કરેલ સઘળી નૈવેદ્યની સામગ્રીઓ જડ પર્વતને આપવામાં આવી હતી. વ્રજવાસીઓએ સ્વર્ગના રાજા ઇન્દ્રનું ભારે અપમાન કર્યું છે. હવે તેઓ કોઇ દિવસ ઇન્દ્ર યજ્ઞ કરવાના નથી.

આ હકીકત જાણીને ઇન્દ્ર નંદરાયજી, ગોપો અને કૃષ્ણ ઉપર ભારે ક્રોધે ભરાયા. ક્રોધનું વર્ણન શ્રીશુકદેવજી મહારાજે આ પ્રમાણે કર્યું.

ઇન્દ્રઃ તદાત્મનઃ પૂજાં વિજ્ઞાય વિહતાં નૃપ ।
ગોપેભ્યો કૃષ્ણનાથેભ્યો નન્દાદિભ્યઃ ચુકોપ સનઃ ॥

અર્થઃ હે નૃપ! જ્યારે ઇન્દ્રે એમ જણાવ્યું કે મારી પૂજા બંધ કરવામાં આવી છે, ત્યારે તે, નંદ અને બીજા ગોપ કે જે કૃષ્ણને પોતાનો નાથ ગણતા હતા તે બધાના પર ગુસ્સે થયો.

શ્રીમહાપ્રભુજી આ પ્રસંગે 'સુબોધિની'માં આજ્ઞા કરે છે કે ઇન્દ્રના કોપની કથા કહેતાં શ્રીશુકદેવજીએ પ્રારંભમાં રાજા પરીક્ષિતને 'નૃપ' શબ્દથી સંબોધન કર્યું છે. શ્રીશુકદેવજી જેવા મહાભાગવત કોઇ પણ

શબ્દનો નિરર્થક પ્રયોગ કરતા નથી. પ્રત્યેક પ્રયોગ પાછળ વિશિષ્ટ રહસ્ય છુપાયેલું હોય છે. તો શ્રીશુકદેવજીએ અહીં પરીક્ષિતને 'નૃપ' શબ્દથી કેમ સંબોધ્યા?

તેનું કારણ એ છે કે પરીક્ષિત પણ રાજા હતા. તેમનું રાજ્ય પૃથ્વી હતું. ઇન્દ્ર સ્વર્ગનો રાજા છે. બંનેએ રાજસત્તા ભોગવી છે. રાજસત્તા ભોગવનારા રાજાઓ બધા એકસરખા જ હોય છે. પછી તે પૃથ્વીનો રાજા હોય કે સ્વર્ગનો રાજા હોય. જ્યારે રાજાને સમજાય છે કે તેની સત્તા ઉપર કાપ મૂકાયો છે અથવા તેનો કોઇ હરીફ તૈયાર થયો છે, ત્યારે રાજા આ બંને બાબતોને સહન કરી શકતો નથી. પરિણામે તે આમ જ વર્તે છે. પરીક્ષિત રાજાને પણ શુકદેવજી પરોક્ષ રીતે યાદ કરાવે છે કે તમે વનમાં શિકાર કરવા ગયા, ત્યારે સમાધિમાં બેઠેલા મુનિ દ્વારા તમારું સન્માન ન થયું, ત્યારે તમને એમ લાગ્યું કે આ મુનિ મારો હરીફ છે, તેથી મારું અપમાન કરે છે. પરિણામે તમે તપોવનના નિયમોનો ભંગ કરીને નિર્દોષ સાપને મારી, મુનિના ગળામાં તે મૃત સાપ પહેરાવ્યો. તેના પરિણામે તમારે પણ તક્ષકનો ભય ઊભો થયો છે.

શુકદેવજી પરિક્ષીત રાજાને અહીં પરોક્ષ રીતે એમ પણ સૂચવી રહ્યા છે કે ઇન્દ્રે કૃષ્ણનો દ્રોહ કરવા છતાં, જેમ કૃષ્ણે તેના દોષની ક્ષમા આપી છે, તેમ અંતે તમારું શ્રેય પણ કૃષ્ણ જ કરશે. માટે તમારે નિશ્ચિત રહેવાની જરૂર છે.

અહીં શ્રીમહાપ્રભુજી એક બીજો પ્રશ્ન ઉપસ્થિત કરે છે. આપણે આગળ જોઇ ગયા કે, આધિદૈવિક ઇન્દ્ર ભગવાન કૃષ્ણ સ્વયં છે. આધ્યાત્મિક ઇન્દ્ર દેવોના દેવ સ્વર્ગના રાજા છે. અનેક તપશ્ચર્યાઓ પછી અનેક યજ્ઞના ફળરૂપે ઇન્દ્રાસન પ્રાપ્ત થાય છે. ઇન્દ્રાસન મેળવનાર ઇન્દ્રનું સ્વરૂપ શુદ્ધ અને સાત્ત્વિક હોય છે. તો આવા શુદ્ધ અને સાત્ત્વિક ઇન્દ્ર પોતાના જ સ્વામી એવા ભગવાનનો દ્રોહ કેમ કરે? તેમના ઉપર ગુસ્સો કેમ કરે? પોતાના સ્વામી એવા ભગવાનના કૃષ્ણના સ્વજનો

ઉપર તેમને આવો ગુસ્સો કેમ આવ્યો?

શ્રીમહાપ્રભુજી આ પ્રશ્નનો જવાબ આપતાં આજ્ઞા કરે છે કે આધ્યાત્મિક ઈન્દ્રે અવૈદિક યજ્ઞના નિષિદ્ધ બલિનો ભોગ કર્યો હતો. તેથી તેની બુદ્ધિ બગડી હતી. જે બિનહક્કનું ખાય તેની બુદ્ધિ બગડે. સ્વભાવ અને બુદ્ધિના ઘડતરમાં અન્નનો મોટો ફાળો હોય છે. આપણું શરીર પાંચ પ્રકારના કોષોનું બનેલું છે. આ કોષોની રચનામાં અન્ન મહત્ત્વનો ફાળો આપે છે. અન્ન શરીરમાં પચીને તેનું લોહી બને છે. લોહીમાંથી વીર્ય બને છે. વીર્ય શરીરને શક્તિ અને કાંતિ આપે છે. જેવો અન્ન એવો ઓડકાર. અશુદ્ધ અન્ન ખાનારને અનેક રોગો થાય છે. તેથી શુદ્ધ પવિત્ર અને સાત્ત્વિક અન્નનું ભોજન કરવાનો શાસ્ત્રોએ આગ્રહ કર્યો છે. અન્નની શુદ્ધતા અને પવિત્રતાના અનેક નિયમો આપ્યા છે. તેમાંના બે નિયમો વિશેષ મહત્ત્વના છે. અપ્રામાણિક રીતે મેળવેલું અન્ન અશુદ્ધ અને અપવિત્ર છે. પરસેવાની કમાણીથી હક્કપૂર્વક મેળવેલું અન્ન શુદ્ધ અને પવિત્ર ગણાય છે. આ અન્ન પણ લૌકિક ભોગના હેતુથી ઉપયોગમાં લેવામાં આવે, ત્યારે તે અશુદ્ધ અને અપવિત્ર બને છે. પરંતુ તે અન્ન પ્રભુને સમર્પિત કરી તેમના પ્રસાદરૂપે દેહ ટકાવવાના હેતુથી લેવામાં આવે, ત્યારે તેની શુદ્ધતા અને પવિત્રતા પૂરેપૂરી જળવાય છે.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે લૌકિક ભોગ પણ નિષિદ્ધ છે, એટલે કે શાસ્ત્રસંમત નથી. ગમે તેવા મહામુનિ અને દેવોના દેવ પણ તેમની શક્તિ અને સંપત્તિનો ઉપયોગ જો લૌકિક ભોગ ભોગવવા માટે કરે, તો તેથી તેમના જીવનની સાર્થકતા થતી નથી. લૌકિક ભોગથી બુદ્ધિ બગડે છે. તે પ્રમોદ અને પ્રમાદ લાવે છે. ભોગના કારણે મનુષ્ય કે દેવ જીભ અને જનનેન્દ્રિયપરાયણ બને છે. ભોગમાંથી વિષયવાસનાઓ જાગે છે, જે તેનો સર્વનાશ કરે છે. સત્તા અને સંપત્તિથી ભોગ વધે છે. ભોગ વધતાં માણસ ભાન ભૂલે છે. પરિણામે અયોગ્યતા આવે છે. અયોગ્યતાથી અભિમાન આવે છે. અભિમાનથી અકળામણ વધે છે અને અંતે અનર્થ

થાય છે. માટે શાસ્ત્રસંમત રીતે ભોગ ભોગવવા જોઈએ. ભોગને ભગવાન સાથે જોડી દેવાથી ભોગ વિનાશક બનતો નથી, પણ પ્રભુમાં ભાવવર્ધક બને છે.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે ઈન્દ્ર આવા યજ્ઞનો અને તેના યજ્ઞભોગનો અધિકારી નહિ હોવા છતાં તેણે યજ્ઞભોગ સ્વીકાર્યો. પરિણામે નિષિદ્ધ એટલે બિનહક્કનું ખાધું. તેથી તે શુદ્ધ સાત્ત્વિક હોવા છતાં તેની બુદ્ધિ બગડી. અકળાઈ જઈને તેણે અયોગ્ય આચરણ કર્યું.

ઈન્દ્રે એના સેવક એવા મેઘગણોને ગોકુલ ઉપર ત્રાટકવાની અનુચિત આજ્ઞા કરી. પ્રલયકાળે વરસતા સંવર્તક નામના મેઘઘનોને વ્રજ ઉપર વરસવા મોકલ્યા. શ્રીશુકદેવજી કહે છે કે આવું અનુચિત કાર્ય ઈન્દ્રે કર્યું, કારણ કે નિષિદ્ધ યજ્ઞભોગ ખાવાથી તેની બુદ્ધિ બગડી હતી. તે પ્રભુનો સેવક હોવા છતાં પોતાને ઈશ્વર માનતો થયો હતો. એવા અભિમાનથી તે પીડાતો હતો કે ગોકુળના સામાન્ય ગોવાળિયાની શી મજાલ છે કે તે મારો યજ્ઞ બંધ કરે અને મારો યજ્ઞભોગ ન આપવાની હિંમત કરે! ઈન્દ્રે પોતાની સત્તાનો સ્વાદ વ્રજવાસીઓને ચખાડવાની કુમતિ કરી. તેણે શ્રીકૃષ્ણને પણ અયોગ્ય શબ્દો કહ્યા.

તેણે કહ્યું: જંગલમાં રહેનારા આ ગોવાળિયાઓને લક્ષ્મીનું અભિમાન થઈ ગયું છે. તેથી તેમણે કૃષ્ણ જેવા પ્રાકૃત મનુષ્યનો આશ્રય કરી મારા જેવા દેવનું અપમાન કર્યું છે. તે એમ માનતો હતો કે આ ગોકુલવાસીઓએ કૃષ્ણના ખોટા ચાળે ચઢી મારું ઘોર અપમાન કર્યું છે. તેથી હું તેમને ચપટીમાં ચોળી નાખીશ. તે વખતે તેમને બચાવવા કોઈ આવી શકશે નહિ.

ઈન્દ્રયાગ છોડીને વ્રજવાસીઓએ ગોવર્ધનયોગ કર્યો. તે વિષે ઈન્દ્રે પોતાનો પ્રતિભાવ આ પ્રમાણે આપ્યો. જગતમાં અનેક પ્રકારની વિદ્યાઓ છે, જેમાંની એક વિદ્યા આન્વિક્ષીકી વિદ્યા છે. આન્વિક્ષીકી વિદ્યા એટલે શોધખોળ કરવાની વિદ્યા અર્થાત્ આત્મા વિષેનું શ્રવણ. આત્માનું

અનુસંધાન કરવાની વિદ્યા. આવી વિદ્યા અનેક વર્ષના તપ પછી પ્રાપ્ત થાય છે. તે દુર્લભ વિદ્યાને સમજવાની લાયકાત આ ગોવાળિયાઓમાં નથી, એટલે તેમણે અસ્થિર કર્મવાળો ગોવર્ધન યજ્ઞ કર્યો છે. જેનું પરિણામ વ્યર્થ જવાનું છે. તેઓ માને છે કે આવા યજ્ઞથી ગોવર્ધન ભગવાન તેમને વરસાદ આપશે, પણ વરસાદ આપવાની વાત તો મારા હાથમાં છે, હું વરસાદ જ નહિ વરસાવું, તો આ પર્વત પોતે સૂકાઇ જશે, લીલો રહેશે નહિ. પછી તે વ્રજવાસીઓને ઘાસ, અનાજ, પાણી કયાંથી આપશે? જેનું પરિણામ નક્કી ન હોય તે કર્મ અસ્થિર કર્મ કહેવાય. ગોવર્ધન યજ્ઞનું કર્મ વ્રજવાસીઓ માટે અસ્થિર કર્મ છે. આ અસ્થિર કર્મને ઇન્દ્ર કેવળ દેખાવવાળી હોડી સાથે સરખાવે છે. જેમ કેવળ દેખાવવાળી હોડી સમુદ્ર તરી શકતી નથી. તેમ આવાં અસ્થિર કર્મોથી સંસાર જીવી શકાતો નથી. ગોપોની બુદ્ધિ વિપરિત થઇ છે. તેથી આવા વિપરીત બુદ્ધિવાળા ગોપોનો નાશ થાય તેમાં કશું અયોગ્ય નથી.

આવાં ઉદ્ધત વચનો બોલતા ઇન્દ્રે તેના સેવકોની સામે ભગવાન કૃષ્ણને પણ અયોગ્ય શબ્દો કહેવામાં બાકી રાખ્યું નથી. વિવેક ચૂકીને તેણે ભગવાન શ્રીકૃષ્ણને છ અપશબ્દો કહ્યા.

વાચાલં બાલિશં સ્તબ્ધમજ્ઞ પંડિતમાનિનમ્ ।
કૃષ્ણ મર્ત્યમુપાશ્રિત્ય ગોપાઃ મે ચક્રુઃ અપ્રિયમ્ ॥

અર્થઃ આ કૃષ્ણ વાચાળ છે, બાળક બુદ્ધિવાળો છે, સ્તબ્ધ છે. કશું જ જાણતો નથી. પણ પોતાને પંડિત માને છે. તેવા મર્ત્ય કૃષ્ણનો આશ્રય કરીને આ ગોવાળોએ મારું અપ્રિય કર્યું.

ઇન્દ્રે માધવને માનવ માન્યા. તેથી ભગવાનમાં તેને છ દોષ દેખાયા. (૧) વાચાળ : અસમર્થ માણસ સામર્થ્યવાનની જેમ બડાઇખોર બને તેને વાચાળ કહેવાય છે. (૨) બાલિશઃ તેઓ બાલિશ એટલે જ્ઞાન વિનાના બાળક બુદ્ધિવાળા છે. (૩) સ્તબ્ધ : તેઓ સ્તબ્ધ એટલે અભિમાની છે. (૪) અજ્ઞાનીઃ તેઓ અજ્ઞાની છે. (૫) પંડિતાઇનો દંભઃ

તેઓ અજ્ઞાની હોવા છતાં પોતાને પંડિત માનનારા છે. (૬) મર્ત્યઃ તેઓ મર્ત્ય એટલે મનુષ્ય છે.

અહીં શ્રીમહાપ્રભુજી પ્રશ્ન કરે છે કે વિપરીત બુદ્ધિવાળો ઇન્દ્ર સદાનંદ શ્રીકૃષ્ણના છ અલૌકિક ધર્મોને સમજી શક્યો નથી. તેથી તેમના માટે આવું બોલે છે. પરંતુ શ્રીશુકદેવજી જેવા મહાભાગવત પોતાના મુખેથી આવા શબ્દો પોતાના ઇષ્ટ શ્રીકૃષ્ણ માટે કેવી રીતે વાપરે? વળી શબ્દ એ તો શ્રીસરસ્વતીજીનું આધિભૌતિક સ્વરૂપ છે. શ્રીસરસ્વતીજી ભગવાનની એક શક્તિ છે. શક્તિ સ્વયં શક્તિમાન વિષે હીન શબ્દો ન વાપરે. શ્રીમદ્ ભાગવત ભક્તિનો ગ્રંથ છે. તેના પ્રત્યેક શબ્દથી શ્રદ્ધાળુઓનાં હૃદયમાં ભક્તિભાવ વધવો જોઇએ. આવા ગ્રંથમાં આવા અપશબ્દો કેમ ચાલે?

શ્રીમહાપ્રભુજી આ બધા પ્રશ્નોનો જવાબ આપતાં આજ્ઞા કરે છે કે શ્રીશુકદેવજી કે શ્રીસરસ્વતીજીએ આ શબ્દોથી પણ ભગવાનની સ્તુતિ જ કરી છે. ભગવાનને માટે અપશબ્દો કહ્યા નથી. ઇન્દ્રે ભલે આ શબ્દો અભિમાનના ભાવથી વાપર્યા હોય, પરંતુ શુકદેવજી અને સરસ્વતીજી તો ભગવાનના છ દિવ્ય ધર્મો અને તેમના સાતમા દિવ્ય ધર્મી સ્વરૂપનું જ નિરૂપણ આ શબ્દોથી કરે છે. તેઓ કહે છે (૧) ભગવાન વાચાળ છે. વાચાળ શબ્દનો સમાસ છૂટો પાડીએ તો વાણીથી આલમ્ એટલે પૂર્ણ એવો અર્થ થાય. અર્થાત્ જેમનું વર્ણન વાણીથી પૂરેપૂરું થઇ ન શકે એવા છે. વાચાળ એટલે અવર્ણનીય, જેમને લૌકિક વાણીથી વર્ણવી ન શકાય. (૨) ભગવાન બાલિશ છે. ભગવાનનો આ ગુણ રામાવતારમાં પ્રભુએ પ્રગટ કર્યો હતો. બાલિ એટલે વાલિ જે રાવણનો મિત્ર હતો, અને શ્રીરામનો શત્રુ હતો. છતાં તેને અલૌકિક સુખ આપ્યું હતું. વાલિને સુખ આપનારા હોવાથી શુકદેવજીએ તેમને બાલિશમ્ કહ્યા છે. (૩) ભગવાન સ્તબ્ધ એટલે વૃક્ષની જેમ સદા સ્થિર છે. તેઓ પોતે અન્ય કોઇને નમતા નથી, પરંતુ અન્ય સૌને પોતાનાં ચરણોમાં નમાવે છે. (૪) ભગવાન અજ્ઞાની છે. જેનાથી વધારે મોટા જ્ઞાની કોઇ નથી તે

અજ્ઞાની. ભગવાન જેટલું જ્ઞાન - ત્રણેય લોકમાં કોઇની પાસે નથી. (૫) ભગવાન પંડિતમાનિનમ્ - છે. અર્થાત્ તેઓ વિદ્વાનોને માન આપનારા છે. (૬) ભગવાન મર્ત્ય છે એટલે તેઓ વિવિધ રૂપો ધારણ કરી પૃથ્વી ઉપર દેહધારી થઇને પ્રગટ થનારા છે. કૃષ્ણજન્મમાં પણ ગોપોનો ઉદ્ધાર કરવા દેહધારી બન્યા છે. (૭) તેઓ કેવળ નામથી કૃષ્ણ નથી, પરંતુ ગુણથી પણ કૃષ્ણ છે. કૃષ્ એટલે સર્વ શક્તિમાન, અને ણ એટલે પરમાનંદ સ્વરૂપ. આમ, તેઓ સર્વશક્તિમાન સદાનંદ છે.

આવી રીતે શ્રીશુકદેવજી અને સરસ્વતીજીએ આ શબ્દોના સુંદર અર્થ ઘટાવી ભગવાન શ્રીકૃષ્ણની સ્તુતિ કરી છે.

ઇન્દ્રે ભગવાન શ્રીકૃષ્ણને અપશબ્દો કહેતાં પોતાના સેવકોને આજ્ઞા કરી કે લક્ષ્મી અને કૃષ્ણથી અભિમાની બની ગયેલા ગોપોને સજા કરવા માટે લક્ષ્મીરૂપી અભિમાનના થાંભલાને હલાવી નાખો. તેમની સંપત્તિ એવાં તેમનાં પશુઓનો નાશ કરો. જયારે તેમના સર્વધનનો નાશ થશે, ત્યારે તેમની અક્કલ ઠેકાણે આવશે. તે વિના જડ વ્રજવાસીઓ સમજશે નહિ.

સેવકો હાથ જોડી વિનંતી કરે છે ‘હે દેવાધિદેવ! અમે તો આપના અનુચરો છીએ. તેથી આપની આજ્ઞા અમોને શિરોધાર્ય છે, પરંતુ જે કૃષ્ણે તમારી સામે બાખડી બાંધવાની હિંમત કરી છે, તે કોઇ સામાન્ય બાળક હોય એમ અમોને લાગતું નથી, કદાચ અમો તેમનો સામનો ન કરી શકીએ તો?’

ઇન્દ્રે તેમના સેવકોને હિંમત આપતાં કહ્યું:

અહં ઐરાવતં નાગમારુહ્યાનુવ્રજે વ્રજમ્ ।
મરુદ્ગણૈઃ મહાવીર્યૈઃ નંદગોષ્ઠ જિઘાંસયા ॥

અર્થ: મહા પરાક્રમી વાયુના ગુણો વડે, નંદના આવાસ (ગોકુલ)નો નાશ કરવાની ઇચ્છાથી, ઐરાવત હાથી પર બેસીને હું તમારી પાછળ વ્રજમાં આવીશ.

ઇન્દ્રે સેવકોને કહ્યું: ‘યુદ્ધ થશે તો હું પોતે ઐરાવત હાથી ઉપર બેસી લડવા આવીશ.’ ઐરાવત હાથી સમુદ્રમાંથી મંથન વખતે નીકળેલ ૧૪ રત્નોમાંનું એક રત્ન છે. તેની વિશેષતા એ છે કે તે હાથી જળ અને સ્થળ બંને ઠેકાણે લડવા માટે શક્તિમાન છે. પ્રલયકાળ વખતે પણ આ હાથીની સવારી તેના વાહકને સુરક્ષિત રાખે છે. ઇન્દ્ર પોતે પણ અમૃતનો સહવાસ પામેલો છે. તેથી તે અમર છે. યુદ્ધમાં તે મરી શકશે નહિ. ગમે તેવી પરિસ્થિતિને પહોંચી વળવાની તેની તૈયારી છે. આથી તેણે મેઘોને હિંમત આપીને મોકલ્યા.

ઇન્દ્રની આજ્ઞા પ્રમાણે ઉપડેલા મેઘોએ વ્રજ ઉપર આક્રમણ કરી પ્રચંડ તોફાનોની શરૂઆત કરી. વ્રજનાશ માટે ઇન્દ્રે મેઘોની સાથે પ્રચંડ પવનોને મોકલ્યા. મેઘોએ વ્રજ ઉપર મુશળધાર વરસાદ વરસાવ્યો. વરસાદની ધારાઓ મુશળ એટલે કે સાંબેલા કરતાં પણ ત્રણ-ચાર ગણી જાડી મોટા મોટા થાંભલા જેવી વ્રજ ઉપર વરસવા લાગી. મેઘોએ આકાશને એવું છાઇ દીધું કે સૂર્ય, ચંદ્ર, તારાઓ વગેરે છૂપાઇ ગયા. સમગ્ર વ્રજમાં પ્રગાઢ અંધકાર ફેલાઇ ગયો. વીજળીઓ ચમકારા કરવા લાગી. વાદળોની ભયંકર ગર્જનાઓ થવા લાગી. જાણે મોટાં મોટાં ઢોલ કાનમાં ધાક પાડે એવી રીતે વાગતાં ન હોય! ઠંડા પવનના સુસવાટા ભયંકર ગર્જનાઓ અને વીજળીના ચમકારા સાથે વાયુવેગે મોટા પથ્થર જેવા બરફના કરાઓનો વરસાદ વરસવા લાગ્યો. તેનાથી બધાંનાં શરીરને ઘણું વાગ્યું. જમીનમાં મોટા ખાડા પડી ગયા. ખાડાઓમાં પાણી ભરાઇ ગયાં. પાછા ઘેર જતા વ્રજવાસીઓને તોફાનોથી બચવા, પગ મૂકવા માટે પણ જગ્યા રહી નહિ. પૃથ્વી ઉપર ઊભા રહેવાનું મુશ્કેલ બન્યું. ઠંડા પવનોથી શરીર ધ્રુજવા લાગ્યાં. વરસાદથી સૌના દાંત કકડવા લાગ્યા. વ્રજવાસીઓ પૂરેપૂરા ભયભીત બની ગયા. ઇન્દ્રથી ભય પામીને તેઓ ગાયોના ઇન્દ્ર એવા ગોવિંદના શરણે ગયા.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે આ વ્રજવાસીઓએ આવી આપત્તિના

સમયે પોતાના રક્ષણની ચિંતા કરી, પરંતુ જેમને પોતાના પ્રાણથી અધિક માનતા હતા અને જેમણે અનેક વખત વ્રજવાસીઓને આપત્તિઓમાંથી છોડાવ્યા હતા, તેવા ભગવાન શ્રીકૃષ્ણની રક્ષા કરી નહિ. કોઈને શ્રીકૃષ્ણની ફિકર ન થઈ કે તે બાળક આવા તોફાનમાં શું કરતો હશે! પોતાની રક્ષા શોધવામાં વ્રજવાસીઓએ ભક્તોનો સમર્પણનો માર્ગ છોડ્યો અને પ્રપત્તિનો શરણનો માર્ગ સ્વીકાર્યો. આમ તો ભક્તને માટે આવું કાર્ય અપરાધ ગણાય. કારણ કે ભક્તિની પહેલી શરત એ છે કે ભગવાનના સુખ માટે જ જીવવું. છતાં ઘણા ભક્તો કસોટીની ક્ષણે ઊણા ઊતરે છે. પ્રભુના સુખનો વિચાર છોડીને પોતાના દુઃખમાંથી મુક્ત થવા પ્રભુને શ્રમ કરાવે છે. છતાં દયાસાગર પ્રભુ પોતાના ભક્તની મદદે દોડી જાય છે. એટલે અહીં પણ કૃપાળુ કૃષ્ણે તેમના શરણે આવેલા વ્રજવાસીઓને સ્નેહથી સ્વીકાર્યા. વ્રજવાસીઓ તન અને મનથી શ્રીકૃષ્ણની નિકટ આવ્યા. વ્રજવાસીઓએ ભગવાન શ્રીકૃષ્ણના ચરણકમળ પકડી લેવાનો મનોમન નિશ્ચય કર્યો અને આર્ત સ્વરે પોતાની રક્ષા કરવા શ્રીકૃષ્ણને પોકાર્યા.

કૃષ્ણ કૃષ્ણ મહાભાગ ત્વન્નાથં ગોકુલં પ્રભો ।
ત્રાતુમર્હસિ દેવાત્ નઃ કૂપિતાદ્ ભકતવત્સલ ॥

અર્થ : હે મહાભાગ્યશાળી કૃષ્ણ! હે ભક્તવત્સલ પ્રભુ! તમે ગોકુળના નાથ છો. ઈન્દ્રદેવ ગુસ્સે થયો છે. તો અમને બચાવવા માટે તમે યોગ્ય છો.

વ્રજવાસીઓએ આ શ્લોકમાં બે વખત શ્રીકૃષ્ણને સંબોધન કર્યું. શ્રીમહાપ્રભુજી તેનાં બે કારણો આપે છે. (૧) અગાઉ ભગવાન કૃષ્ણે ગોપોને બે વખત મદદ કરી હતી. એક તો દાવાનલ સમયે ભયભીત બનેલા ગોપોને દાવાનલનું પાન કરીને બચાવ્યા હતા. બીજી વખત ગોપો બપોરે ભૂખ્યા થયા. ત્યારે ઋષિપત્નીઓ પાસે ભોજન મંગાવી તેમની ભૂખ શાંત કરી હતી. આ બંને પ્રસંગોનું સ્મરણ કરીને ગોપો શ્રીકૃષ્ણે વિનંતી કરે છે કે અમને ઈન્દ્રના કોપમાંથી બચાવો. (૨) બીજું કારણ એ બતાવ્યું છે કે પહેલી વખત ‘કૃષ્ણ’ શબ્દથી શ્રીકૃષ્ણને સંબોધન કર્યું, તો બીજી વખત ‘કૃષ્ણ’ શબ્દથી બલરામજીને સંબોધન કર્યું. આમ, ગોપોએ શ્રીકૃષ્ણ-બલરામ બંનેને વિનંતી કરી હતી.

ગોપોએ ભગવાન શ્રીકૃષ્ણને માટે બે વિશેષણ વાપર્યાં: મહાભાગ્યશાળી ગોકુળનાથ, અને ભક્તવત્સલ. ગોપોએ કહ્યું: તમે ભક્તો તરફ દયા અને પ્રેમવાળા છો. તેથી વ્રજવાસીઓ તરફ વાત્સલ્યભાવવાળા છો. તમારા કહેવાથી અમે ઈન્દ્રયાગ છોડીને ગોવર્ધનયાગ કર્યો છે. માટે હવે તમે અમને બચાવો. તમારા સિવાય અમને કોઈ બચાવી શકશે નહિ. અમે તમારા જ શરણે છીએ.

શ્રીમહાપ્રભુજી એમ સમજાવે છે કે આવી ઘોર આપત્તિમાં પણ વ્રજવાસીઓએ પોતાની વિચારશક્તિ ગુમાવી ન હતી. આપત્તિથી વિહ્વળ બનવા છતાં તેમણે અન્યાશ્રય ન કર્યો. તેઓ ભગવાનના જ શરણે ગયા. દેવરાજ ઈન્દ્રને પ્રાર્થના ન કરી.

વ્રજવાસીઓની વિનંતી સાંભળી સર્વજ્ઞ ભગવાને વિચાર કર્યો કે આ કાર્ય ઈન્દ્રયાગ બંધ થવાથી ગુસ્સે થયેલા ઈન્દ્રનું છે. વગર ઋતુએ વરસાદ આવે તેને આપણે માવઠું કહીએ છીએ. તે પ્રકૃત્તિનું એક ઘટનાચક્ર છે. પરંતુ આ માવઠું સામાન્ય પ્રકારનું નથી. સામાન્ય રીતે તો વરસાદની સાથે પવન ફૂંકાય ત્યારે પવન વાદળોને ખેંચી જાય, પણ અહીં પવન ફૂંકાવા છતાં વાદળો મુશળધાર વરસે છે. વરસાદની સાથે કરા પણ પડે છે. આ વરસાદને રોકવામાં ન આવે તો અવશ્ય ગોકુળનો નાશ કરશે. માટે હવે એનો કોઈ ઉપાય કરવો પડશે.

સર્વજ્ઞ ભગવાને આ આપત્તિ દૂર કરવાનો વિચાર કર્યો, તેથી શ્રીશુકદેવજી અહીં ભગવાન માટે ‘હરિ’ શબ્દ વાપરે છે. જે જગતનાં દુઃખો દૂર કરે, દુઃખોનું હરણ કરે તે હરિ. ભગવાન કોઈને અન્યાય કરનારા નથી. તેથી તેમણે વિચાર કર્યો કે અજાણતાં ઈન્દ્રને પણ અન્યાય

ન થાય તે પણ મારે જોવું જોઈએ. પ્રભુએ ઈન્દ્રનો રોષ જાણ્યો. તે રોષનો પ્રતિકાર કેવી રીતે કરવો તેનો તેમણે વિચાર કર્યો. પ્રભુએ વિચાર્યું કે ઈન્દ્રને અધિકાર આપનાર પણ પોતે છે, માટે અભિમાનનો દોષ તેનો સ્વભાવગત દોષ નથી. મેં તેને અધિકાર આપ્યો, ત્યારે તે દોષિત બન્યો છે. માટે મારે તેનો દોષ દૂર કરવો જોઈએ.

વળી, ભગવાન શ્રીકૃષ્ણે એમ પણ વિચાર્યું કે આમાં ઈન્દ્રના સેવક એવા મેઘોનો કોઈ વાંક નથી. તેઓ ચિઠ્ઠીના ચાકર છે. તેમને અટકાવવાનું કામ તો રમતમાત્ર છે. પરંતુ તેમ કરવાથી ઈન્દ્ર મેઘ ઉપર રૂઠે અને તેમને દંડ આપે, તો તેઓ વિના વાંકે દંડાય. માટે મેઘોને અટકાવવાનું ઉચિત નથી.

ભગવાન શ્રીકૃષ્ણે વિચાર કર્યો કે જો તેઓ વૃષ્ટિ અટકાવી દે તો અભિમાની ઈન્દ્ર જરૂર લડવા આવે. સ્વામી સાથેની મર્યાદા તોડીને સેવક સ્વામી સાથે લડે, તો સેવકને તેનો અપરાધ લાગે. ઈન્દ્રે એક અપરાધ તો કર્યો છે. તેનો હવે બીજો અપરાધ થાય તેવું ભગવાન શ્રીકૃષ્ણ ઈચ્છતા ન હતા. તેથી તેમણે વૃષ્ટિ અટકાવવાનું ઉચિત ન ગણ્યું.

ભગવાનને એક બીજો વિચાર આવ્યો કે ભલે ઈન્દ્ર વ્રજ ઉપર વર્ષા કર્યા કરે. વ્રજવાસીઓને એવું અલૌકિક સામર્થ્ય આપું કે જેથી તેમને આ આપત્તિ કનડે નહિ, પરંતુ તેમ કરવા જતાં ગોપોને આ સામર્થ્ય પ્રભુએ આપ્યું છે, તેવું ન સમજાય તો સામર્થ્યને લઈને તેમનામાં પણ અભિમાન આવે, તો તેમનું અહિત થાય. તે પણ શ્રીકૃષ્ણને કેવી રીતે મંજૂર હોય?

ભગવાને એમ પણ વિચાર કર્યો કે અહીં વરસતા મેઘોને બીજે લઈ જઉં, પણ તેમ કરતાં બીજા પ્રદેશના નિર્દોષ લોકોને વિના કારણે પીડા સહન કરવી પડે અને તેમ કરતાં ઈન્દ્રનું અભિમાન ન ઊતરે. ગોપો કદાચ ભવિષ્યમાં ફરી ઈન્દ્રયાગ કરી અન્યાશ્રય કરી બેસે.

ભક્તિમાર્ગમાં અન્યાશ્રય મહાન દોષ છે. પ્રેમલક્ષણા ભક્તિમાં અન્યાશ્રય સૌથી વધુ બાધક છે. માટે ભગવાન શ્રીકૃષ્ણે વિચાર કર્યો કે જે ગોવર્ધન યાગથી વ્રજવાસીઓને ગોવર્ધનસ્થ મારા સ્વરૂપનો મેં આશ્રય કરાવ્યો તે ગોવર્ધન ગિરિરાજને આ આપત્તિના પ્રતિકારનું સાધન બનાવવું જોઈએ. ભગવાન કોઈકને પણ નિમિત્ત બનાવ્યા વિના જયારે સ્વયં આપણને બચાવે ત્યારે તે કૃપા કહેવાય, પરંતુ એ સંજોગોમાં જીવ ભગવાનનો મહિમા સમજી શકતો નથી. તેથી ભગવાન પોતાના કૃપાપાત્ર જીવોને બચાવવા માટે પહેલાં ભકતના દુઃખનો અનુભવ દૂર કરી, તેમને સુખનો અનુભવ કરાવી, તેમનામાં દૃઢ વિશ્વાસ ઉત્પન્ન કરે છે.

આથી ભગવાને અહીં પણ એ જ પ્રકારે વ્રજવાસીઓનું રક્ષણ કરવાનો નિર્ણય કર્યો. ભગવાન પોતે જ પોતાની પ્રસન્નતા માટે જ સર્વ લીલા કરે છે. તેથી ભગવાન સ્વયં લીલા કરવા માટેનો શ્રમ કરતા નથી. ભગવાનની યોગમાયા નામની શક્તિ ભગવદ્આજ્ઞા પ્રમાણે સર્વ લીલા સિદ્ધ કરે છે. તેથી ભગવાને વિચાર કર્યો કે વ્રજવાસીઓને બચાવવાનો ઉપાય યોગમાયા વડે સાધવો. ભગવાને બીજો પણ વિચાર કર્યો કે એવી લીલા કરવી કે જેથી ગોકુળવાસીઓનાં દુઃખ દૂર થાય અને અભિમાની ઈન્દ્રને તેની મર્યાદાનું જ્ઞાન થાય, જેથી તેનું અભિમાન દૂર થાય.

આ માટે ભગવાને નક્કી કર્યું કે ગોવર્ધનયાગથી વ્રજવાસીઓને મેં મારા ગોવર્ધનસ્થ સ્વરૂપનો આશ્રય કરાવ્યો છે. ત્યારે શ્રીગોવર્ધન ગિરિરાજને આ આપત્તિઓના પ્રતિકારનું સાધન બનાવું, જેથી વ્રજવાસીઓનો વિશ્વાસ શ્રીગોવર્ધન ગિરિરાજમાં દૃઢ થાય. ભક્તિમાર્ગમાં અન્યાશ્રયનો મહાન દોષ છે. તેથી અન્યાશ્રયના દોષથી વ્રજવાસીઓ બચી જાય.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે ગોવર્ધન ધારણ કરવા માટે ભગવાન શ્રીકૃષ્ણે સ્વયં શ્રમ ન કરતાં યોગમાયાને સાધી. તેનું કારણ એ જ છે કે

ગોવર્ધન ગિરિરાજ પર્વત રૂપે છે. પર્વત પરના શિલાખંડો એક-મેકથી અલગ અલગ હોય છે. ચૂના કે સિમેન્ટથી જોડાયેલા હોતા નથી. તેથી પર્વત ઊંચકતાં તેનો કોઇ ભાગ ભૂમિ ઉપર પડી જાય. તો ભૂમિ પર ઘણું નુકશાન થાય. ઘણાને ઇજા પહોંચે અને પર્વત પણ ખંડિત બને. પર્વત પરના શિલાખંડો જો નીચે ગબડે, તો તેનાથી વ્રજવાસીઓને પણ આપત્તિ થાય. એટલે ગોવર્ધન ધારણ કરતાં શ્રીગોવર્ધન પરની શિલાઓ ખસવી ન જોઇએ. ગોવર્ધન અવિભાજિત રહેવા જોઇએ. વળી ગોવર્ધન ઉપર કેવળ શિલાખંડો જ નથી, ઘણાં વૃક્ષો પણ છે. વૃક્ષો ઉપર માળાઓ બનાવી તેમાં પક્ષીઓ પણ રહેલાં છે. એ વૃક્ષોને અને પક્ષીઓને પણ કોઇ પ્રકારે આપત્તિ થવી ન જોઇએ. આ સર્વ બાબતોનો વિચાર કરી, યોગમાયા દ્વારા ગિરિરાજ ઉઠાવવાનો ભગવાન શ્રીકૃષ્ણે નિર્ણય કર્યો. શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે માણસ પોતાનું બળ બતાવવા માટે ક્રિયાશક્તિરૂપી તેના હાથનો ઉપયોગ કરે છે. તેથી ભગવાન શ્રીકૃષ્ણે નિર્ણય કર્યો કે યોગમાયા દ્વારા અદ્ધર ઉઠાવાયેલા ગોવર્ધનને પોતાના કરની અંગુલિ ઉપર ધારણ કરવો, જેથી વ્રજવાસીઓને પોતાના અલૌકિક બળનો ખ્યાલ આવે.

આમ નક્કી કરીને ભગવાન શ્રીકૃષ્ણે વ્રજવાસીઓને આજ્ઞા કરી:

તસ્માત્ મચ્છરણં ગોષ્ઠં મન્નાથં મત્પરિગ્રહં ।
ગોપાય સ્વાત્મયોગેન સો અયં મે વ્રત આહીતઃ ॥

અર્થ: તેથી ગોકુલ મારા શરણે છે. ગોકુલનો હું નાથ છું. મેં તેનો પરિગ્રહ સ્વીકારેલો છે. તો મારી પોતાની યોગમાયાથી હું ગોપોનું રક્ષણ કરીશ. મારા શરણે જે આવે તેનું રક્ષણ કરવું તે મારું વ્રત મેં પ્રથમ કહેલું છે. તેમનું રક્ષણ કરવાનું મેં સ્વીકારેલું છે.

ભગવાને આવી આજ્ઞા કરતાં એમ સમજાવ્યું કે વ્રજ મારા શરણે છે. હું વ્રજનો નાથ છું. તેનો મેં અંગીકાર કર્યો છે. માટે મારે વ્રજવાસીઓને જ્ઞાન અને ભક્તિનો બોધ આપવાનો હોય નહિ. શરણાગતને તેનું ઇચ્છિત ફળ આપવું જોઇએ. રાજાની ફરજ છે કે તેની પ્રજાનું તેણે રક્ષણ કરવું. તેમ હું ગોકુલનો નાથ હોવાથી આ ગોકુલવાસીઓનું રક્ષણ કરવું એ મારી ફરજ છે. આ વ્રજવાસીઓમાંથી એક પણ વ્રજવાસીનો દેહ છૂટી જાય, તો તેટલું મારું સામર્થ્ય ઓછું ગણાય.

સંસ્કૃતમાં 'શરણ' શબ્દના અનેક અર્થ છે. તેમાં એક અર્થ ઘર અને બીજો અર્થ છે રક્ષક. ઘર માણસને આધાર આપે છે અને તે રીતે તેનું રક્ષણ કરે છે. બધી રીતે રક્ષણ કરવા કેવળ કૃષ્ણ જ મહા સમર્થ છે. એવી ભાવના રાખવી તેનું નામ શરણાગતિ. સુખમાં અને દુઃખમાં તેની આપણને સહાય છે, તેમ દૃઢતાથી માનવું તેનું નામ શરણાગતિ. આપણે જયારે રક્ષણ માગીએ, ત્યારે રક્ષણ મેળવવા કેટલીક શરતોનું પાલન પણ કરવું પડે. ભગવાન શ્રીકૃષ્ણની શરણાગતિ માગીએ ત્યારે સૌ પહેલાં આપણે એ યાદ રાખવું પડે કે આપણે તેમના હંમેશના દાસ છીએ. આપણો દાસભાવ ભુલાવો જોઇએ નહિ. દાસભાવ એટલે પ્રભુ પ્રસન્ન થાય તેવાં શુદ્ધ મન, વચન અને કર્મોથી સાત્ત્વિક આચરણ કરવું તે. આપણાં મન, વચન અને કર્મ ઉપરાંત ચિત્ત અને વેષ પણ શુદ્ધ અને સાત્ત્વિક તેમજ પ્રભુ પ્રસન્ન થાય તેવાં હોય, તે જરૂરી છે. જો કૃષ્ણમાં આપણો દૃઢ વિશ્વાસ હોય તો અંતિમ શ્વાસ લેતાં પણ નિરાશ થઇ નિસાસો નાંખવાનો વખત આવે નહિ. શરણાગતિની સાથે દૃઢ વિશ્વાસપૂર્ણ અનન્યતા પણ જરૂરી છે. વ્રજવાસીઓની આવી શરણાગતિ હોવાથી ભગવાન શ્રીકૃષ્ણે ગિરિરાજ ધારણ કરીને તેમને આશ્રય આપવાનો નિર્ણય કર્યો અને સૌને પોતાના ચરણમાં બોલાવ્યા.

ભગવાન શ્રીકૃષ્ણે ત્યારબાદ શ્રીગોવર્ધનને પોતાના હસ્ત ઉપર ઊંચો ઉઠાવ્યો, તેનું નિરૂપણ શ્રીશુકદેવજીએ નીચેના શ્લોકમાં કર્યું.

ઇતિ ઉક્ત્વા એકેન હસ્તેન કૃત્વા ગોવર્ધનાચલમ્ ।
દધાર લીલયા કૃષ્ણઃ છત્રાકમિવ બાલકઃ ॥

અર્થ : જેમ બાળક છત્રાકને (બિલાડીનો ટોપ) ઊંચે રાખે, તે પ્રમાણે

કૃષ્ણ ભગવાને આમ કહીને, ગોવર્ધન પર્વતને એક હાથ વડે ઘણી સહેલાઇથી ઊંચે ધારણ કર્યો.

ચોમાસામાં જમીનમાંથી છત્રી આકારના અતિ નાના-નાના બિલાડીના ટોપ ફૂટી નીકળે છે. નાનાં બાળકો તે ટોપને પોતાના કોમળ હાથમાં ઊંચકીને છત્રી ઓઢતાં હોય તેમ માથે ધારણ કરી રમે છે. તેમાં તેમને આનંદ આવે છે. શ્રીશુકદેવજીએ આ ખેલ સાથે શ્રીપ્રભુની ગોવર્ધનધારણની લીલાની સરખામણી કરી. તેઓ એમ સૂચવે છે કે ગોવર્ધનધારણનું કાર્ય પરિશ્રમયુક્ત ન હતું. પણ બાળકોની આનંદમય લીલા જેવું હતું. ગોવર્ધનલીલાનું નિરૂપણ કરતાં ભક્ત કવિ નરસિંહ મહેતાએ આ જ ભાવ એક નાનકડી પંક્તિમાં ‘લટકે ગોવર્ધન તોળ્યો રે...’ ખૂબ સુંદર રીતે વર્ણવ્યો.

આમ, ગોવર્ધનધારણની લીલા એ તો ભગવાન શ્રીકૃષ્ણનું એક લટકુંમાત્ર છે. ઇન્દ્રે પણ તેમની બાળલીલા માની લીધી અને તેથી તેના મેઘોનું તોફાન ચાલુ રહ્યું. ભગવાન શ્રીકૃષ્ણે ગોવર્ધન પર્વતને સૌ પ્રથમ પોતાના ડાબા હસ્તથી ઊંચક્યો. પછી તેને પોતાના જમણા હસ્તની ટચલી આંગળી ઉપર ધારણ કર્યો. તે પણ એવી રીતે ધારણ કર્યો કે ટચલી આંગળીના નખથી પણ શ્રીગોવર્ધન પર્વત સહેજ અદ્ધર રહે, જેથી પ્રભુની આંગળીને પણ શ્રમ ન થાય. વળી શ્રીકૃષ્ણે તેને એવી રીતે ઉપાડ્યો કે પર્વતના બંને છેડા ઊંચા થાય, જેથી વરસાદનું જળ નીચેના ભાગમાં ભરાઇ ન જાય અને વ્રજવાસીઓ તેમનાં પશુઓ સાથે નિરાંતે તેમના છત્ર નીચે આશ્રય લઇ શકે.

આમ, શ્રીગિરિરાજજીને ધારણ કરી ભગવાને વ્રજવાસીઓને આજ્ઞા કરી, ‘હે માતા, હે પિતા, હે વ્રજવાસીઓ, તમારી ગાયોરૂપી ધનને સાથે લઇને તમે આ પર્વતની નીચે આવી જાઓ. તમને અહીં પૂરેપૂરાં સુખ-સગવડ રહેશે. આ પર્વત મારા હાથમાંથી પડી જશે, તેવી ચિંતા તમે કરશો નહિ. મેં તમારા રક્ષણનો આ ઉપાય કર્યો છે. હવે તમને વાયુ

અને વર્ષાનો ભય રહેશે નહિ.’ ભગવાન અક્લિષ્ટકર્મા છે. તેઓ ભક્તોનાં દુ:ખ સહન કરી શકતા નથી. તેથી ભક્તોનાં દુ:ખનિવારણ માટે તેમણે આ લીલા કરી. સૌ વ્રજવાસીઓ ભગવાનની આજ્ઞાથી ચિંતામુક્ત થયા. તેમને આશ્વાસન મળ્યું. વ્રજની સમસ્ત પ્રજા, તેમનાં પશુઓ, સેવકો અને બ્રાહ્મણો સાથે પોતપોતાની સગવડ પ્રમાણે પર્વતની નીચે ગોઠવાઇ ગઇ.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે શ્રીકૃષ્ણની આજ્ઞા શીતળ, મધુર, અને ખાતરી આપનારી હતી. ગોપોને પૂરેપૂરી ખાતરી થઇ શકી કે કૃષ્ણ આપણું રક્ષણ કરશે જ. તેથી તેમનો જીવ હેઠો બેઠો. ગિરિરાજધારણ કર્યા પછી મેઘવૃષ્ટિ સાત દિવસ અને સાત રાત સુધી સતત થતી રહી. ત્યાં સુધી ભગવાને સૌનું રક્ષણ કર્યું.

મેઘવૃષ્ટિ સાત દિવસ અને રાત થઇ. તેનું રહસ્ય શ્રીમહાપ્રભુજી સમજાવે છે. કોઇ પણ દેવ ગુસ્સે થાય અને પ્રભુના અનન્ય કૃપાપાત્ર ભક્તોને પજવે, તો તે દેવનું જોર વધુમાં વધુ સાત દિવસ-રાત રહે છે. આ સાતેય રાત દિવસ ભગવાન ભગવદીયનું રક્ષણ કરે છે. તેથી તે દેવ એ ભગવદીયને વધારે પજવી શકતા નથી અને છતાં જો પજવે તો તેનું મૃત્યુ થાય છે. પરંતુ કોઇક કારણસર ભગવાન ભગવદીયનું રક્ષણ ન કરે અને તેની ઉપેક્ષા કરે તો જ ગુસ્સે થયેલા દેવ વધારે પજવે છે. દેવોને અલૌકિક પ્રકારે ભગવાને કરેલી રક્ષા અને ઉપેક્ષાનું જ્ઞાન હોય છે. તેથી દેવ એ બાબતોને સમજીને જ ભગવદીયને પજવી શકે છે.

મેઘવૃષ્ટિ સાત દિવસ-રાત થઇ, તેનું એક બીજું કારણ પણ શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું છે. સાત દિવસ સુધી વ્રજવાસીઓને સતત પોતાનાં ચરણકમળમાં રાખીને વ્રજવાસીઓના સાત પ્રકારના અન્યાશ્રય ભગવાન શ્રીકૃષ્ણે દૂર કર્યા. આ સાત પ્રકારના અન્યાશ્રય નીચે મુજબ છે. (૧) દેવ (૨) ઋષિ (૩) પિતૃઓ (૪) આત્મા (૫) પુત્રાદિક કુટુંબ (૬) વૈદિક કર્મો અને (૭) પારલૌકિક કર્મો. આ સાત બાબતોનો

સ્વાર્થપૂર્વક આશ્રય કરવાથી અન્યાશ્રય દોષ થાય છે. વ્રજવાસીઓના સાત પ્રકારના અન્યાશ્રય પ્રભુએ કાયમના માટે દૂર કર્યા.

શ્રીમહાપ્રભુજી આ લીલાનું રહસ્ય સમજાવતાં આજ્ઞા કરે છે કે પોત-પોતાના ગામ જવા નીકળેલા વ્રજવાસીઓ આઠેય દિશામાં દૂર-દૂર સુધી પહોંચી ગયા હતા. આવાં ભયંકર તોફાનોમાં તેમની શક્તિથી તેઓ પાછા ફરી શકે તેમ ન હતા. ભગવાન શ્રીકૃષ્ણે પોતાના પ્રમેય બળથી સૌને પોતાની નજીક શ્રીગોવર્ધનની છાયામાં આણ્યા અને સાત દિવસ-રાત રાખ્યા. ગિરિરાજધરણ સ્વરૂપે પોતાના છ દિવ્ય ગુણો અને સાતમા ધર્મી સ્વરૂપથી સાત દિવસ-રાત શરણાગતોની રક્ષા કરી.

શ્રીગોવર્ધન એટલે ગાયોની વૃદ્ધિ કરનાર., ગાયોનું પોષણ અને રક્ષણ કરનાર. શ્રીગોવર્ધન શબ્દનો બીજો અર્થ છે ઈન્દ્રિયોનું રક્ષણ કરનાર. શ્રીગોવર્ધન પર્વત ભૌતિક સ્વરૂપે અચલ છે. પરંતુ શ્રીકૃષ્ણના કરનો સ્પર્શ થતાંની સાથે તેઓ ચલ થયા. અંતે શ્રીકૃષ્ણની અંગુલિ ઉપર પાછા અચલ થઈને રહ્યા. આ લીલા દ્વારા ભક્તનું જીવન કેવું હોય છે તે સમજાય છે. ભગવદ્ આજ્ઞાથી શઠજી, જીવ, જડ અચલ હોય છે. પરંતુ ભગવદ્ કૃપાથી પ્રભુસન્મુખ થતાં તેની ઈન્દ્રિયો અને આત્મા ભગવદ્ગામી બનતાં ચલિત થાય છે. પ્રભુમાં પ્રેમ, આસક્તિ અને વ્યસન સિદ્ધ થતાં તેની સર્વે ઈન્દ્રિયો અને મન ફરી પાછાં પ્રભુમાં ચલિત થઈ જાય છે.

શ્રીગોવર્ધન-ધારણની આ લીલા હોવાથી તેમાં પ્રભુને શ્રમ નથી, કારણ કે લીલામાં શ્રમ ઓછો હોય છે અથવા નથી હોતો, પણ રસ વધારે હોય છે.

સાત સાત દિવસ વ્રજવાસીઓ અન્નજળ વિના ગોવર્ધનની તળેટીમાં રહ્યા. તેનું રહસ્ય શ્રીમહાપ્રભુજીએ બતાવ્યું છે. ભગવાન શ્રીકૃષ્ણે અન્નકૂટનો ભોગ આરોગ્યો હતો. એ મહાપ્રસાદ સૌએ લીધો હતો. પ્રસાદ શબ્દના બે અર્થ થાય છેઃ કૃપા અને પ્રસન્નતા. જેનાથી પ્રભુની મહા એટલે વિશેષ કૃપા અને પુષ્કળ પ્રસન્નતા પ્રાપ્ત થાય તે મહાપ્રસાદ. પ્રભુને સમર્પિત થવાથી પ્રભુની કૃપા અને પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. તે પ્રાપ્ત થવાથી તે ભક્તને તનુનવત્વની પ્રાપ્તિ થાય. તેનું શરીર અંદરથી દિવ્ય બને છે. પરિણામે, તેની ભૂખ, તરસ, થાક, ઊંઘ વગેરે દેહના ધર્મો તેને બાધક થતા નથી. આથી વ્રજવાસીઓના દેહ પણ તનુનવત્વને પામ્યા હતા.

સાત દિવસ-રાત અતિ નિકટ રહેલા વ્રજવાસીઓનાં તન, મન અને આત્માનો પોતાનામાં નિરોધ કરવા માટે પ્રભુએ બીજા બે શ્રીહસ્ત પ્રગટ કરી મધુર વેણુનિનાદ કર્યો. પ્રભુએ જમણા હસ્તથી ગોવર્ધન ધારણ કર્યો હતો. ડાબા હસ્તમાં શંખ ધારણ કર્યો, કારણ કે શંખ જળતત્ત્વમાંથી બનેલો હોય છે. તેથી શંખમાં પ્રભુએ મેઘોએ વરસાવેલા. વરસાદનું બધું જળ અલૌકિક રીતે શોષી લીધું. પરિણામે જળનું એક પણ ટીપું ભૂમિ ઉપર પડ્યું નહિ. આમ, ભગવાન શ્રીકૃષ્ણ ચતુર્ભુજ થયા.

ભગવાન શ્રીકૃષ્ણનું આ ચતુર્ભુજ સ્વરૂપ તે આપણા શ્રીગોકુલનાથજી પ્રભુ. તેમનું મૂળ નામ શ્રીનાથજી હતું. શ્રી એટલે વ્રજવાસીઓરૂપી સંપત્તિ અથવા વ્રજરૂપી સંપત્તિ અથવા ગોવર્ધન જેવા ભગવદીયરૂપી સંપત્તિ અથવા શ્રીરાધિકાજી આદિ સ્વામિનીઓ. આ સર્વના તેઓ નાથ બન્યા. તેથી તેમનું નામ શ્રીનાથજી પડ્યું.

શ્રીમહાપ્રભુજીના સમયમાં આ જ સ્વરૂપ ગિરિકંદરામાંથી દ્વિભૂજ બનીને પ્રગટ થયું. તેથી તેઓ શ્રીગોવર્ધનનાથજી તરીકે પ્રસિદ્ધ થયા. તેમનું લાડનું નામ શ્રીનાથજી થયું. બંને લીલા કરનારા સ્વરૂપની અલગ અલગ પહેચાન માટે ગિરિરાજ ધારણ કરનાર લીલાસ્વરૂપને શ્રીગોકુલનાથજી નામ આપવામાં આવ્યું, કારણ કે તેમણે ગોકુળનું ઈન્દ્રના કોપથી રક્ષણ કર્યું, જ્યારે ગિરિકંદરામાંથી પ્રગટ થયેલા સ્વરૂપને શ્રીગોવર્ધનનાથજી કહ્યા. શ્રીગોવર્ધનનાથજીની મુખ્ય લીલા નિકુંજલીલા

છે. નિકુંજના દ્વારે ઊભા રહીને પોતાના ભક્તોના મનનો નિરોધ કરી, ભક્તોને પોતાની પાસે બોલાવવાની તેમણે લીલા કરી છે. શ્રીગોકુલનાથજીના સ્વરૂપની લીલા ગિરિરાજ ધારણ કરવાની લીલા છે. આમ, લીલાભેદથી બંને સ્વરૂપનો ભેદ જણાય છે. તેથી બંને સ્વરૂપ અલગ અલગરૂપે આપણને આજે પણ દર્શન આપે છે.

ઈન્દ્રનો માનભંગ કર્યા પછી, શરણાગત ઈન્દ્રની વિનંતીથી ભગવાન શ્રીકૃષ્ણે ગિરિરાજ ધારણ કરેલ લીલાનું પોતાનું સ્વરૂપ ઈન્દ્રને પધરાવી આપ્યું. ઈન્દ્ર આ સ્વરૂપને સ્વર્ગમાં પધરાવી ગયા. ત્યાં તેમણે ઘણાં વર્ષો સુધી તેમની સેવા કરી. રાવણના ભાઈ વિભીષણે સ્વર્ગ ઉપર ચડાઈ કરી, ત્યારે ઈન્દ્રને હરાવી તેની પાસેથી આ સ્વરૂપ પ્રાપ્ત કર્યું હતું. વિભીષણ આ સ્વરૂપની સેવા કરતા હતા. ત્યારપછી હજારો વર્ષો વીતી ગયાં. તે સ્વરૂપ શ્રીમહાપ્રભુજીના શ્વસુર શ્રીવેણુભટ્ટજીના ત્યાં કાશીમાં પંચાયતનની બાજુમાં બિરાજતું હતું. પોતાની દીકરીનાં લગ્ન પછી શ્રીવેણુભટ્ટજી પૂજામાં પોતાના જમાઈ શ્રીમહાપ્રભુજીને કન્યાદાનમાં આ પંચાયતન પૂજા સ્વીકારવા વિનંતી કરી, ત્યારે શ્રીમહાપ્રભુજીએ આ સ્વરૂપ પોતાની પાસે પધરાવ્યું અને અન્ય દેવ-દેવતાઓને શ્રીગંગાજીમાં પધરાજી દીધાં.

આ સ્વરૂપ કદમાં ઘણું નાનું છે, પણ અતિ અલૌકિક અને સુંદર છે. તેમનો વર્ણ ગૌર છે, કારણ કે વ્રજભક્તો અને શ્રીગિરિરાજજીની આસક્તિની ભાવનાનું સ્વરૂપ છે. બે ભૂજામાં વેણુ ધારણ કરેલ છે. જમણા ઊંચા હસ્તમાં શ્રીગિરિરાજ ધારણ કર્યા છે. ડાબા હસ્તમાં શંખ છે. આપ કમળ ઉપર ઠાડા છે. કમળ વ્રજભૂમિનો ભાવ છે. કમળની બીજો ભાવ શ્રીસ્વામિનીજીના ઉત્તરીય વસ્ત્રનો છે. વેણુનાદ દ્વારા આપ શ્રીગિરિરાજને ભગવદ્‌ભોગ્યા અધરસુધાનું સુખ આપી રહ્યા છે. તેમની ડાબી બાજુ શ્રીરાધિકાજી અને જમણી બાજુ શ્રીચંદ્રાવલીજી બિરાજે છે. બંને સ્વામિનીઓના હસ્તમાં ચંમર છે અને બીજા હસ્તમાં છડી છે. બંને

સ્વામિનીઓ પોતાના સ્વામીનો ગિરિરાજધારણનો શ્રમ નિવૃત્ત કરવા માટે ચંમર ઢોળી રહ્યાં છે. આપનો પાટોત્સવ શ્રાવણ સુદ ૫ નો છે. આ સ્વરૂપે અન્નકૂટ આરોગવાની અને ગિરિરાજ ધારણ કરવાની લીલા કરી હોવાથી, અન્નકૂટના દિવસે જતિપુરામાં શ્રીગોવર્ધન પૂજાનો પ્રથમ અધિકાર આપનો જ છે.

શ્રીદ્વારકેશજી મહારાજે આ સ્વરૂપની ભાવભાવના નીચેના પદમાં વર્ણવી છે.

બ્રજપતિ તુમ બિન કૌન કરે, ।
ઉત મઘવાકો માનભંગ કરિ, ઈત બ્રજગોપીન ગોપ વરે...૧
બેનુ બજાવત કર પર ગિરિ ધરિ, વામભુજા લૈ સંખ ધરે ।
'દ્વારકેશ' પ્રભુ ગૌર વર્ણ વપુ, નિગમ પ્રસંસિત વિપદ હરે...૨

આ સાત દિવસ દરમ્યાન ભગવાન શ્રીકૃષ્ણ એક ડગલું પણ આઘા-પાછા ગયા નથી. તેમણે વ્રજવાસીઓને મહા દુ:ખમાંથી બચાવ્યાં. તેથી વ્રજવાસીઓને તેમના પ્રત્યે પ્રીતિ ઉત્પન્ન થઈ. વ્રજવાસીઓએ પોતાની ભૂખ અને તરસરૂપી દેહધર્મોનો ત્યાગ ભગવાનને માટે કર્યો, તો ભગવાને પણ ચલનરૂપી ચરણધર્મનો ત્યાગ વ્રજવાસીઓ માટે કર્યો. ભગવાને ગીતામાં આપેલું વચન પાળ્યું કે જેઓ જેવી રીતે શરણે આવે છે, તેમનું તેવી રીતે હું પણ પાલન કરું છું.

અંતે સાતમા દિવસની રાતે વરસાદ અટક્યો. ભગવાને સૌને બહાર નીકળવા આજ્ઞા કરી, ત્યારે ગાયોની શીંગડીઓ પણ ભીંજાઈ ન હતી. શ્રીકૃષ્ણે કોમળતાથી ગિરિરાજને પોતાના મૂળ સ્થાને પાછા પધરાવ્યા અને સૌ વ્રજવાસીઓ ભગવાન શ્રીકૃષ્ણને ભેટી પડ્યા. સૌએ તેમનું પૂજન કર્યું. શ્રીબલરામજીને પણ ઘણું આશ્ચર્ય થયું.

આ લીલાનાં દર્શન કરવા માટે પોતપોતાના વિમાનમાં બેસી આકાશમાં દોડી આવેલાં દેવ-દેવીઓએ ઉત્સવ મનાવ્યો. દુંદુભિનાદ કર્યો. પુષ્પવૃષ્ટિ કરી અને મંગલ ગીતો ગાયાં. સૌએ શ્રીકૃષ્ણને આશિષ

આપી. સૌ સ્નેહથી ગળગળા થઇ ગયા. ગંધર્વો અને અપ્સરાઓએ નૃત્યગાન કર્યાં. શંખધ્વનિ થયો. દુદુંભિ લૌકિક વાદ્ય છે અને શંખ વૈદિક વાદ્ય છે. તેથી લૌકિક અને વૈદિક બંને રીતે ભગવાનની સ્તુતિ થઇ, ઇન્દ્ર સ્વર્ગના દેવોનો રાજા હોવા છતાં દેવોએ ઇન્દ્રની પરવા કર્યા વિના પોતાનો આનંદ વ્યક્ત કર્યો. સૌ વ્રજવાસીઓ નાચતાં-ગાતાં પોતપોતાના નેસ તરફ જવા લાગ્યા.

શ્રીમહાપ્રભુજીએ પણ આ લીલાનો અનુભવ કરીને ‘શ્રીગિરિરાજધાર્યષ્ટકમ્’ રચ્યું, તેમાં ગાયું :

વ્રજેન્દ્રસર્વાધિકશર્મકારી મહેન્દ્રગર્વાધિકગર્વહારી ।
વૃન્દાવને કંદફલોપહારી મમ પ્રભુ:શ્રીગિરિરાજધારી ॥

અષ્ટછાપ ભગવદીયોએ પણ તેમને થયેલ આ લીલાનો અલૌકિક અનુભવ તેમનાં પદોમાં ગાયો છે. કેશવદાસ નામના ભગવદીયે આ લીલા નીચેનાં પદમાં ગાઇ.

ગિરિધર કોપિ કે ઉઠ્યો ઇન્દ્ર રિસ્સાય ॥ધ્રુવ॥
અપનેજુ વ્રત કે કાજ કારણ મનમેં અતિ અકુલાય ।
પડ્યે જો સુરપતિ દૂત તબ તહાં ગયે દોરે ધાય ॥
દેખકે બ્રજરાજ લીલા કહો હમસો આય ॥૧॥
એક સાંવરો સો નંદઢોટા કુછ કહી ન જાય ।
ઉન મેટ કે પૂજા તિહારી દઇ ગિરિહી લુટાય ॥
સ્ત્રાવન સુન સુરરાજ કોપ્યો ભયો આપનો ભાય ॥૨॥
કાટ બંધન દેઉ સબ તેં લગો ગિરિસોં જાય ।
ઉમડે જુ મઘવા ચહું દિસતેં બ્રજ દેઉ બહાય ॥
દેખકે પરમાણ ઉનકો કહો હમસોં આય ॥૩॥
સપ્તનિસ દિનમાન એકો કરી અતિ અકુલાય ।
નીર ઓર સમીર દોનોં બહે બહુ બહુત બતાય ॥
દેખ ધીરજ ધરે ન કોઉ કહા ભઇ જાદોંરાય ॥૪॥

બુંદ પાહનકે સમાન બરખત જાનો તાહિ ।
ગ્વાલ ગોપી ગૌ બછરા રહે સબન સકુચાહિ ॥
તબતો ન માન્યો કહ્યો ઉનકો હૈં કોઉ અબે સહાહિ ॥૫॥
દેખકે મનકો અંદેસો લિયો ગિરિ જો ઉઠાય ।
ધર્યો નખ કે અગ્ર તબ જસોમતિ જુ મન હિ સિહાય ॥
દેહું લકુટિ ચહું ઔરન મતિ કહૂં ડિગ જાય ॥૬॥
સપ્તસાગર જલ સુદર્શન લિયો સકલ સમાય ।
ભિંજે નહિ પાષાણ પાહોમિ સલિલ સહજ સુભાય ॥
ગતિમતિ હરી સબ ઇન્દ્રકી મદ જુ લોચન છાય ॥૭॥
હાર માનકે ચુક અપની કરો કોન ઉપાય જાન્યો નહિ પરમાણ ।
તુમ્હારો રહ્યો ભ્રમ જો ભૂલાય ॥
ગયો મદ સબ ઉતર દે તબ મિલ્યો હે સિર નાય ॥૮॥
તબ કિયો સન્માન હરિજુ ઇન્દ્ર છૂવે પાય ।
પીઠ થાપ કિયો અપનો દિયો મન જો બઢાય ॥
‘કેસવદાસ’ કે પ્રભુકી લીલા તે સદા ગુણગાન ॥૯॥

કૃષ્ણદાસજીને એવો અનુભવ થયો કે શ્રીકૃષ્ણ સૌ ગ્વાલબાળકોને શ્રીગિરિરાજજીની તળેટીમાં બોલાવી રહ્યા છે. શ્રીગિરિરાજની તળેટીમાં આનંદઉત્સવ મનાવવા આજ્ઞા કરી રહ્યા છે. તેમણે પોતાનો આ અનુભવ નીચેના પદમાં ગાયો:

બલિહારી ગોપાલકી ગોવર્ધન ધાર્યો ।
ઇન્દ્ર ઢીઠ મદમત્તાકો જીન ગર્વ પ્રહાર્યો ॥૧॥
બહુત યત્ન મઘવા કિયે પાછો ન સંભાર્યો ।
બૈર કિયો બ્રજનાથસોં આપુન હી હાર્યો ॥૨॥
લે સુરભિ પાંયન પર્યો અપરાધ નિવાર્યો ।
‘કૃષ્ણદાસ’ કે પ્રાણ કો હૅંસ વદન નિહાર્યો ॥૩॥

સાત દિવસ સુધી વેણુના સ્વર ઉપર અવકાશમાં નૃત્ય કરતા શ્રીગિરિરાજનાં દર્શન કરીને નંદદાસજીએ નીચેનું પદ ગાયું:

કાન્હ કુંવર કે કર પલ્લવ પર માનો ગોવર્ધન નૃત્ય કરે ।
જયોં જયોં તાન ઉઠત મુરલીમેં ત્યોં ત્યોં લાલન અધર ધરે ॥૧॥
મેઘ મૃદંગ બજાવત દામિની દમક માનો દીપ જરે ।
ગ્વાલ તાલ દે ગાવેં ગાયન કે સંગ સ્વર જુ ભરે ॥૨॥
દેત અસીસ સકલ ગોપીજન બરસાકો જલ અતિંત ઝરે ।
યહ અદ્‌ભૂત અવસર ગિરિધરકો 'નંદદાસ'કે દુ:ખ હરે ॥૩॥

શ્રીસૂરદાસજીએ બહુ જ સુંદર રીતે આ સમગ્ર લીલાનું વર્ણન નીચેના પદમાં કર્યું.

ચઢ્યો સુરરાજ બ્રજરાજ કે કુંવર પર ઘેન ઘન કટક આગે ચલાયો ।
ધરહત ભૂમિ પર ધાક ત્રૈલોકમેં ઝમં બ્રજદેસ પર દોર આયો ॥૧॥
ભવન કે ચલત સબ સુનત પ્રતીક્ષા કરી સુરનકો નાથ તબહી કહાઉં ।
પ્રલય કરૌં દેશ ગજરાજને પગનતેં ગોપ નંદાદિ સબ બાંધ લાઉં ॥૨॥
ભરે જલ થલ વિપુલ કારે બાદર ઉમંગ માનો મત્ત હાથી ઉમાયો ।
તોર ચકચૂર પર ચાર અંકુશ લિયે પવન ફિર બાન ચંચલ ચલાયો ॥૩॥
દુંદુભિ ઘોર અથનાલ જંબુકસર ચાંપ માનો બસન બાણ ઉડાયો ।
રબકત, ઝબકત બીજ લપલપ કરે માનો જીવ સાંપિન ચલાયો ॥૪॥
અતિહિ પ્રચંડ ગજસૂંડસી થંભસી બુંદ પરન લાગી ।
અકુલાનત કંપતી નવ બાલ બછરા લિયે હલમલી ધેનુ સબ ફિરત ભાગી ॥૫॥
હોત ખરભર નગર બગર બ્રજ જીવ થલ સકલ કલમલાએ ।
ભીતિ ભઇ નારી મંદિર રહી ડોલત ફિરે પરનાતેં પુત છાતી લગાએ ॥૬॥
સિમિટ ચહું ઔરતેં ગોપ ગોપી સબે આય ગોવિંદ પે રોય દિનો ।
મુસક મૃગરાજ જ્યોં કુંવર બ્રજરાજકે ભૂમિને ઉચક ગિરિરાજ લીનો ॥૭॥
મારે મદ ભૂજનસો રાખ બ્રજ આપનો કોક સુરરાજ સુર પુર પઠાયો ।
'સૂર' કિશોર પ્રભુ સબન કેં દેખતેં સાંવરો કુંવર ઘર જીત આયો ॥૮॥

શ્રીશુકદેવજીએ શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે સાત દિવસ-રાત કેવળ શ્રીકૃષ્ણે પોતાની ટચલી આંગળી ઉપર શ્રીગિરિરાજને ધારણ કર્યો હતો. પરંતુ શ્રીપરમાનંદદાસજીને તેનાથી કોઇ જુદો અનુભવ થયો હતો. સૌ વ્રજવાસીઓએ શ્રીકૃષ્ણને પોતાનો બાળક માન્યો. તેથી સૌ આપસઆપસમાં કહેવા લાગ્યા કે શ્રીકૃષ્ણે ભલે ગોવર્ધન ઉંચક્યો હોય, પરંતુ તે પર્વત નીચે ન પડી જાય તે માટે ચાલો આપણે સૌ આપણી લાકડીનો ટેકો કરીએ. સૌએ પોતપોતાની લાકડીનો ટેકો કરીને પ્રભુનો શ્રમ ઓછો કરવાનો પ્રયત્ન કર્યો. આ લીલાનું વર્ણન શ્રીભાગવતમાં નથી. તેનું વર્ણન શ્રીપરમાનંદદાસજીએ નીચેના પદમાં કર્યું છે.

મતિ ગિરિ ગિરિ ગોપાલકે કરતેં ।
અરે ભૈયા ગ્વાલ લકુટિયા ટેકો અપ અપને કર કે બલતે ॥૧॥
સાત દ્યોસ મૂસલધાર બરખ્યો બૂંદ ન પરી જલધરતેં ।
ગોપી ગ્વાલ નંદસુત રાખે બરસ બરસ હાર્યો અંબરતેં ॥૨॥
અંતરિક્ષ જલ જર્યો સિખર પર નંદનંદનકી કોપ અનલતેં ।
'પરમાનંદ' પ્રભુ રાખી લિયો બ્રજ અમરાપતિ આયો પાયન પરતેં ॥૩॥

શ્રીશુકદેવજીએ નથી ગાયો એવો એક અનુભવ નંદદાસજીએ ગાયો છે. શ્રીકૃષ્ણના સખાઓ શ્રીકૃષ્ણને વિનંતી કરી રહ્યા છે કે કનૈયા! તમે ઘણા સમયથી આ પર્વત ઉચકીને ઊભા છો. તમારો કોમળ કર દુ:ખતો હશે. થોડીકવાર અમને આ ગિરિરાજ ઉચકાવો. ત્યારે શ્રીકૃષ્ણે મંદમંદ હાસ્ય કરતાં સખાઓને ગિરિરાજ ઉચકવા દીધો. પરંતુ તે જ ક્ષણે પર્વત ડગમગવા લાગ્યો. સૌ ગભરાઇ ગયા અને શ્રીકૃષ્ણે ફરી મંદમંદ હસતાં પોતાના કરકમળોમાં તેને ઉંચકી લીધો. આ લીલાનું વર્ણન શ્રીનંદદાસજીએ નીચેના પદમાં કર્યું.

અબ નેક હમહિ દેહુ કાન્હા ગિરિવર ।
તુમ લિયે બડી બાર ભઇ હૈ દુ:ખ ઉઠે કોમલ કર ॥૧॥
મતિ ડિગ પરે દબે સબ બ્રજજન ભયો હૈ હાથ પર અતિહી ભર ।

તબ કૈસે યહ બદન દેખ હે તાતે જીયમેં બડી હી ડર ॥૨॥
જા સખનકો હેત મોહનરાય દિયો નવાય નેક અપનો કર ।
‘નંદદાસ’ પ્રભુ ભૂજા લટકી થઇ સબ હંસે નાગર નગધર ॥૩॥

વરસાદ બંધ રહ્યા પછી શ્રીગોવર્ધનને તેમના મૂળ સ્થાને સ્થાપવામાં આવ્યા. ત્યારે સૌ પહેલાં શ્રીયશોદામા પ્રભુની પાસે દોડી ગયાં અને તેમનાં ઓવારણાં લીધાં. એ લીલાનું વર્ણન શ્રીપરમાનંદદાસજીએ નીચેના પદમાં કર્યું છે.

ગોવર્ધન ધરણી ધર્યો મેરે બારે કન્હૈયા ।
દંતલ ફૂલ લે ભૂજ પૂજત મૈયા ॥૧॥
વિપ્ર બોલ વરણી કરી દીની બહુ મૈયા ।
ગ્વાલબાલ પાયન પરે ગોપી લેત બલૈયા ॥૨॥
નંદ મુદિત મન કુલહી કીરતિ યુગ મૈયા ।
‘પરમાનંદ’ બ્રજ રાખી લિયો ખેલત લરકૈયા ॥૩॥

સર્વ વ્રજવાસીઓએ પણ શ્રીકૃષ્ણને આશિષ આપી. શ્રીપરમાનંદદાસજીએ આશિષનું પદ ગાયું.

ચિરજીયો લાલ ગોવર્ધનધારી ।
સાત ઘોસ જલ વૃષ્ટિ યા ઢોટા પર બારી ॥૧॥
દેવરાજ પ્રતિજ્ઞા ગોપ ભેખ લીલા અવતારી ।
નલકૂબેર મણિગ્રીવ ઉબારે બાલ દસા પૂતના મારી ॥૨॥
દેત અસીસ સકલ ગોપીજન રાજ કરો વૃંદાવનચારી ।
‘પરઆનંદદાસ’ કો ઠાકુર અનુદિન આરતિ હરત હમારી ॥૩॥

સર્વ દેવ અને ગાંધર્વોએ પ્રભુનો જય જયકાર કર્યો. તેનું નિરૂપણ કૃષ્ણદાસજીએ નીચેનાં બે પદોમાં કર્યું.

જય જય જય મોહન બલવીર ।
જય જય ઇન્દ્ર માન મદ ભંજન શ્રી ગોવર્ધન ઉદ્ધરણ ધીર ।
જય જય જય ગોકુલ દુઃખ મોચન જય જય જય વર ભેખ આભીર ॥૧॥

મણિગન આભરણ લસત પીત પટ જય જય જય ઘનશ્યામ શરીર ।
જય જય અદ્‌ભૂત ચરિત્ર મનોહર શ્રી રાધા ગુણ ગંભીર ॥૨॥
‘કૃષ્ણદાસ’ પ્રભુ સબ બિધ સમરથ અદ્‌ભૂત યશ ગાવત મુનિ કીર ॥૩॥

* * * *

જય જય જય લાલ ગોવર્ધનધારી ભક્તન કે સુખકારી ।
જય જય જય શક્ર મખ ભંજન જય જય જય ગોકુલ દુઃખહારી ॥૧॥
જય જય જયતિ જયતિ જય જય ભુજ બલ જલ વૃષ્ટિ નિવારી ।
જય જય ‘કૃષ્ણદાસ’ પ્રભુ જય જય જય જય લીલા લલિત બિહારી ॥૨॥

શ્રીગોવર્ધન ધારણની લીલા થઇ રહી હતી ત્યારે પણ એવાં કેટલાંય ગોપીજનો હતાં કે જેમણે શ્રીનંદનંદનના મુખ ઉપર પોતાની દૃષ્ટિ સ્થિર કરી હતી, નેત્રો દ્વારા મુખકમળના અલૌકિક રસનું તેઓ પાન કરી રહ્યાં હતાં. એવાં ગોપીજનોના નેત્રોમાં વસેલા નંદલાલનું નિરૂપણ શ્રીછીતસ્વામીએ નીચેના પદમાં કર્યું છે.

સબ ગોકુલકી જીવનિ ગોપાલ લાલ પ્યારો ।
સુંદર મુખ નિરખતહી નયન નેહ પાવત
અતિ ગોપી ગ્વાલ આંખિનકો તારો ॥૧॥
રૂપ કી નિધિ કામ કી સિદ્ધિ જાનત સબ પ્રેમ કી
બિધિ ધેન સુન સાજ કે ગૃહ આવત સવારો ।
‘છીતસ્વામી’ ગિરિવરધર અપને કર કોમલ
નખ રાખ લીયો ગોવર્ધન ભારો ॥૨॥

લીલાના અંતે સૌ ગોપીજનોએ શ્રીશ્યામસુંદરની કુશળતાથી પ્રસન્ન થઇ તેમનો ઉચાટભર્યો શ્વાસ નીચે કર્યો. સૌએ શ્રીયશોદાજીને કહ્યું:

બ્રજજન લોચનહીકો તારો ।
સુન જશોમતિ તેરો પૂત સૂપત કુલ દીપક ઉજીયારો ॥૧॥
ધેનુ ચરાવત જાત દૂર તબ હોત ભગન અતિ ભારો ।

ભોગ સજીવન મૂર હમારો છિન ઈત ઉત જીન ટારો ॥૨॥
સાત દ્યૌષ ગિરિરાજ ધર્યો કર સાત બરસ કો બારો ।
'ગોવિંદ' પ્રભુ ચિરજીયો રાની તેરો સુત ગોપ વંશ રખવારો ॥૩॥

શ્રીગોવર્ધન ધારણની આ લીલા કાર્તિક સુદ એકમથી લઈને કાર્તિક સુદ સાતમ સુધી થઈ, તેથી આ દિવસોમાં આપણી સેવામાં ઈન્દ્રમાનભંગનાં પદો ગવાય છે. આ લીલાનું સ્વરૂપ એટલે શ્રીગુસાંઈજીના ચતુર્થ ગૃહમાં બિરાજતું શ્રીગોકુલનાથજી પ્રભુનું સ્વરૂપ, જેમના સ્વરૂપની ભાવભાવના અને લીલાભાવના આપણે આ પ્રકરણમાં જોઈ છે. સાંભળવા મુજબ શ્રીગિરિરાજધારણની લીલા આ સ્વરૂપે કરી હોવાથી ચતુર્થ ગૃહમાં કાર્તિક સુદ એકમથી સાતમ સુધી રાતે માનનાં અને પોઢવાનાં પદો ગવાતાં નથી. કારણ કે પ્રભુએ રાતદિવસ વ્રજવાસીઓ માટે ગિરિરાજ ધારણ કર્યો છે.

◆

પ્રકરણ : ૬

'ચરણકમલ મહિમા મૈં જાની'

શ્રીગોવર્ધનધારણની શ્રીકૃષ્ણની લીલાથી આશ્ચર્યચકિત થયેલા ગોપોએ નંદબાવાને કહ્યું:'બાવા તમારો લાલ સામાન્ય મનુષ્ય લાગતો નથી. તેનાં પરાક્રમો જોતાં અમને શંકા થાય છે. આ બાળકની લીલાઓ ઘણી જ અદ્‌ભૂત છે. અમે વ્રજવાસીઓ તો સાવ ગામડિયા અબુધ ગમાર છીએ. પશુઓની સાથે રહીને પશુઓ જેવા બની ગયા છીએ. આપણા સમાજમાં આવો અદ્‌ભૂત શક્તિશાળી અલૌકિક બાળક જન્મ લે એ જ સંભવિત લાગતું નથી. '

બીજા ગોપે કહ્યું: 'એક મોટો હાથી જેમ કમળના ફુલને રમતમાત્રમાં ઉપાડી લે, તેમ આ સાત વર્ષના બાળકે ગિરિરાજ પર્વતને રમતમાત્રમાં ઉપાડી લઈ, શી રીતે ધારણ કર્યો એ જ સમજાતું નથી.'

ત્રીજાએ કહ્યું: 'અરે ભાઈ! સાત વર્ષ પહેલાંનો પ્રસંગ તો યાદ કરો. આ બાળક છ દિવસનો હતો ત્યારે તેણી આંખો મીંચી રાખીને પૂતનાના સ્તનનું દૂધ પીતાં પીતાં મહા પરાક્રમી પૂતનાના પ્રાણ ચૂસી લીધા હતા.'

ચોથા ગોપે શકટભંજનની લીલા યાદ કરતાં કહ્યું: 'અરે, થોડા મહિનાના બાળકે ગાડાની નીચે સૂતાં સૂતા તેનાં બંને ચરણ ખેલ ખેલમાં ઊંચે-નીચે હલાવવા માંડ્યા. ત્યારે એક ચરણનો આગળનો ભાગ ગાડાને લાગી ગયો. તેને લીધે આખું ગાડું ઉંધુ પડી ગયું. તમે જ વિચાર કરો કે આ બાળકમાં જોર કેટલું હશે? જો તેણે ગાડાને લાત મારી હોત તો શું નું શું થાત? આ ઉંમરનાં બાળકો આપણા ઘરમાં પણ છે. તેમનામાં આટલી બધી શક્તિ છે ખરી? કૃષ્ણને સામાન્ય બાળક કેવી રીતે કહેવાય?'

વળી બીજા ગોપે તૃણાવર્ત લીલા યાદ કરી. તેણે કહ્યું: 'એક વર્ષનો

આ બાળક નંદભવનના પ્રાંગણમાં ખેલતો હતો ત્યારે તૃણાવર્ત રાક્ષસ તેને ઉપાડીને આકાશ માર્ગે લઇ ગયો. બાળકે હસતાં હસતાં તે રાક્ષસનું ગળું દબાવી તેને મૃત્યુને શરણે કરી દીધો. આ બાળકમાં આટલું બધું જોર કયાંથી આવ્યું? તેને પ્રાકૃત બાળક કેવી રીતે કહેવાય?'

'અરે ભાઇ! બાલકૃષ્ણ એક દિવસ તાજા માખણની ચોરી કરતાં યશોદામૈયાના હાથમાં જ પકડાઇ ગયા. માએ તેને ખાંડણિયા સાથે બાંધ્યો, ત્યારે તે જ વજનદાર ખાંડણિયાને બે હાથે ખેંચી આંગણામાં આવી પહોંચ્યો. ત્યાં અર્જુનના બે વૃક્ષો વચ્ચે થઇને નીકળવા જતાં એક આંચકામાં તો તેણે વિશાળ તોતિંગ એવાં બંને વૃક્ષો પાડી નાખ્યાં. ભારે મોટો અવાજ થયો હતો. મેં તો આ દૃશ્ય નજરોનજર જોયું હતું. મને હજુ સુધી સમજણ પડી નથી કે આટલો નાનો બાળક તેના કોમળ બે હાથના આંચકાથી બે મોટાં ઝાડને કેવી રીતે પાડી નાંખે?'

કૃષ્ણના એક સખાએ કહ્યું: 'અમે તો તેનાં આવાં અનેક પરાક્રમો રોજેરોજ જોયાં છે. એક દિવસ અમે વાછરડાં ચરાવવા વૃંદાવનમાં ગયા હતા, બલરામ-કૃષ્ણ અમારી સાથે હતા, ત્યાં બકાસુર નામનો રાક્ષસ બગલાનું રૂપ લઇને આવેલો. કૃષ્ણે બે હાથ વડે તેની બે ચાંચ પકડી તેને રમત વાતમાં ચીરી નાખ્યો. જાણે કાગળના બે ટૂકડા ન કરતા હોય!'

બીજા એક સખાએ કહ્યું: 'પેલો રાક્ષસ વાછરડાના રૂપમાં ન્હોતો આવ્યો? આપણાં વાછરડાં ભેગો એ ભળી ગયો હતો. એ વત્સાસુર રાક્ષસને પણ શ્રીકૃષ્ણે રમતમાત્રમાં મારી નાખ્યો હતો. તેના બે પગ પકડી ઊંચે હવામાં તેને ચક્કર-ચક્કર ફેરવી કોઠાના ઝાડ ઉપર કેવો ફેંક્યો હતો? ઝાડ ઉપર પડવાથી અસંખ્ય ફળો નીચે તૂટી પડ્યાં હતાં. આપણને કોઠા ખાવાની કેવી મજા આવી ગઇ હતી?'

બીજા એક ગોપ સખાએ ધેનુકાસુરની વાત કહી, 'ગધેડો બનીને એક રાક્ષસ તાલવનમાં આવ્યો હતો. તે અમને તાલવનનાં ફળો ખાવા દેતો ન હતો. બલરામની સાથે મળી શ્રીકૃષ્ણે તેનો વધ કર્યો. કારણ કે તે

અમને પરેશાન કરતો હતો. હવે અમે તાલવનમાં જઇને ત્યાંનાં પાકાં-પાકાં ફળ નિર્ભયતાથી ખાઇ શકીએ છીએ.'

બીજા એક સખાએ કહ્યું: 'પ્રલંબ નામનો ભયંકર રાક્ષસ દાવાગ્નિ બનીને આવ્યો. તેમાં અમે અને અમારાં પશુઓ ઘેરાઇ ગયાં. અમે બચવા માટે બૂમો પાડી. ત્યારે અમને કહેવામાં આવ્યું કે આંખો મીંચી દો. પછી જયારે આંખો ખોલી ત્યારે ત્યાં દાવાગ્નિ જ ન હતો. શું થયું તેની અમને સમજણ ન પડી. પરંતુ અમારામાંના કેટલાંક બાળકોએ ઝીણી આંખો ખુલ્લી રાખી હતી. તેઓ કહે છે કે કૃષ્ણ જ દાવાગ્નિને પી ગયા. ભલા અમારો આ મિત્ર દાવાગ્નિ પી શકે ખરો? અમને તો કંઇપણ સમજાતું નથી.'

'અરે ભૈયા! આપણા કૃષ્ણે જ મહાપરાક્રમી દાઉભૈયા પાસે પ્રલંબ નામના રાક્ષસનો વધ કયાં નહોતો કરાવ્યો?'

'અરે, આપણે ગેડીદડો રમવા યમુનાકિનારે ગયા, ત્યારે યમુનાજીના ધરામાં ભયંકર ઝેરી કાલિય નાગને આ કૃષ્ણે જ નાથીને તેને ધરામાંથી દૂર કાઢી મૂક્યો ન હતો? યમુનાનું જળ ફરી નિર્મળ ન્હોતું કર્યું?'

આમ, વ્રજવાસીઓ એક પછી એક પોતપોતાના અનુભવો કહી રહ્યા હતા. બાર શ્લોકમાં શ્રીબાલકૃષ્ણની અત્યાર સુધીની બાલલીલા આ રીતે શ્રીશુકદેવજી મહારાજે કહી. અહીં એક પ્રશ્ન થાય છે કે બાલલીલામાં જે પ્રસંગો, જે ક્રમમાં બન્યા તે ક્રમમાં શ્રીશુકદેવજીએ કેમ કહ્યા નથી? શ્રીમહાપ્રભુજી તેનું કારણ એમ સમજાવે છે કે સૌ ગોપ-ગ્વાલોને જેમ જેમ જે પ્રસંગ યાદ આવતો ગયો, તેમતેમ તેમણે તે તે પ્રસંગ કહ્યા. બધાં ભેગા થઇને વાતો કરવા બેસે, ત્યારે પ્રસંગોનો ક્રમ ન પણ સચવાય. શ્રીશુકદેવજીએ તો અનુભવેલી જ લીલા ગાઇ.

આમ, આ બાર શ્લોકમાં ગોપ-ગ્વાલોએ કૃષ્ણનાં બાલપરાક્રમો ગાયાં.

હવે બધા વ્રજવાસીઓ નંદબાવાને કહેવા લાગ્યા: 'હે બાવા! તમારો

પુત્ર અમને અમારા પુત્રો અને પ્રાણથી પણ વધુ વ્હાલો લાગે છે. તેનો પ્રેમ અમો છોડી શકતા નથી. તે જન્મ્યો ત્યારથી તેના પ્રત્યે અમારું ખેંચાણ વધતું જ રહ્યું છે. આમ કેમ થાય છે તે અમને સમજાતું નથી. બાકી ક્યાં આ સાત વર્ષનો બાળક અને ક્યાં તેણે એક હાથ ઉપર ધારણ કરેલો આટલો મોટો પર્વત! હે વ્રજનાથ! કહો ન કહો પણ અમને શંકા થાય છે કે આ તમારો પુત્ર ન હોય. કારણ કે તમે અમારા જેવા સામાન્ય વ્રજવાસી છો. હા, તમે અમારા વ્રજના રાજા જરૂર છો, એટલે તમારામાં અમારા કરતાં થોડું વધારે બળ જરૂર છે. પરંતુ મોટા મોટા દેવોથી પણ ન બને એવાં ચમત્કારી કાર્યો તમારો પુત્ર કરી શકે તે અમારા માન્યામાં આવતું નથી. અમને પાકો સંદેહ છે કે આ બાળક તમારો પુત્ર નથી, તે જરૂર કોઇ દૈવી શક્તિ છે. તેને તમે બહારથી લઇ આવ્યા છો. જો એમ હોય તો અમને હવે ચિંતા થાય છે કે અજાણતામાં અમે તેના ઘણા અપરાધો કર્યા હશે. તેના પરિણામે અમારે કેવું ભોગવવું પડશે? અમારી શી ગતિ થશે? માટે હે વ્રજનાથ! તમે અમારી શંકાનું સમાધાન કરો અને અમારો સંદેહ ટાળો કે ખરેખર આ શ્રીકૃષ્ણ તમારો પુત્ર છે કે તમે બહારથી લાવ્યા છો?'

વ્રજવાસીઓનાં આ વચનો સાંભળી નંદબાવા મંદ-મંદ સ્મિત કરવા લાગ્યા. નંદબાવાને રામ-કૃષ્ણના નામકરણ વખતે કુલપુરોહિત શ્રીગર્ગાચાર્યજીએ ગૌશાળામાં બેસાડી રામશ્રીકૃષ્ણના ભવિષ્યની જે વાતો કહી હતી તે યાદ આવી. ગર્ગાચાર્યજીએ તેમને આ વાત ગુપ્ત રાખવાનું કહ્યું હતું., તેથી તે વાત કહેવી કે નહિ, તેના વિચારમાં તેઓ પડી ગયા.

શ્રીમહાપ્રભુજી આ શ્લોક પરના સુબોધિનીજીમાં ચાર શ્લોકો દ્વારા આ પ્રસંગોનું રહસ્ય સમજાવે છે. આપશ્રી આજ્ઞા કરે છે કે ભક્તનો ભગવાનમાં નિરોધ હોવો જોઇએ. નિરોધ એટલે અહંતા-મમતા રૂપી સંસારનું વિસ્મરણ અને પ્રભુનું સ્મરણ. વ્રજવાસીઓને શ્રીકૃષ્ણમાં આવો નિરોધ થયો છે. શ્રીકૃષ્ણ જ તેમનો સંસાર બની ગયા છે. તેને લઇને તેઓ પોતાના કુટુંબીજનો અને કામોને પણ ભૂલી જાય છે. છતાં તેમને શ્રીકૃષ્ણ વિષે ઘણું અજ્ઞાન છે અને ઘણું અન્યથા જ્ઞાન પણ છે. તેને લઇને તેઓ હજુ શ્રીકૃષ્ણને પ્રાકૃત-લૌકિક બાળક જ માને છે. તેમને અપ્રાકૃત-અલૌકિક માનતા નથી. તેથી તેમનું અજ્ઞાન દૂર કરવા માટે પ્રભુએ આ લીલા કરી હતી.

વ્રજવાસીઓની શંકાનું સમાધાન શ્રીકૃષ્ણ નંદબાવા પાસે કરાવશે અને પોતાનાં વચનોથી પણ તેનું સમાધાન કરશે. જ્યારે કોઇને પણ મનમાં પ્રશ્ન જાગે, ત્યારે તેની પાછળ ત્રણ ભૂમિકાઓ હોય છે. પહેલાં શંકા થાય, પ્રમાણો વડે તે શંકાનું સમાધાન થાય. તેથી શંકા થઇ કે સાત વર્ષના બાળક શ્રીકૃષ્ણ શી રીતે ગોવર્ધન ઉપાડી શક્યા? નંદરાયજી ગર્ગાચાર્યજીનાં વચનોનું પ્રમાણ આપી, તેમની શંકાનું સમાધાન કરશે. તેથી વ્રજવાસીઓનાં અજ્ઞાન અને અન્યથા જ્ઞાનની નિવૃત્તિ થશે.

વ્રજવાસીઓને એવી શંકા થઇ કે જો પોતે પ્રાકૃત હોય અને ભગવાન અપ્રાકૃત હોય તો પ્રાકૃત અને અપ્રાકૃતનો સંબંધ કેવી રીતે થઇ શકે? પ્રાકૃત-અપ્રાકૃત બંને સાથે કેવી રીતે રહી શકે? માટે ભગવાન પણ પ્રાકૃત જણાય છે.

શ્રીનંદરાયજી તેમની આ શંકાનું આગળ ઉપર એવી રીતે સમાધાન કરશે કે ભગવાન પોતે અપ્રાકૃત છે. પરંતુ નંદબાવાને ત્યાં પુત્ર રૂપે પ્રગટ થયા છે. તેથી પ્રાકૃત રૂપે જણાય છે. આવા સમાધાનથી વ્રજવાસીઓને ભગવદ્જ્ઞાન થશે. ભગવદ્ જ્ઞાન નિશ્ચયાત્મક ફળ છે. તેનાથી પ્રભુના સ્વરૂપમાં જીવની દ્રઢતા થાય છે.

નંદબાવા ભોળા વ્રજવાસીઓનું સમાધાન કરવા તૈયાર થયા. તેમણે નવ શ્લોકથી વ્રજવાસીઓની શંકાનું સમાધાન કર્યું. તેમણે કહ્યું: 'હે ગોપો! તમે મારી વાત સાંભળો, તેનાથી મારા પુત્ર વિષેની તમારી શંકા દૂર થશે. એક વખત યાદવોના કુલગુરુ ગર્ગાચાર્યજી ગોકુળ પધાર્યા હતા. ત્યારે મને અને શ્રીકૃષ્ણની માતાને રામકૃષ્ણનું ભવિષ્ય જાણવાની

ઇચ્છા થઇ. તમે જાણો છો કે ગર્ગાચાર્યજી તો મથુરાના રાજા કંસના પણ કુલગુરુ છે. તેથી જાહેરમાં તેમણે આ બાળકો વિશે કોઇ વાત કહેવાની ના પાડી. તેમણે કહ્યુ કે આ બાળકોના ભવિષ્યની વાતો જો કાનોકાન કંસ સુધી પહોંચે તો તમને સૌને ભારે મુશ્કેલીમાં મુકાવું પડે. તેથી અમને એકાંતમાં વાત કહેવા તેઓ તૈયાર થયા. ગૌશાળામાં હું તેમને લઇ ગયો. ત્યાં હું, શ્રીકૃષ્ણની માતા અને પુરોહિતજી એમ ત્રણ હાજર હતાં. ત્યાં તેમણે અમને બંનેને શ્રીકૃષ્ણ-બલરામના ભવિષ્યની આગાહી કહી સંભળાવી. તેમાંથી તમને જેટલું કહી શકાય એટલું હું તમને કહું છું.'

'ભલે, ભલે બાવા! અમારા શ્રીકૃષ્ણ વિષે સાંભળવામાં અમને આનંદ આવશે, જરૂરથી કહો.'

'ગર્ગાચાર્યજીએ કહ્યું કે પૃથ્વી ઉપર સમયને ચાર યુગોમાં વહેંચવામાં આવેલો છે. સત્યયુગ, ત્રેતાયુગ, દ્વાપરયુગ, અને કલિયુગ. દરેક યુગમાં ભગવાન સ્વયંમ મનુષ્યરૂપે પૃથ્વી ઉપર પ્રગટ થાય છે અને પૃથ્વીનો વધેલો ભાર હળવો કરે છે. સત્યયુગમાં ભગવાનના અંગનો રંગ શ્વેત હતો. ત્રેતાયુગમાં લાલ હતો. દ્વાપરયુગમાં પીળો હતો અને હવે કલિયુગમાં શ્યામ રંગ ધારણ કરેલો છે. અહીં વર્ણનો અર્થ જાતિ પણ થઇ શકે. આ બાળકના અગાઉ ત્રણ જન્મ થયા. સત્યયુગમાં તેઓ પરશુરામ સ્વરૂપે બ્રાહ્મણ કુટુંબમાં પ્રગટ થયા, ત્યારે સૌ તેમને રામ કહેતા. બીજા જન્મમાં તેઓ ક્ષત્રિય કુટુંબમાં પ્રગટ થયા, ત્યારે તેમનું નામ રામચંદ્ર પડયું. ત્રીજા જન્મમાં તેઓ વૈશ્ય પુત્ર તરીકે પ્રગટ થયા. તેઓ મારા પુત્ર હોવાથી વૈશ્ય પુત્ર છે. તેમને રામ એટલે બલરામ કહેવામાં આવ્યા છે. આ હકીકત સામાન્ય લોકો પણ જાણે છે. પુરાણોમાં પણ આ વાત પ્રસિદ્ધ છે.'

'ગર્ગાચાર્યજીએ મને એમ પણ કહ્યું હતું કે વ્રજરાજ! તમારો આ પુત્ર કોઇક સમયે અને સ્થળે કોઇક વસુદેવ નામના પુરુષને ત્યાં પહેલાં જન્મ્યો હતો. માટે તેનું નામ વાસુદેવ છે. તે મૂળ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન વિષ્ણુનું સ્વરૂપ છે. તેથી તેઓ લક્ષ્મીપતિ પણ કહેવાય છે. વસુ એટલે લક્ષ્મી, તેના દેવ એટલે પતિ તે વાસુદેવ. ગર્ગાચાર્યજીએ મને મોંઘમ આ વાત કહી હતી. તેમણે ચોક્કસ સ્થળ કે સમય બતાવ્યાં ન હતાં.'

'ગર્ગાચાર્યજીએ અમને કહ્યું કે, આ પુત્રના ગુણ અને કર્મ અલૌકિક છે. તેમને યોગ્ય તેમનાં ઘણાં નામો છે અને તે પ્રમાણે તેમનાં ઘણાં રૂપો છે, જે અત્યારે પૃથ્વી ઉપર હું એકલો જ જાણું છું. તમારો આ પુત્ર તમારું કલ્યાણ કરશે, તે ગોવાળ, ગોકુળ અને ગાયોને આનંદ આપશે. તેને લીધે તમે તમારી મુશ્કેલીઓને સહેલાઇથી તરી જશો, હે વ્રજપતિ! તમે નાના રાજ્યના રાજા છો. એટલે તમને કદાચ ખબર ન હોય. તમારા આ બાળકે અગાઉના જન્મોમાં અનેક દૈત્યોનો સંહાર કર્યો હતો. જે મહાભાગ્યશાળી મનુષ્યો કૃષ્ણજી ઉપર પ્રેમ રાખે છે, તેમના પક્ષે વિષ્ણુ ભગવાન હોય છે. દૈત્ય જેવા શત્રુઓ તેમને હરાવી શકતા નથી. તમારો આ પુત્ર ગુણો વડે, લક્ષ્મી વડે, કીર્તિમાં અને પ્રભાવથી નારાયણ સમાન છે. માટે તેનાં કાર્યો બધાં અલૌકિક હશે, તેથી તમારે આશ્ચર્ય પામવું નહિ અને તેમાં કોઇ શંકા પણ કરવી નહિ. ગર્ગાચાર્યજીએ વિશેષમાં એમ પણ કહ્યું કે તેઓ નારાયણનું સ્વરૂપ છે. આ પ્રમાણે મને ગર્ગાચાર્યજીએ ભવિષ્યકથન કર્યું હતું. મેં મારા પુત્ર શ્રીકૃષ્ણનું પુષ્કળ તેજ અને પ્રભાવ અનેક વખત જોયા છે. મને શ્રીકૃષ્ણ માટે કોઇ સંદેહ કે આશ્ચર્ય નથી.'

નંદબાવાનાં આ વચનો સાંભળીને વ્રજવાસીઓનો સંદેહ દૂર થયો. તેમને ખાત્રી થઇ કે અમારા નંદબાવાના પુત્ર સ્વયંમ ભગવાન નારાયણ જ છે. નંદબાવા જ એટલા મહાન છે કે તેમના ત્યાં જ ભગવાનનો જન્મ થયો. આવા નંદબાવા આપણા રાજા છે, એમ જાણી સૌ વ્રજવાસીઓને આનંદ થયો. તેમણે નંદબાવા અને શ્રીકૃષ્ણની ફરીથી પૂજા કરી. વ્રજવાસીઓનો સર્વ સંદેહ દૂર થયો. તેમના હૃદયમાં ભગવાનનું

માહાત્મ્ય સુદૃઢ થયું. આમ સૌએ ભગવાન શ્રીકૃષ્ણના અલૌકિક માહાત્મ્યને જાણીને તેમનો જયજયકાર કર્યો.

સબ બ્રજકે આનંદકંદ ગોકુલપતિ નાયક ।
સુંદર કોમલ કર ગોવર્ધન સુખ લિયો
ગોપી ગ્વાલ ગાયન સુખદાયક ॥૧॥
શેષ રટે પાર ન પાવે મુનિજન કે ધ્યાન ન આવે ।
બ્રહ્મા તો ભૂલિ રહ્યો શિવ જાકે પાયક ॥૨॥
જો અખિલ લોકપાલ બ્રજપતિ પિય સંદેઇ ગોપાલ ।
જાકોં નંદ નેતિનેતિ કહિ ગાયક ॥૩॥

આ પ્રસંગ દ્વારા શ્રીમહાપ્રભુજી આપણને પુષ્ટિના માર્ગ ઉપર ચાલવાની રીત અને પ્રીત સમજાવે છે. ભક્તિની વ્યાખ્યામાં તેનાં બે લક્ષણો બતાવવામાં આવ્યાં છે. (૧) પ્રારંભમાં ભગવાનના સ્વરૂપ, ગુણો અને લીલાઓનું જીવને પૂરું જ્ઞાન થવું જોઇએ. (૨) તે જ્ઞાનના પરિણામે ભગવાનમાં સુદૃઢ અને સર્વથી અધિક પ્રેમ થવો જોઇએ. ત્યારે ભક્તિ સિદ્ધ થઇ એમ કહેવાય. ભગવદ્ સ્વરૂપના જ્ઞાન માટે ભગવદ્ કથાનું શ્રવણ, કીર્તન અને સ્મરણ એ મુખ્ય ઉપાયો છે, તેને શ્રવણ, કીર્તન અને સ્મરણ ભક્તિ અથવા નામસેવા કહેવામાં આવે છે. માટે શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગીય મોક્ષમાં પ્રથમ સ્મરણને સ્થાન આપ્યું છે. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે શાસ્ત્રોને જાણીને મન, વચન અને શરીરથી શ્રીકૃષ્ણનું સ્મરણ અને સેવા કરવાં જોઇએ. સ્વરૂપજ્ઞાન વિના સ્વરૂપમાં આસક્તિ સંભવતી નથી. તેથી સ્વરૂપજ્ઞાન એ ભક્તિનો પાયો છે. અત્યાર સુધી વ્રજવાસીઓને પ્રભુના કૃપાબળથી પ્રભુના સ્વરૂપમાં નિરોધ થયો હતો. પ્રમેયની પ્રાપ્તિ થવા છતાં પ્રમાણની પ્રાપ્તિ થઇ ન હતી. પ્રમાણની પ્રાપ્તિ વિના પ્રમેયની દૃઢતા રહેતી નથી. તેથી પ્રમાણને કાંટાળી વાડ કહેવામાં આવે છે. અને પ્રમેયને પુષ્પનો સુંદર છોડ કહેવામાં આવે છે. છોડ અને પુષ્પના રક્ષણ માટે, પ્રમેયમાં પ્રીતિ માટે પ્રમાણ જરૂરી છે. ભગવદ્ કથાનું શ્રવણ, સ્મરણ અને ચિંતન ઘટતું ગયું તેને લઇને આપણામાં ભગવદ્ સ્વરૂપ માટે અજ્ઞાન અને અન્યથા જ્ઞાન વધતાં ગયાં. તેથી સ્વરૂપમાંથી આપણી આસક્તિ અને ભાવ ઘટતો ગયો. પરિણામે આપણું ચિત્ત પ્રભુના સ્મરણમાં કે પ્રભુની સેવામાં લાગતું નથી.

નામસેવાની સાથેસાથે થતી સ્વરૂપસેવા આપણા મનનો સુદૃઢ રીતે નિરોધ કરે છે. તેથી જ ચિત્ત પ્રભુમાં એકાગ્ર થાય છે. માટે પુષ્ટિ પ્રકારે સેવા કરનાર વૈષ્ણવોએ શ્રીમહાપ્રભુજીના ગ્રંથોને સારી રીતે સમજવાનો પ્રયત્ન પણ કરવો જોઇએ. કેવળ ગ્રંથો વાંચી જવાથી શ્રીઠાકોરજીના માહાત્મ્યનું જ્ઞાન થતું નથી. અને માહાત્મ્યજ્ઞાન વિના શ્રીઠાકોરજીના સ્વરૂપમાં સર્વાંગ સંપૂર્ણ ભાવ જાગતો નથી. ભાવ વિના કરેલી સેવા કેવળ ક્રિયારૂપ રહેતી હોવાથી સેવા કરનારને તે કંટાળાજનક અને બોજારૂપ લાગે છે. વાસ્તવમાં તો સેવા એ જ પુષ્ટિમાર્ગીય મોક્ષ છે. સેવા એ જ પુષ્ટિ જીવને પ્રાપ્ત થતું સર્વોચ્ચ પરમ ફળ છે. આવી સેવા કરવાનો સાચો અધિકાર માહાત્મ્યજ્ઞાન પ્રાપ્ત થયા પછી જ મળે છે. આ વાત આપણે સૌએ સતત યાદ રાખવા જેવી છે.

■

પ્રકરણ : ૭

‘સુરરાજ આજ પાયન પર્યો’

સ્વર્ગના રાજા ઇન્દ્રે જોયું કે શ્રીકૃષ્ણે ગિરિરાજ ધારણ કરીને સમગ્ર વ્રજને અભયદાન આપ્યું છે. તેથી તે ખિસિયાણો પડી ગયો. તેનું અભિમાન ઓગળી ગયું. તેણે નજરોનજર જોયું કે તેના બારેય મેઘ વ્રજનો પ્રલય કરી શકયા નથી. અંતે ઇન્દ્ર થાકયો. તે કૃષ્ણના માહાત્મ્યને ઓળખી શક્યો. તેને ખાત્રી થઇ કે ત્રિભુવનમાં તેનાં કરતાં અનેક ગણી મોટી દિવ્ય શક્તિ છે. તે શક્તિએ જ આ ગોકુલવાસીઓને બચાવ્યા છે અને તેમનું રક્ષણ કર્યું છે. શ્રીકૃષ્ણ મનુષ્ય બાળક નથી, પરંતુ દેવાધિદેવ એવા સાક્ષાત ભગવાન છે. તે વિના આવું મહાપરાક્રમ શક્ય જ નથી. તેણે વરસાદ, વાયુ અને વિજળી બંધ કરાવ્યાં, વાતાવરણ શાંત થયું. તે પોતે છોભીલો બનીને ભગવાન શ્રીકૃષ્ણ પાસે તેના અપરાધની ક્ષમા માંગવા આવ્યો. પોતાની સાથે સુરભિ ગાય અને અન્ય દેવોને પણ સાથે લઇને ઇન્દ્ર વ્રજમાં આવ્યો.

શ્રીમહાપ્રભુજી આ પ્રસંગનાં ‘સુબોધિની’માં આજ્ઞા કરે છે કે ભગવાન શ્રીકૃષ્ણે ગિરિરાજ ધારણ કરીને ગાયોનું પણ રક્ષણ કર્યું હતું. તેથી ઇન્દ્રની સાથે ગાયોનું આધિદૈવિક સ્વરૂપ એવી કામધેનુ સુરભિ ગાય ભગવાનનો આભાર માનવા માટે આવી. શ્રીકૃષ્ણે વ્રજની રક્ષા કરવાની સાથે ઇન્દ્રનો ગર્વ પણ ઉતાર્યો. તેમણે ઇન્દ્રને ખાત્રી કરાવી કે ઇન્દ્રના પણ ઇન્દ્ર છે. તેમ કરીને ઇન્દ્રાભિષેકનો સ્વીકાર કર્યો. આમ કરીને પ્રભુએ સર્વ ભગવદ્‌કાર્યો સિદ્ધ કર્યા.

પોતાના અપરાધથી લજ્જા પામેલો ઇન્દ્ર ભગવાન શ્રીકૃષ્ણ પાસે આવ્યો. તેના સૂર્ય સમા તેજસ્વી મુકુટને ભગવાનનાં બે ચરણકમળમાં મૂકી દંડવત્ કરી, ભગવાનનાં ચરણસ્પર્શ કર્યા. તે ભગવાન પાસે એકાંતમાં ગયો, કારણ કે તેણે વ્રજમાં ઉપદ્રવ કરી, ભગવાનનો અપરાધ કર્યો હતો. તેમાં પણ તે માનભંગ થયો હોવાથી જાહેરમાં જતાં તે લજ્જાથી પિડાતો હતો. ભગવાનના ઠપકાની તેને બીક હતી. અભિમાન રાખીને જો તે ન જાય તો ગુસ્સે થયેલા ભગવાન તેનો સર્વનાશ કરે. તેથી તે લજ્જા પામતો ડરતો-ડરતો એકાંતમાં ભગવાન પાસે ગયો. વળી તે જાણતો હતો કે ભગવાન એવા દયાળુ છે કે કોઇપણ અપરાધી તેમના ચરણકમળમાં માથું મૂકી શરણે જઇ ક્ષમા માગે તો ભગવાન તરત જ તેનો અપરાધ માફ કરે છે. તેથી તે ખુલ્લા પગે અને મસ્તકનો મુકુટ હાથમાં લઇ એકાંતમાં ભગવાન પાસે આવ્યો.

ઇન્દ્રે આ પહેલાં શ્રીકૃષ્ણનાં પ્રભાવની વાત સાંભળી હતી. તેણે આજે ભગવાનનું અમાપ તેજ પણ જોયું. ત્રિલોકના રાજા તરીકેનું ઇન્દ્રનું અભિમાન ઉતરી ગયું. ભગવાન શ્રીકૃષ્ણની સામે બે હાથ જોડી, તેણે ભગવાનની સ્તુતિ કરી. આ સ્તુતિ ઇન્દ્રે દશ શ્લોકથી કરી છે.

ઇન્દ્રે કહ્યું: ‘હે પ્રભુ! આપનું ધામ સાત્ત્વિક, શાંત અને તપથી ભરપૂર છે. ત્યાં રજોગુણ, તમોગુણ નાશ પામેલા છે. આ જગત અહંતા-મમતાની માયાથી ભરપૂર છે. તેથી જગતમાં રહેલા મનુષ્યો તમારા સ્વરૂપને જાણી શકતા નથી. જગતના જીવોમાં સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણો વિશેષ પ્રમાણમાં રહેલા છે. શાંત અને પવિત્ર જીવન ગાળતાં જીવોમાં સત્ત્વ ગુણ વિશેષ પ્રમાણમાં હોય છે. ભૌતિક સુખની દોડાદોડી કરતા લોકોમાં રજોગુણ વધારે હોય છે. મારામારી અને ક્રોધ કરનારાઓમાં તમોગુણ વધારે હોય છે. આવા વિકારોને કારણે જગતના જીવો અહંતામમતાના મિથ્યા સંસારમાં ડૂબેલા છે. તેથી તેઓ આપના સ્વરૂપને અને માહાત્મ્યને સમજી શકતા નથી. હું પણ આ પૈકીનો એક હોવાથી આપના સ્વરૂપને જાણી શક્યો નથી, તેથી આપ મને ક્ષમા કરો.’

‘ક્રોધ, લોભ, મોહ, મદ અમારા જેવા અજ્ઞાની પુરુષોમાં હોય છે.

આપ સર્વ સત્તાધીશ વિભુ છો. આવા લૌકિક વિકારો આપનામાં સંભવિત નથી. ધર્મના રક્ષણ માટે અને દુષ્ટ પુરુષોનો નિગ્રહ કરવા માટે આપ અપરાધીઓને દંડ આપો છો. આપ આપનો ધર્મ નિભાવો છો. તેમાં કશું ખોટું નથી. આજે પણ આપ આપનો ધર્મ નિભાવવા માટે જ મારા ઉપર કદાચ ગુસ્સે થયા છો. પરંતુ હું જાણું છું કે આપ નિર્ગુણ છો. આપનામાં ક્રોધ જેવી કોઇ ચીજ નથી. તેથી આપ ગુસ્સે થયા છો, તેમ કહું તો તે મારું અજ્ઞાન છે.'

'હે પ્રભુ! તમે પિતા છો, ગુરુ છો, જગતના શાસક છો. કાલના પણ કાલ છો, દંડ દેનારા યમ છો, અમારા જેવાનું અભિમાન ઉતારનારા છો, અમારા કલ્યાણ અને મોક્ષ માટે અમને દંડ દેનાર છો, પુત્ર અનિષ્ટ કરે તો પિતા તેને દંડ આપે છે. શિષ્ય સદાચાર ન આચરે તો ગુરુ તેને શિક્ષા કરે છે. પ્રજા કાયદાનું ઉલ્લંઘન કરે તો રાજા તેને ન્યાય આપે છે. જગતના જીવો ખોટું અભિમાન કરે, ઉપદ્રવ કરે તો તેમના કલ્યાણ માટે તમે તે જીવોને સજા કરો છો.'

'હે પ્રભુ! હું મારી જાતને ઇશ્વર માનતો હતો. મારા જેવા અભિમાનીઓને તેમના અંતકાળે આપના ભયંકર કાળસ્વરૂપનાં દર્શન થાય છે. ત્યારે તેમનો ગર્વ ઊતરી જાય છે. તેમનું મન શુદ્ધ અને પવિત્ર બનતાં આત્મકલ્યાણના માર્ગે પ્રેરાય છે. આપે મને પણ મારા આત્મકલ્યાણનો માર્ગ બતાવ્યો છે.'

'હું મૂઢ બુદ્ધિવાળો અને ચિત્તવાળો છું. આપના પ્રભાવને ન જાણવાથી મેં આપનો અપરાધ કર્યો છે. પરંતુ આપ મને માફી આપવાને યોગ્ય છો. હું આપને ખાત્રી આપું છું કે ફરીથી આવી દુષ્ટ બુદ્ધિ નહિ કરું. હે પ્રભુ! હવે મારી બુદ્ધિ ઠેકાણે આવી છે. હું આત્મકલ્યાણના માર્ગે વળ્યો છુ. હું આપના ચરણની સેવા સ્વીકારું છું. તો આપે મારી રક્ષા કરવી જોઇએ. સંસારમાંથી મને નિવૃત્ત કરવા આપ મારા મોક્ષના સાધનરૂપ બનો.'

'હું તમને એટલે ભગવાનને, તમારા પરમ પરોક્ષ રૂપને, વાસુદેવ કૃષ્ણને, યાદવોના પતિને નમસ્કાર કરું છું. '

ઇન્દ્ર હવે આત્મકલ્યાણના માર્ગે વળ્યો છે. તેમાં ભગવદીયપણુ આવ્યું છે. એટલે તે દશ પ્રકારની લીલાવાળા ભગવાનને નમસ્કાર કરે છે. ઉપર પ્રમાણે ઇન્દ્રે શ્રીકૃષ્ણની સ્તુતિ કરી, ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે ગંભીર વાણીથી હસતાં હસતાં ઇન્દ્રને આજ્ઞા કરી, 'હે ઇન્દ્ર! મારી આપેલી લક્ષ્મીથી તને ઘણો ગર્વ થયો હતો. તને નિત્ય મારું સ્મરણ રહે તે માટે મેં તારા યજ્ઞનો ભંગ કરી, તારા ઉપર અનુગ્રહ કર્યો છે.'

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે જેને ભગવાન પોતાનો ગણીને અપનાવે છે, તેના કોઇપણ કારણને લઇને ભગવાનનો આશ્રય છૂટી જાય અને ગર્વ થાય ત્યારે તે જીવને બચાવવા માટે ભગવાન કૃપા કરીને એવી લીલા કરે છે કે તેને તેના દોષોનું સંપૂર્ણ ભાન થાય અને તેનો ગર્વ ઉતરી જાય.

શ્રીકૃષ્ણે ઇન્દ્રને આજ્ઞા કરી : 'શિક્ષાને મારી કૃપા માનજે. જો મેં તારા યજ્ઞનો ભંગ ન કર્યો હોત તો તારો ગર્વ ઉતરત નહિ, અને તને મારું સ્મરણ રહેત નહિ. વારંવાર મારું સ્મરણ થાય તેને મારી કૃપા સમજવી. જે કોઇ જીવ સતત લક્ષ્મીના અભિમાનથી આંધળો બની જાય છે, તે મને જોઇ શકતો નથી. આવા જે જીવો ઉપર હું કૃપા કરું તેની સત્તા, લક્ષ્મી કે વૈભવનો હું નાશ કરું છું.'

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે ભગવાન સંસારવૈરી છે. ભગવાન જેના .પર કૃપા કરે છે, તેનાં લૌકિક, વૈદિક કાર્યો તેઓ સિદ્ધ થવા દેતા નથી. ભગવાન જેને પોતાનાથી દૂર હડસેલવા ઇચ્છે છે, તેને જ લૌકિક ભોગ આપે છે અને તેમાં રચ્યાપચ્યા રાખે છે. ભગવાન જેને પોતાના બનાવવા ઇચ્છે છે, તેની સંસારની આસક્તિ છોડાવે છે. જે જીવને જે વસ્તુ કે વ્યક્તિમાં વધારે આસક્તિ હોય તેનો ભગવાન નાશ કરે છે. માટે વૈષ્ણવોએ ભગવાન પાસે સંપત્તિ ન માંગતાં અનુગ્રહનું દાન

માગવું જોઈએ. ભગવાન જ્યારે આપણી આસક્તિનો નાશ કરે છે, ત્યારે તે જીરવવાની શક્તિ પણ આપે છે.

શ્રીકૃષ્ણે પ્રસન્નતાથી ઈન્દ્રને આજ્ઞા કરી, ‘હે ઈન્દ્ર! તારું કલ્યાણ થાવ. હવે તમે જાવ. તમે મારી આજ્ઞામાં રહેજો. ક્રોધ છોડી દઈને તમારા અધિકાર પ્રમાણે વર્તજો.’

ત્યારબાદ કામધેનૂ સુરભિ ગાયે ભગવાન શ્રીકૃષ્ણને અભિનંદન આપ્યાં. ગોવાળના સ્વરૂપમાં સામે બિરાજતા ભગવાન શ્રીકૃષ્ણને ગાયે વિનંતી કરી : ‘મારાં સંતાનો એવી આ ગાયો અને વાછરડાનું આપે રક્ષણ કર્યુ ન હોત તો આજે અમારી શી દશા થઈ હોત! તેથી સર્વ ગાયો વતી હું આપને અભિનંદન આપું છું. આપનો અભિષેક કરવાની અમને ખાસ ઈચ્છા છે. તો તે માટે આપ સંમતિ આપો. હે કૃષ્ણ! હે મહાયોગી, હે વિશ્વાત્મા, હે અચ્યુત! અમો આપના વડે જીવીએ છીએ. તમે જ અમારા ઈન્દ્ર છો. ગાયો, બ્રાહ્મણો, દેવો અને ભક્તોના રક્ષણ માટે આપ અમારા ઈન્દ્ર થાવ. આપ અમારું રક્ષણ કરો. આપનો ઈન્દ્ર તરીકેનો અભિષેક કરવા માટે બ્રહ્માએ પણ અમને સંમતિ આપી છે.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે અભિષેક સંસ્કાર છે. આ સંસ્કાર થાય ત્યારે તે ઈન્દ્ર ગણાય. આ અભિષેક કરવાનો અધિકાર બ્રહ્માને છે. બ્રહ્માની પ્રેરણાથી જ અને તેમની સંમતિથી કામધેનુએ ભગવાન શ્રીકૃષ્ણને વિનંતી કરી હતી. બ્રહ્માજીએ કામધેનુને એમ કહ્યું હતું કે પૃથ્વીનો ભાર ઉતારવા માટે થોડા સમય પૂરતો જ ભગવાને શ્રીકૃષ્ણ રૂપે અવતાર લીધો છે. તેમનું આ કાર્ય પૂરું થયેથી પોતે નિજધામમાં પધારશે. માટે આ અભિષેકનું કાર્ય સત્વરે થવું જોઈએ.

સુરભિ ગાયની દીનતા અને પ્રેમભરી વિનંતી સાંભળીને ઈન્દ્રાભિષેક માટે શ્રીકૃષ્ણે સંમતિ આપી. સુરભિ ગાયે પોતાના દૂધ વડે ભગવાનનો અભિષેક કર્યો. સૂરભિ શબ્દના અનેક અર્થ છે, જેમ કે સુગંધ, પૃથ્વી, દેવમાતા, કામદુર્ગા વગેરે. સુરભિ દેવમાતા હોવાથી પોતાના પુત્ર સમાન ઈન્દ્રના રક્ષણ માટે તેમણે ભગવાનની સંમતિ મેળવીને પોતાના દૂધ વડે ભગવાનનો અભિષેક કર્યો.

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે આ પ્રસંગથી ગોવધ બંધ થયો. કોઈ જાણે અજાણે ગોવધ કરે તો મહાપાતક ગણાવા લાગ્યું. ગોવધ વેદમાં પ્રમાણિત હોવા છતાં ભગવાન શ્રીકૃષ્ણે ગોવધ બંધ કરાવ્યો. ભગવાન શ્રીકૃષ્ણના અભિષેક માટે ઐરાવત હાથી આકાશગંગામાંથી પવિત્ર જળ સૂંઢમાં ભરીને લાવ્યો હતો. ઐરાવત હાથીની સૂંઢને તીર્થરૂપ ગણવામાં આવી છે.આકાશગંગા નિત્ય છે. તેથી ઐરાવત હાથીની સૂંઢમાં ભરેલું જળ પુષ્કર તીર્થના જળ જેટલું ઉત્તમ અને પવિત્ર ગણાય છે. આમ સુરભિ ગાયે પોતાના દૂધથી અને આકાશગંગાના જળથી ભગવાન શ્રીકૃષ્ણનો અભિષેક કર્યો.

તે સાથે સાથે દેવરાજ ઈન્દ્ર અને દેવર્ષિઓએ પણ દૂધ અને જળથી ભગવાનનો અભિષેક કર્યો. સૌએ ભગવાન શ્રીકૃષ્ણને ‘ગોવિંદ’ પદવી પ્રદાન કરી. ગોવિંદ એટલે ગાયોના ઈન્દ્ર. ભગવાન ગોવિંદ કહેવાયા. આ સમયે શ્રીકૃષ્ણને આ ઉપરાંત અન્ય પદવીઓ પણ પ્રદાન થઈ. કોઈકે તેમને ઈન્દ્રેન્દ્ર કહ્યા. કોઈકે તેમને દેવેન્દ્ર કહ્યા. કોઈકે સુરભેન્દ્ર કહ્યા, કોઈકે વ્રજેન્દ્ર કહ્યા. કોઈકે તેમને ગોપેન્દ્ર પણ કહ્યા. આ બધી પદવીઓમાં ગોવિંદ પદ સવિશેષ પ્રચલિત બન્યું છે.

ભગવાન શ્રીકૃષ્ણનો આમ ઈન્દ્રાભિષેક થયો, ત્યારે તંબરું અને નારદ નામના અગ્રણી ગંધર્વો, વિદ્યાધરો, સિદ્ધો અને ચારણો પણ ત્યાં આવ્યા હતા. લોકના સર્વ પાપને દૂર કરનારા ભગવાનનાં મંગલ યશોગાન સૌએ ગાયાં. તેમની સાથે અપ્સરાઓ પણ આવી હતી, જે સામાન્ય રીતે ઈન્દ્રથી ડરતી હતી. તેમની એક મનોકામના હતી કે વ્રજની ગોપીઓની જેમ શ્રીકૃષ્ણ સાથે તેમને પણ રમણનું સૌભાગ્ય પ્રાપ્ત થાય. આજે આ પ્રસંગ આવી મળવાથી તેઓ નાચી ઊઠી. પૂરા ભાનથી શ્રીકૃષ્ણની સામે નૃત્ય કરી તેમને રીઝવવા લાગી.

ઇન્દ્રની સાથે આવેલા દેવગણોમાં ત્રણ મહાનુભાવો બ્રહ્મા, શંકર ાને વિષ્ણુ હતા. તેમણે ભગવાન શ્રીકૃષ્ણની સ્તુતિ કરી અને સ્વર્ગનાં વ્ય પુષ્પોની ભગવાન ઉપર વૃષ્ટિ કરી. ગાયોએ તેમનાં આંચળમાંથી ધનો સ્ત્રાવ કરી આખી પૃથ્વીને દૂધથી ભીંજવી દીધી. નદીઓમાં ાવિધ પ્રકારનાં રસનાં પૂર આવ્યાં. વૃક્ષોમાંથી મધ ઝરવા માંડ્યું. ખેડ્યા ગરનાં ખેતરોમાં અનાજ-ઔષધિ ઊગી નીકળ્યાં. પર્વતોએ તેમનામાં પાવેલાં મણિરત્નો બહાર પ્રગટ કર્યા. સ્વભાવથી ઘાતક એવા પશુઓ ર વિનાનાં બની ગયાં. આમ ત્રણેય લોક આ મંગલમય અભિષેકથી રમ આનંદ પામ્યા.

આ પ્રમાણે ગાયોના અને ગોવાળના પતિ ભગવાન શ્રીકૃષ્ણનો વિંદ તરીકે ઇન્દ્રાભિષેક પરિપૂર્ણ થયો. પછી દેવોથી વિંટળાયેલા ઇન્દ્ર ગવાનની રજા લઇને સ્વર્ગમાં ગયા. સમસ્ત વ્રજવાસીઓએ અને ર્ગવાસીઓએ ભગવાન શ્રીકૃષ્ણ-શ્રી ગોવિંદનો જયજયકાર કર્યો.

■